# કચ્છ રચના

KUTCH RACHANA (Gujarati Monthly)

Editor - BHAWANJI GALA

Vol. 4 Issue No. 11 5 - MAY - 2023 Price Rs. 15=00


## વણઉકેલાયેલ રહસ્ય બર્મુડા ટ્રાઈંગલ



## લાખોટા મ્યુઝિયમ : જામનગર

## રખડતાં ઢોરોની સમસ્યા અને છસરા પાંજરાપોળની મુલાકાત

# NOW SHOP ONLINE AT

# WWW.FOODSPOTINDIA.COM



SPMGROUP
SINCE 1967

FoodSpot®

For the taste of life

SHOP NO. 1 & 2, CITYVIEW BUILDING, DR. ANNIE BESANT RD., WORLI NAKA, OPP. KALPNA HOTEL, NEAR CITY BAKERY, MUMBAI - 18. TEL NO.: 022 24912116, 022 24912117 | 9029041515 / 1919

TILAK ROAD, OPP. HINGWALA MARKET, GHATKOPAR (E), MUMBAI - 77. TEL NO.: 022 25015600 / 022 25014160


DISCOVER THE BRIGHTEST ELECTRICAL SOLUTIONS FOR YOUR LIVING SPACE
LIGHTS & LUMINARIES
SWITCHES
MCBs & RCCBs
WIRES & CABLES
GreatWhite
Stylish switches that complement your interiors, MCBs & LEDs that save 80% energy, wires and cables that keep your world protected.
It's the future of bright... experience it to believe it.
GreatWhite Global Pvt. Ltd. 13th Floor, B-Wing, Peninsula Business Park, Senapati Bapat Marg,
Opp. Peninsula Corporate Park, Mumbai - 400013
Tel; (022) 30036565 Fax: (022) 30036564 lToll Free;1800 300 25252 l E-mail:- info@myanchor.in
GreatWhite
THE FUTURE OF BRIGHT
jadavji Anchorwala Enterprise l www.myanchor.in


9323500722
KESHAR
tea
KESHAR
TEA
Golden Tea
Golden Tea
SPECIAL PREMIUM
Buy now & GET 20%
Discount on MRP
Email : shreesaitea@yahoo.co.in / keshartea@yahoo.co.in
Website : www.keshartea.com
G-10, A.P.M.C Market No.1, Kirana Bazar, Vashi, Mumbai - 400 705

A Symbol of Quality



Chheda
dry fruits

**Chetanbhai Chheda**
**Chheda Dry Fruits Pvt. Ltd.**
292, Bhanu Jyoti,
L.N. Road,
Matunga,

No Branches

Dry Fruits, Sweet & Namkeen

24141672

# મુલચંદ લાલજી એન્ડ કું.

**Importers & Wholesale Dealers in :**

**NEWSPRINT, NEWSGLAZED, LWC & PRINTING PAPER**

**Administrative Office : 1st Floor, 229/231,**
**Perin Nariman (Bazar Gate) Street,**
**Fort, Mumbai-400 001.**

**Phone : (+91-22) 2261 7223, 2261 7878, 2261 7299**

**Fax : (+91-22) 2261 1207 - E-mail : ntdc@vsnl.com**

**Shop & Reg. Office : 202/203, Bora Bazar Street,**
**Near Jain Temple, Fort, Mumbai-400 001.**

ઈલેકટ્રીકલ્સ સામાન ખરીદવા માટે એક જ વિશ્વસનીય સ્થળ. ગુણવત્તાભર્યા સામાન માટે તેમજ વ્યાજબી ભાવ માટે એક જ વખતનું આપનું આગમન કાયમી નાતો બાંધશે.

## અશોક ઈલેકટ્રીકલ્સ

૧૧, પાઠક વાડી, મણી ભુવન,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૩૪૯, ૨૨૦૬ ૫૭૫૩.

## એશીયન ઈલેકટ્રીકલ્સ

૧૩૫, તવાવાલા બિલ્ડીંગ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૬ ૧૫૧૮, ૨૨૦૫ ૧૮૨૮.

**પી.વી.સી. કન્શીલ પાઈપ અને એસેસરીઝ**

પ્રીસીસીયન • પ્રેસ્ટોપ્લાસ્ટ • I.S.I.

**વાયર અને કેબલ**

ફીનોલેક્ષ • પોલીકેબ • એરીસ્ટો-કેબ • I.S.I.



**સ્વીચ**

એંકર રોમા • M.K. • નોર્થ વેસ્ટ
લીયોન ઈન્ટરનેશનલ • એરોલાઈટ એલીશ
પોઈન્ટર • વિનય • કોલર્સ • સાલઝર (જર્મની)



**ટ્યુબ ફીટીંગ**

અલ્ટ્રા-લાઈટ - ફીલીપ્સ - કોમ્પટન



**અને ઈલેકટ્રીકલ્સને લગતી દરેક આઈટમ**

**એમ.સી.બી. અને ઈ.એલ.સી.બી.**

ઈન્ડોકોપ • દાતાર • M.D.S. • સીમેન્સ

## એટલાન્ટા લાઈટ

૧૨૨, ઠરઠરવાલા બિલ્ડીંગ નં. ૩,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૦ ૬૬૫૫.

## એવન્યુ લાઈટ

૧૪૭, સાગર ભવન, પ્રીન્સેસ સ્ટ્રીટ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૪૪૫૫, ૨૨૦૧ ૫૫૪૪

ડેકોરેટીવ જુમ્મર • સાઈડ વૉલ ફીટીંગ • ડ્રેસીંગ લાઈટ • મીરર લાઈટ • બાથરૂમ લાઈટ • પેસેજ લાઈટ • એક્સક્લુસીવ હેલોજન તથા કન્શીલ P.L. ફીટીંગ



॥ શુભ લાભ ॥
સ્વર્ણમાલા
ફક્ત નામ નહીં, સહિયારી પ્રગતિનું પ્રતિક !
સુપર ડીલક્સ ક્વોલિટી હીરા અને ૯૧૬
BIS હોલમાર્ક એપ્રુવ્હડ સોનાની અલભ્ય
જ્વેલરી. શુભ પ્રસંગોએ રિધ્ધિ સિધ્ધિને
વધારતી દૈદિપ્યમાન જ્વેલરી
સ્વર્ણમાલા
અરસપરસના વિશ્વાસના પાયા પર અડીખમ ઊભેલો જ્વેલરી શો રૂમ
પારેખ માર્કેટ, એમ.જી.રોડ, રાજાવાડી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭.
ફોન : ૬૭૯૮૩૩૭૨, ૨૧૦૨૨૮૦૪, ૨૧૦૨૧૮૪૭


મનની શાંતી...
સૌથી અલગ સૌથી અનોખી
હેમ
प्रे · शि · य · स
अगरबत्ती
गुलाब
चंदन
मोगरा
અગરબત્તીયો
હેમ કૉર્પોરેશન
મુંબઇ • બૅંગલોર

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

૩૩૨, સર્વોદય કોમ.સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.ની પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧
(ઓ.) ૦૭૯-૨૫૫૦૪૪૮૧ (મો.) ૯૮૧૯૨૯૮૪૨૨



**કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ**

પ્રવિણભાઈ ભીમશી છેડા
વાઈસ ચેરમેન - પુનડી

❖ ❖

હરખચંદ ખીમજી ગંગર
ખજાનચી - ચુંનડી - હિંદમાતા

❖ ❖

ભવાનજી રામજી ગાલા
મે.ટ્રસ્ટી - ફરાદી

❖ ❖

બંસીલાલ મોરારજી છેડા
મે.ટ્રસ્ટી - કાંડાગરા

❖ ❖

ટ્રસ્ટીઓ
રમણીકલાલ દામજી ગાલા
સાંતાક્રુઝ-ફરાદી
ડીલાઈવ રોડ

C.A. શાંતિલાલ રાંભીયા
(સમાઘોઘા-મુલુંડ)

અમૃતલાલ સાવલા - ફરાદી

❖ ❖

કાયદાકીય માનદ્ સલાહકારો
તરૂણભાઈ શાહ (અમદાવાદ)
શંકરભાઈ સચદે (ભુજ-કચ્છ)

❖ ❖

સાથી-મિત્ર અને નિષ્ઠાવાન
કાર્યકર
ડૉ.જે.જે. રાવલ
વૈજ્ઞાનિક અને
ખગોળશાસ્ત્રના જાણકાર


# કચ્છ રચના


તંત્રી : ભવાનજી ગાલા
(મો. ૦૯૮૧૯૨૩૮૪૨૨)

સહતંત્રી : શામજી ગાલા — વ્યવસ્થાપક : મયુર ગાલા
મોબાઈલ : ૯૬૬૪૮૩૩૪૫૧ — મોબાઈલ : ૯૧૬૭૪૬૬૩૩૯
E-mail : kutchrachana332@gmail.com


**"કચ્છ રચના"**
દર મહિનાની ૫મી તારીખે દરેક વાચકને અમદાવાદથી પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં પોસ્ટ દ્વારા થતા વિલંબ અને અંક ન મળવા બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.

**સરનામામાં ફેરફાર કરવું હોય તો જૂનું અને નવું સરનામું વોટ્સઅપ પર મોકલવું - ૯૬૬૪૮૩૩૪૫૧**

## અંકો ન મળવાની ફરિયાદ

કચ્છ રચનાના અંકો દર મહિનાની તા.૨૨ સુધી ન મળે તો અમદાવાદ ઓફિસે ફરિયાદ કરવી.
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૪૮૧**
**(ટાઈમ : ૧૧ થી ૪)**

**મુંબઈમાં સંપર્ક :**
**કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ**
**C/o. ભાવેશ દામજી કુરીઆ**
ઈશ્વરકૃપા બિલ્ડીંગ, ૩જો માળ, રૂમ નંબર-૧૨, ઘનશ્યામ ગુપ્તે રોડ, ન્યૂ ડોન બોસ્કો હાઈસ્કૂલની બાજુમાં, ગાંવદેવી, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨. મો. : ૯૩૨૧૬૧૪૬૬૬




# નિઃસ્વાર્થ સેવાભાવના હોય, તો દાતા અને કાર્યકર આદર્શ સમાજ રથના બે પૈડા બની જાય છે



માનવી પોતે અન્ય પ્રાણીઓ, નાના મોટા જીવો અને પશુઓ કરતાં ઊંચો, તર્ક તથા બુધ્ધિ સંપન્ન પ્રાણી હોવાનું અભિમાન ધરાવે છે. આમ હોવા છતાં એમ જણાય છે કે તે પોતાના સ્વાર્થના હિતાર્થે પ્રકૃતિના નિયમોની અવગણના કરી વિવિધ જટિલ સમસ્યાઓના કળણમાં વધુને વધુ ઊંડો ઊતરતો જાય છે. અણુશક્તિનો ઉપયોગ આપણને સસ્તી વિજળી આપે છે, પણ તેનો દુરુપયોગ કરીને સર્વોપરી સત્તા હાંસલ કરવા સામુહિક વિનાશના શસ્ત્રો (પરમાણું બોમ્બ જેવા) બનાવી રેડીયો એક્ટીવ કચરાની વધતી જતી ભરતી પ્રતિ આપણને દોરી જાય છે. આધુનિક કૃષિ-ઉદ્યોગ જથ્થાબંધ બજારોમાં તમ્મર આવે, એવા વૈવિધ્યો અને અનાજની વિપુલતા જરૂર સર્જે છે, પરંતુ જમીનની ફળદ્રુપતાનો નાશ કરી પારિવારીક ખેતરનો મૃત્યુઘંટ વગાડે છે. એટલું જ નહીં, પણ ભૂમિગત જળનું પ્રદુષણ કરે છે. વળી પૃષ્ઠ ભાગ પરની કિંમતી માટીનો નાશ કરીને અનેક સમસ્યાઓ પેદા થાય છે.

માનવીની સ્વાર્થલક્ષી નીતિના કારણે સામાજિક, રાજકીય, આર્થિક અને સેવાલક્ષી ક્ષેત્રોમાં અનેક સમસ્યાઓ પેદા થાય છે. પરિણામે આજના માનવીના લોકજીવનનું સ્તર દિવસે દિવસે નીચે ઉતરતું જાય છે. વળી સમાજનું નેતૃત્વ મૂડીવાદી વ્યક્તિઓના હાથમાં ગયું હોઈ, નક્કર કોઈ કાર્યવાહી કરવાને બદલે દેખાડો કરવાની વૃત્તિ વધુ ને વધુ ખીલી રહી છે. પરિણામે ચેરીટી એકટ હેઠળ રજીસ્ટર થયેલ સંસ્થાઓ વેપારી વૃત્તિથી કામ કરી રહી છે. એક બાજુ સંસ્થાઓ દાન લે છે, બીજી બાજુ વેપારીવૃત્તિના કારણે લાભ લેનારને ઊંચા ચાર્જ ચુકવવા પડે છે. પરિણામે ઉચ્ચ મધ્યમ વર્ગી અને પૈસાદારો આવી સવલતોનો લાભ લે છે અને સામાન્ય માનવીઓની મોટાભાગની સંસ્થાઓમાંથી બાદબાકી થઈ ગઈ છે. મૂડીવાદી નેતાગીરી હંમેશા દેખાડો કરીને કામ કરવાની વૃત્તિથી સેવા આપવામાં માને છે. એમની પાસે કોઈ વિઝન નથી અને વૈચારીક રીતે તેઓ દરિદ્ર છે. હકીકતમાં દાતાઓ અને કાર્યકરો સમાજ રથના બે પૈડા છે. દાતાઓ જ્યારે પોતાના પસીનાની કમાણી દાન તરીકે આપે છે, ત્યારે તેની કદર અવશ્ય કરવી જોઈએ, એજ રીતે કાર્યકરો પોતાનો અમૂલ્ય સમયનો ભોગ આપી સમાજ સેવા કરે છે, તેમની પણ એટલી જ કદર કરવી જરૂરી છે. પણ નેતાગીરીનો દોર તો સામાન્ય વ્યક્તિનું હિત જેમના હૈયે હોય, એવી વૈચારીક વ્યક્તિના હાથમાં હોવો જોઈએ.

ચોમાસુ શરૂ થાય અને દેડકો તેની હાયબરનેશનની અવસ્થામાંથી બહાર આવે છે. આ સમયે દેડકાનું ડ્રાઉં ડ્રાઉંનું સંગીત સાંભળવું આપણને સૌને ગમે છે. સામાન્ય રીતે વર્ષાઋતુ પૂરી થાય અને જમીન ઉપરનું પાણી અદશ્ય થતાં જ દેડકો પોતાની કાયાને સંકોરી લઈને જમીનમાં ચાલ્યો જાય છે અને તેની ફરતે માટીનું પડ રચાઈ જાય છે. આ અવસ્થાને આપણે હાયબરનેશન (શીત સમાધિ) કહીએ છીએ.



સમાજના કેટલાંક કાર્યકરોને હાઈબરનેશનની અવસ્થા સદી ગઈ છે. તેઓ ચૂંટણી સમયે 'વોટ વોટ' કરતા બહાર આવે છે અને ચૂંટણી પૂરી થતાં પાછા હાઈબરનેશનની અવસ્થામાં ગોઠવાઈ જાય છે. આવા કાર્યકરો સમાજ માટે ભારરૂપ હોય છે. તેમના હસ્તે સમાજના હિતાર્થે કોઈ નક્કર કામ થતું નથી, એટલું જ નહીં, પણ તેઓ પોતાની હાયબરનેશનની અવસ્થાને મરણપર્યંત જીવંત રાખીને પોતાના સમાજ જીવનને વેડફી રહ્યાં હોય છે.

આજે સમાજમાં દેડકાના હાયબરનેશનને પણ શરમાવે એવી કેટલાંક કાર્યકરોની પ્રકૃતિ આપણા સૌ માટે એક કોયડો થઈ પડી છે. અખબારોનું કામ લોકોને જગાડવાનું છે. પણ શીત સમાધિ લેનાર આવા કાર્યકરોને અખબારો પણ જગાડી શકતા નથી. કારણ કે આવા લોકોમાં એક પ્રકારની લાગણીશૂન્યતા વ્યાપી ગઈ છે. તેઓને સાચા-ખોટાનું ભાન હોતું નથી. વળી સૂતેલાને જગાડી શકાય, પરંતુ જાગેલાને જગાડી શકાતા નથી. આવા હાયબરનેશનવાળા લોકો આમ જોવા જઈએ, તો તેઓ જાગતા હોય છે, એટલે તેમને આપણે જગાડી શકાતા નથી.

આવા કાર્યકરોને આ હાયબરનેશનની અવસ્થા કોઠે પડી ગઈ હોઈ, તેઓ આત્મવિશ્વાસ ખોઈ બેઠા છે. પરિણામે આળસુ લોકોની જેમ આયોજન વગર આડેધડ જિંદગી જીવતા હોય છે. સિધ્ધાંત વિહોણું તેમનું જાહેર જીવન અનેક દૂષણોથી ભરેલું હોય છે. અપ્રમાણિકતા, દુરાચાર, કુટેવો, ભ્રષ્ટાચાર, નિર્લજ્જતા વગેરે અનેક દૂષણો તેમનામાં ઘર કરી ગયાં હોય છે. આવા લોકો સમાજ પર ભારરૂપ થઈને પડ્યા હોય છે અને ચૂંટણી આવે ત્યારે 'વોટ વોટ' કહીને બહાર આવે છે, ત્યારે આપણે વધુ સાવચેત થઈ જવાની જરૂર છે.

પણ આ સમસ્યાનો ઉકેલ છે અને તે ઉકેલ અખબારો પાસે છે. જો અખબારમાં કામ કરતા પત્રકારો આવા લોકોને નિયંત્રિત કરવા સંકલ્પ કરે અને તે પ્રમાણે પોતાનું લેખન કાર્ય કરે, તો સમાજની આ સમસ્યા કંઈક અંશે હળવી બની શકે એમ છે.

સામાન્ય રીતે આવા કાર્યકરોની પ્રકૃતિ એવી હોય છે કે આપણે તેના પગ પકડવા જઈએ, તો તેઓ આપણને લાત મારે, પણ જો આપણે લાતથી વ્યવહાર શરૂ કરીએ, તો તેઓ આપણા પગ ચાટવા દોડી આવે. આ લાત પગથી મરાય એવું ય નથી. પત્રકારોએ આવા હાયબરનેશનવાળા કાર્યકરોને જો નિયંત્રિત રાખવા હોય અને તેમની હાયબરનેશનની અવસ્થા દૂર કરવી હોય, તો કલમ દ્વારા લાત મારવાની વૃત્તિ રાખીને જોરદાર લપડાક લગાવવી જોઈએ. પરિણામે તેઓ અખબારોના પગ ચાટવા દોડી આવશે.


**ગ્રાહકનો સંતોષ એજ અમારો મુદ્રાલેખ છે**

ઉત્તમ મો. : ૯૩૨૦૧૪૪૨૮૨
સુનીલ મો. : ૭૦૨૧૬૫૦૧૯૩

**SHETHIA PLASTICS**

મેન્યુફેક્ચર્સ :
HM, LD, PP
પ્લેન રોલ અને
પ્રિન્ટેડ કેરી બેગ્સ

સ્પેશ્યાલીસ્ટ :
મલ્ટીકલર
કેરી બેગ્સ ૧૨ કલરમાં
ફ્લેકસો પ્રિન્ટીંગ

ફેક્ટરી : ૫-૬, બાલાજી ઈન્ડ. એસ્ટેટ, સોમનાથ નાકા,
લાલજી મુળજી ટ્રાન્સપોર્ટની સામે, ડાભેલ-દમણ.
E-mail : p.bag12@gmail.com

**Mfg in : Multi Colour flexo Printing in pp woven & Nonwoven Carry Bags**

વાલિયા લૂંટારાને પશ્ચાતાપ થતાં લાંબી સમાધિ લગાવી તો, તેના શરીરની આસપાસ માટીનો રાફડો થઈ ગયો અને જ્ઞાનરૂપી વર્ષા થતાં વાલિયો વાલ્મીકિ બની ગયો. વાલિયાનું હાયબરનેશન સમાજ માટે ફાયદારૂપ થઈ ગયું. જ્યારે આપણે જે કાર્યકરોની વાત કરી રહ્યાં છીએ, તે કાર્યકરોએ પોતાની સત્તાલાલસાના કારણે શીત સમાધિ લગાવી છે, તે સમાજ માટે નુકસાનકારક હોઈ, અખબારોએ કલમ દ્વારા તેમને હડધૂત કરવા જોઈએ, તો જ તેમની શાન ઠેકાણે આવશે.


ધાર્મિક ક્ષેત્રે ધર્મના મૂળભૂત સિધ્ધાંતોને બાજુમાં મૂકીને ઉત્સવોની ઉજવણી થાય છે. આ ઉજવણીમાં મોટા ભાગે નાણું વેડફાય છે અને ધર્મના સિધ્ધાંત મુજબ ભાગ્યે આપણે આચરણ કરીએ છીએ. પરિગ્રહ એ અંદરના લોભની ઝલક છે. તમારી પાસે કેટલી વસ્તુ છે, તેના કરતાં તમે તે વસ્તુથી કેટલા બંધાયેલાં છો, તેના પર પરિગ્રહનો આધાર છે. માત્ર વસ્તુ રાખવાથી કોઈ સંસારી બની જતું નથી કે માત્ર વસ્તુના ત્યાગથી કોઈ સાધુ બની જતું નથી. આ આંતરિક ઘટના છે. વસ્તુઓમાં કેટલી મૂર્ચ્છા છે, કેટલો લગાવ છે, તેનું કેટલું બંધન છે, તેમાં કેટલો જીવ ચોંટી ગયો છે, તેમાં સાધુ અને સંસારીઓનું માપ નીકળે છે. બધી વસ્તુઓનો ત્યાગ કર્યો હોય, પરંતુ મન તેમાં રસ લેતું હોય, તો તે સાચો ત્યાગ નથી.

સુખ નામના પ્રદેશમાં વિચરવું હોય, તો બીજાઓના દુઃખમાં સહભાગી બનવું જોઈએ. માણસને જરૂરત કરતાં વધુ મળે, ત્યારે તે ચિંતા અને બોજ બની જાય છે. જીવનના આનંદ માટે જેટલું ધન વાપરી શકીએ, જેટલું ધન સારા માર્ગે જાય અને સત્કાર્યો થાય, તેટલું ધન આપણું છે. બાકીનું ધન બોજ છે, જે વાપરવાનું નથી, માત્ર ઉંચકવાનું છે. એ હોય કે ન હોય, શું ફરક પડે છે. આ બોજ સુખ તો આપી શકતો નથી. પણ ચિંતાનું કારણ જરૂર બની શકે છે. પૈસેટકે માણસ લોભી હોય, એ દેખાઈ આવે છે, પરંતુ મનનો જે લોભ હોય છે, એ કળાતો નથી. મોહ તો માણસની આંખમાં દેખાય, ક્રોધ ચહેરા પર જણાઈ આવે, પરંતુ લોભ જોઈ શકાતો નથી. લોભી માણસને ખુદને ખબર પડતી નથી કે પોતે લોભી છે. તે પોતાની જાતને ઉદાર સમજતો હોય છે.

આમ જેટલું આપણે છોડી શકીએ અને સમાજના હિતાર્થે આપણે ધન વાપરશું, તો આપણી પ્રતિભા ધનવાન તરીકે ઉપસશે અને આપણે અનેક સામાન્યજનોના જીવનમાં અંધકાર દૂર કરીને પ્રકાશ પાથરી શકશું. કાર્યકરો પણ દાતાએ આપેલ દાનની રકમ નિઃસ્વાર્થભાવે સદુપયોગ કરીને સેવાકાર્ય કરશે, તો સાચી દિશામાં લઈ જનારી નેતાગીરી આપોઆપ પ્રગટ થશે અને આપણે એક આદર્શ સમાજ નિર્માણ કરી શકશું.

**■ ભવાનજી ગાલા**

**માનદ્ તંત્રી : "કચ્છ રચના**



# ઉનાળાના વેકેશનની મોજ પક્ષી નિરીક્ષણ દ્વારા

■ **ભારતેન્દુ શુક્લ**

વાચક મિત્રો,



**ઉનાળાની રજાઓ (વેકેશન)** શરૂ થઈ ગઈ છે. ઉનાળો એટલે ગરમીથી અકળાવાની મોસમ, શરીરે થોડી અળાઈઓ ફૂટવા માંડે એટલે થોડીક પળો આ અળાઈને કારણે બરડો ખંજવાળવાની મોસમ, પણ એથી કંઈ ભાજી પાકે તેમ નથી. ઉનાળો એટલે વિદ્યાર્થીઓને સ્કૂલે જવા - ટ્યુશને જવા - હોમવર્ક કરવા, વેદિયા મા-બાપોની શું ભણાવ્યું તેની પૂછપરછ-રિમાન્ડથી મુક્તિની મોસમ. વેકેશન એટલે ગમે ત્યાં ફરવા જવાની મોસમ. શાળા-કોલેજોના શિક્ષકોને મનમાની કરવાની મોસમ. ઉનાળાની રજાઓ હૈયામાં હેતના ધોધ છોડે છે, બહાર ભલેને પરસેવાના ધોધ છૂટતા હોય ! હૈયામાં તો હેતની નદીઓ વહે છે. તાપમાં માણસને ઉંઘમાં તો દરિયા આવતા હોય છે, પણ હૈયામાં તો હેતના દરિયા જ ઉછાળા મારે છે. ઉનાળો એટલે કોઈ સગાને ત્યાં ધામા નાખી, બધો ખર્ચ સામેવાળાને માથે નાખી પારકે પૈસે લહેર કરવાની મોસમ. તો દૂધના દાઝેલાઓ માટે ગામેગામથી આવતા મહેમાનોથી બચવા જાત્રાએ જવા નીકળી પડી મહેમાનોને ટાળવાની મોસમ. અત્યારના કારમી મોંઘવારીના જમાનામાં વેકેસનમાં હવાખાવાના સ્થળોએ કે બીજે બહારગામ ફરવા જવાનું બધાને પોષાય તેમ પણ નથી, તેમ છતાં પણ રજાઓમાં ગમે ત્યાં ફરવા જવાની ફેશન થઈ પડી છે. પણ વિદ્યાર્થી મિત્રો ! પરીક્ષા પછીનો સમય મંથનનો છે. હવે શું? ઘેર બેઠા બોર થઈ જવાય એટલે વારંવાર ચેનલ જોયા કરી માનસિક વિકૃતિનો ભોગ બનવાનું? ને માત્ર રખડ્યા કરવાનું, મોબાઈલ પર ટોળટપ્પા માર્યા કરવાના? એવી ભૂલ ન કરશો. **વેકેશનમાં એવી પ્રવૃત્તિ કરો કે જેથી કર્મ એ જ ધર્મ બની રહે. દરેકે પોતાનો ધર્મ સંભાળવાનો છે. માતા-પિતાને તો રાજી રાખવાના જ છે અને સાથે સાથે તાજગી પ્રેરે તેવી નવસર્જન તરફ દોરી જાય તેવી પ્રવૃત્તિ સાથે વેકેશનનો સદુપયોગ કરી જીવનનો માર્ગ કંડારવાનો છે.**

**બાળદોસ્તો વેકેશન માણવા માટે નવો અભિગમ અપનાવી જુઓ. અત્યારે હું તમોને ઉલ્લાસિતતા સાથે ઉનાળો માણવાની એક સરસ તરકીબ બતાવું છું. આ તરકીબ છે પક્ષી નિરીક્ષણ કરી ઉનાળો-વેકેશન માણવાની. રોજ સવારે સૂર્યોદય સમયે ઘરની બારી ઉઘાડીએ એટલે આસપાસના વૃક્ષો, બગીચા કે આંગણામાં કેટકેટલાય પક્ષીઓનો કલરવ સંભળાય - ગણગણાટોને માણવા માટે પક્ષી જગત સંબંધી થોડી માહિતી પણ હોવી જરૂરી છે.** પક્ષીઓ જોવામાં સુંદર દેખાતા હોય અને મધુર ગીતો ગાતા હોય તે માણવા પૂરતું જ પક્ષીઓનું મહત્ત્વ નથી. આર્થિક અને પર્યાવરણીય દૃષ્ટિએ પણ પક્ષીઓનું વિશેષ મહત્ત્વ છે. પક્ષીઓથી અનેક ઉપયોગી વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. પક્ષીઓની અનેક જાતિઓને પરિવારના સદસ્યની



કમાવાય છે.

પક્ષીઓનું મહત્ત્વ માત્ર ખાતર પૂરતું જ સીમિત નથી, પક્ષીગણ છોડવાઓમાં પરાગણની ક્રિયા પણ સંપન્ન કરે છે. છોડવાઓના જીવનમાં પરાગણનું પણ આગવું મહત્ત્વ છે. ફળ ખાનારા પક્ષીઓ બીજોનો દૂર દૂર સુધી ફેલાવો કરવામાં સહાયતા કરે છે. ઉપર વર્ણિત મહત્ત્વો ઉપરાંત પક્ષીઓનું સૌંદર્યાત્મક તથા વ્યાવસાયિક મહત્ત્વ પણ છે. પક્ષીઓના પીંછાઓમાંથી બનેલ ગરમ પોષાક ઉત્તર ધ્રુવની ભયંકર

જેમ પાળવામાં પણ આવે છે. તેમની કૃષિક્ષેત્રમાં પણ મહત્ત્વની ભૂમિકા રહેલી છે. અનેક પક્ષીઓ ખેતરોના ઉભા પાકનો નાશ કરનારા કીડાઓને આરોગી જઈને ધરતીના તાત ખેડૂતોને પણ અનેક રીતે મદદ કરે છે. જૈવિક નિયંત્રણ દ્વારા ખેડૂતોના પાકનું ઉત્પાદન વધારવામાં પણ સહાયતા કરે છે. કેટલાયે કીટભક્ષી પક્ષીઓ હજારો - લાખો ટન કીડા-મકોડાઓને પ્રતિનવર્ષ ખાઈ જઈ પાકનું રક્ષણ કરે છે અને ખેડૂતોને જંતુનાશક દવાઓના ખર્ચાથી પણ બચાવે છે. બાજ-ઉકાબ જેવા માંસાહારી પક્ષીઓ તો ઉંદરોને ઓહિંયા કરી જઈ પાકનો નાશ થતો બચાવે છે. આ સિવાય બીજા કેટલાક વિશિષ્ટ પક્ષીઓ તો છોડવાના પાંદડાઓને ખાઈ જઈ હાનિકારક કૃમિઓને પણ ખાઈ જઈ પાકનો બચાવ કરે છે. પક્ષીઓની વિષ્ઠા, ખેડૂતો માટે ઉત્તમ ખાતરનું કામ કરે છે. એમાં ફોસ્ફેટ, નાઈટ્રોજન તથા કેલ્શિયમ જેવા પોષક પદાર્થો પ્રચુર માત્રામાં હોય છે. ચિલીની સમુદ્રપારવાળા દ્વિપોમાં અનેક પ્રવાસી પક્ષીઓ પ્રજનન માટે એકઠા થાય છે, ફળસ્વરૂપ ત્યાં ઘણી મોટી માત્રામાં વિષ્ઠા એકત્ર થઈ જાય છે, જેની કૃષિપ્રધાન દેશોમાં નિકાસ દ્વારા કિંમતી હુંડિયામણ

ઠંડીથી બચાવ કરવામાં પણ સહાયક છે. પક્ષીઓના ખરી પડેલા પીંછાઓથી ઘરોને સજાવાય છે તો આદિવાસી વનવાસીઓ પોતાના શરીરનો પણ શણગાર કરે છે. ખેલસામગ્રી જેમકે બેડમિંટનની ચકલી યાને કે શટલ કોક પણ પક્ષીઓના પીંછાઓમાંથી બને છે. દુકાનદારો પક્ષીઓના નાનાં અને મુલાયમ પીંછાઓનો ઝાપટ ઝુપટ - સફાઈના ઝાડુ તરીકે પણ ઉપયોગમાં લે છે. મોગલ કાળમાં તો પક્ષીઓના લાંબા અને મજબુત, ટકાઉ પીંછાઓની લેખની (કલમ) પણ બનાવાતી હતી. મોરના સુંદર મોહક ખૂબસુરત પીંછાઓનો ઉનાળામાં ઠંડક માટે હાથ પંખા તરીકે પણ ઉપયોગ થાય છે. સંક્ષેપમાં રંગબેરંગી મનમોહક પક્ષી આપણે માટે આર્થિક દૃષ્ટિકોણ પણ ઘણાં લાભપ્રદ છે. પક્ષીઓનું બારીક નિરીક્ષણ કરતાં જાણવા મળે છે કે પક્ષીઓ ઘણાં પ્રકારના હોય છે અને એકબીજાથી ઘણા જુદા પણ હોય છે. પૃથ્વીમાં આજે પક્ષીઓની લગભગ ૮૬૫૦ જાતો અસ્તિત્વમાં છે. ભારતમાં વર્તમાનકાળમાં પક્ષીઓની ૧૨૦૦ જાતો જોવા મળે છે, જે ૭૫ કુળોનું અને ૨૦ વર્ગોનું પ્રતિનિધિત્વ કરે છે. ઈકલોજીકલી દૃષ્ટિએ સમૃધ્ધ શ્રેષ્ઠ વસવાટ ક્ષેત્ર પૂરો પાડતો


With Best Compliments From

AMRATLAL K. SAVLA

Insurance Advisor

603, Girner Towar, Plot No.208, Ram Tekdi Road, Sewri, Mumbai-400015

**Mo. : 98212 15265 - 83560 37821**

આપણો દેશ વિશ્વની પક્ષીસૃષ્ટિનું સરસ અને ઉચિત પ્રતિનિધિત્વ પૂરું પાડનાર દેશ છે. અહીં અનેક પક્ષીઓ સ્થાયી વસવાટ કરે છે, તો ઘણાં પક્ષીઓ માત્ર શિયાળો ગાળવા યાત્રી તરીકે આવે છે ને ઉનાળામાં સ્વદેશ ગમન કરી જાય છે. આપણા દેશમાં નિયમિત મહેમાન બનતાં યાયાવર પક્ષીઓ મુખ્યત્વે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને મધ્ય એશિયામાં આવેલ સાઈબિરિયામાંથી આવે છે.



માત્ર પક્ષી નિરીક્ષણ કરીને મઝા માણવાની નથી **પક્ષીઓના માળા પણ માણવા જેવા હોય છે.** માળા એ પક્ષીઓનું કાયમી રહેઠાણ નથી. પક્ષીવિદોના અભિપ્રાય અનુસાર પક્ષીઓ ઋતુગામી છે અને તેઓ પ્રજનન ઋતુમાં જ માત્ર પોતાના ઈંડાને સેવવા પૂરતો જ માળો બાંધે છે. પક્ષીઓની અમુક જાતોમાં માત્ર નરપક્ષી જ માળા બાંધે - ગૂંથે છે અને કેટલીક જાતોમાં નર અને માદા બંને સાથે મળીને સંયુક્ત રીતે માળો બનાવે છે. કેટલાક પક્ષીઓ તો ઈજનેરી કૌશિલ્યના નમૂનારૂપ સુંદર ઘરો બનાવી આપતાં બિલ્ડરો જેવા છે. તેઓ પોતાની રચના વિશિષ્ટતા અને સ્થાપત્યકળાના કુશળ નિર્માતાની જેમ પોતાના રહેઠાણ - માળા એટલા બધા સુંદર આકર્ષક, મનમોહક બનાવે છે કે આવા પક્ષીઓના માળા જોવા એ પણ અનેરો લહાવો છે. **સમગ્ર પક્ષીસૃષ્ટિમાં સુગરી-Baya Weayer એ ઉત્તમ માળા- ઈજનેર મનાય છે. માળો બનાવવાની કુશળતા-કલામાં સુગરીને કોઈ પહોંચી શકે તેમ નથી.** ચોમાસા સિવાય સામાન્ય ચકલી જેવું દેખાતું આ પક્ષી-સુગરીનો લટકતા ચંબુ આકારનો, નીચે તરફ લાંબા દરવાજાવાળો, ત્રણથી ચાર ખંડોવાળો ઘુમ્મટમાં ભીની માટી ચોંટાડેલો માળો તો તમે જોયો જ હશે? **માળો ગૂંથવાની આગવી કલા માટે દરજીડો પણ વિખ્યાત છે. દરજીડો એ ખૂબ જ સ્ફૂર્તિલુ અને આનંદી પક્ષી છે.** ચપળ, નાનું અને લીલાશ પડવા પીળા રંગનું આ ઠસ્સાદાર - રૂઆબદાર - જાજરમાન વ્યક્તિત્વવાન પક્ષી ઝાડ કે છોડના એકથી ચાર પાન લઈ તેની ધારને વનસ્પતિના રેસા કે તાંતણાથી એકસરખું માપ લઈ કુશળ દરજીની જેમ (સાડીના ફોલના ટાંકાની જેમ) સિલાઈ કરી ટાંકાના છેલ્લા ટાંકા પાસે બરાબર ગાંઠ મારી આ રીતે ચાર પાંદડાની થેલી સીવી તેમાં વચ્ચે રૂ, વાળના ગૂંચડા, નાના-નાના પીંછા જેવી વસ્તુઓ મૂકી સુંવાળી ગાદી બનાવે છે. **ફડક ફુત્કી - Ashy Prinia** એ ખેતરના શેઢે, વાડ, જળાશયોના ચીયા કે ઘાસના બીડામાં લપાતું-છુપાતું પક્ષી છે. હરતા-ફરતાં તે પૂંછડી આમતેમ હલાવતા તુલ્વી-તુલ્વી બોલ્યા કરે છે. આ પક્ષી મોટે ભાગે વરસાદ પડી ગયા પછી માળો બાંધે છે. તે પોતાના માળા બે-ત્રણ પ્રકારે બનાવી જાણે છે. ક્યારેક દરજીડા જેવા માળા બનાવે છે તો ક્યારેક સળીઓનો જ માળો ગૂંથે છે. પ્રજનન ઋતુમાં તે ખૂબ જ મધુર ગાય છે અને સાથે બુલંદ સિસોટી જેવો અવાજ પણ કરે છે.


**શું તમે દવા કે વગર આઈડીયલ ફેટ, પેટ, વેટ રાખવા ઈચ્છો છો?**

બોડીનું ચેકઅપ ફ્રી કરી આપવામાં આવશે

- વજન માટે માહિતી
- પાચનમાં સુધારો
- હાથ-પગ દુઃખાવા
- હાર્ટ હેલ્થ
- સ્કીન હેલ્થ
- બાળકોના માટે ન્યુટ્રીશન
- સ્પોર્ટ ન્યુટ્રીશન
- એનર્જી અને ફિટનેસ



**દવા વગર તંદુરસ્ત જીવન ઈચ્છો છો**

**વધુ માહિતી માટે સંપર્ક : કોકીલા - ૯૯૨૪૬૭૮૪૧૭**




# Chheda's

## Chheda Insurance & Investment Services

Contact For :

- Mutual Fund
- General Insurance
- Fixed Deposit
- Life Insurance

**Nilesh L. Chheda**
**+91 9820134626**
**Shaila N. Chheda**
**+91 9819208711**

E-mail : nileshchheda@hotmail.com

## Chheda Graphics

Graphic Designers | Quality Printers

- Packaging Designs
- Stationery
- Brochures
- Books
- Screen Printing
- Offset Printing
- Multicolour Prints
- Banners & Sign Board

**Ketan : 98209 77922**
E-mail : ketanlchheda@gmail.com

309-ATLANTIC COMMERCIAL TOWER, RB MEHTA MARG, PATEL CHOWK, ABOVE VODAFONE GALLERY, GHATKOPAR (E), MUMBAI-400 077
Tel. : +91 22 25060549 / 25060283 / 21020495 / 21020692

**દૂધરાજ** (Asian Paradise Fly Cateher)**એ શ્વેત** શ્યામ રંગ ધરાવતું આકર્ષક દેહ લાલિત્યવાળું પ્રકૃતિનું ખૂબ જ લાડકવાયું પક્ષી છે. બાગ-બગીચા અને વૃક્ષની ઘટાઓમાં વસતા દૂધરાજ તેની પ્રજનન ઋતુ ફેબ્રુઆરીથી જુલાઈ દરમ્યાન જમીનથી ૨૦૫ મીટરની ઉંચાઈ પર કે ગીચ ઝાડીઓમાં ઘાસના તણખલા તથા રેસાઓની મદદથી ગૂંથણકામ દ્વારા સુંદર જોવાલાયક માળા બનાવે છે. એક ડાળથી બીજી ડાળ ખૂબ નજાકતથી ઉડતા લોંકી અને મનમોહક ગુંલાટ મારતા દૂધરાજને નિહાળવા અદ્દભુત લહાવો ગણાય છે. ગરદન સહિત ઉપરનો ભાગ ઘેરા ચળકતા વાદળી રંગનું પક્ષી પણ તેનું માથું કથ્થાઈ રંગનું છે અને તેનું નીચેનું આખું શરીર ચમકતા સફેદ ચાંદી જેવા રંગનું પક્ષી **તારોડિયું** (Wire-Taild swallow) છે. તેની પાંખો લાંબી અને પૂંછડી ખાંચાવાળી અને પૂંછડીની બહારની તરફના પીછાં વાયર જેવા લાંબા હોવાથી તે Wire-Taild Bird તરીકે ઓળખાય છે. જળાશયોની આસપાસ તે નિવાસ કરે છે અને પોતાનો માળો માટીમાંથી બનાવે છે. તે પોતાની અનુકૂળતા અનુસાર પ્રજનન ઋતુ (માર્ચથી સપ્ટેમ્બર દરમ્યાન) કે ગમે ત્યારે પાણીની નજીક દિવાલ પર ગારા કે માટીના અડધા વાટકા જેવા આકારનો ચોંટાડેલો માળો બાંધી તેમાં પીંછા વડે સુંદર ગાદી બનાવે છે. પાણીની થોડે ઉંચે સામા પવને ખાંચાવાળી સુંદર પૂંછડીનો પંખો બનાવી સમૂહમાં **કુશળતાપૂર્વક ઉડતા તારોડિયાને જોવા તથા આનંદપૂર્વક ધીમા મધુર ચીર... ચીર... ચીર... બોલતા સાંભળવા અનેરો અનુભવ છે. નવરંગ** (Indian Pitta)એ મૂળ દક્ષિણ ભારતનું પણ ઉનાળાની મધ્યમા માત્ર પ્રજનન અર્થે ગુજરાતનું મહેમાન બને છે. આ પક્ષીમાં પ્રકૃતિએ માથું મોટું બદામી, વચ્ચે કાળો પટ્ટો, નેણ સફેદ, પીઠ લીલી, ઢીંઢુ વાદળી, પૂંછડી કાળી પણ છેવાડે આછી વાદળી અને પાંખો ઘેરી લીલી, ઉડતી વખતે તેમાં સફેદ ચાંઠુ પણ દેખાય છે. ખભો લીલા વાદળી રંગનો, દાઢી અને ગળું સફેદ, શરીરનો નીચલો ભાગ બદામી, બે પગ વચ્ચેની પૂંછડી સુધીનો રંગ ચળકતો સિંદુરિયો, ચાંચ નારંગી બદામી, પગ ઘઉંવર્ણા રંગીન નવરંગને પોતાના સૌંદર્યનું ખૂબ અભિમાન હોવાથી સ્વભાવે થોડું કજીયાખોર પણ ખરું. સામાન્ય રીતે એકલદોકલ જ જોવા મળતું નવરંગ નીચા ઝાડની ડાળીઓમાં ઘાસ, સૂકા પાંદડા, મૂળિયા વિ. ગોઠવીને મોટા દડા જેવો માળો બાંધી તેમાં એક બાજુ દરવાજો રાખે છે. ચોમાસું વિતાવી ઓગસ્ટ મહિનામાં ને ફરી પાછું પોતાને માદરેવતન દક્ષિણ ભારત તરફ પ્રસ્થાન કરી જાય છે. **રાખોડી રંગનું બેડોળ આકાર ધરાવતું ચિલોત્રો** (Indian Grey Hornbill) ભારતના મોટા ભાગના વિસ્તારોમાં જોવાય છે. પણ ગુજરાતમાં જવલ્લે જ જોવા મળે છે. આ મોટું પક્ષી વનરાજીમાં નિવાસ કરે છે. મોટા વૃક્ષની બખોલમાં કાદવ કીચડ માટી કે પોતાની ચરકથી છાંદી જાતે વહોરેલી કેદ જેવો માળો બનાવે છે. **નાનો પતરંગો** (Small bee eater) ચમકતા લીલા રંગ, માથું અને ડોક સોનેરી ઝાંયવાળું રતુંબડું, ગળે કાળો કાંઠલો અને લાલચોળ આંખો ધરાવતું પક્ષી છે અને દેખાવે ખૂબ જ નમણું છે, પણ સવારે તે મોડે સુધી ઉંઘે છે. ફેબ્રુઆરીથી મે માસની તેની પ્રજનન ઋતુ દરમ્યાન નદીની ભેખડો કે કુવાની પોચી દિવાલોમાં ખૂબ ઉંડે સુધી ઉંડી સુરંગ જેવા દરબર બનાવી સુરંગના છેડે મોટા ગોળ દડા જેવો કક્ષ બનાવે છે. વેકેશનની ઉનાળાની મોસમમાં પક્ષી નિરીક્ષણ ખૂબ જ આનંદદાયક અનુભવ છે.

**પક્ષી નિરીક્ષણનો લાભ ઉઠાવવા માટે** સૌ પ્રથમ એક લાંબી ડાયરી અને સારી જાતનું ઉત્તમ (ઝૂમ) દૂરબીન સાથે રાખવાનું છે. મોઢું બંધ, આંખો ખુલ્લી અને કાન સતર્ક રાખી અવાજની દિશામાં ધીમા બિલ્લી પગે આગળ વધી નજીકથી જોવા માટે અનુકૂળ જગ્યાએ શાંતિથી બેસી નિરીક્ષણ કરવાનું છે. ડાયરીમાં અમુક ખાસ બાબતોની નોંધ ટપકાવતા રહેવાની છે. સૌ પ્રથમ નિરીક્ષણની તારીખ, સ્થળ, વિશેષ સ્થાન હોય તો તેની વિગત અવશ્ય લખવી. ત્યારબાદ જે પક્ષી જુઓ તેનું કદ, રંગ, પીંછા, શરીરની રચના વિ.નું વર્ણન નોંધવું. તે ક્યા પ્રકારે ઉડ્ડયન કરે છે તેનું ચિત્ર દોરી નોંધ કરવી. તેના અવાજનું ધ્વનિમુદ્રણ થઈ શકે તો વધુ સારું અને અવાજના પ્રકારની નોંધ કરવી, માળો ક્યા પ્રકારનો બાંધે - ગૂંથે છે? અને શેનો બનાવે છે? તેમજ ઈંડા પણ કેટલાં અને ક્યા રંગના હોય છે તેમજ તેનું કદ અને આકાર પણ નોંધવા. બચ્ચા હોય તો તેનું પણ વર્ણન કરી લેવું. પક્ષીનો આહાર શો છે? તે ખાસ નોંધવું. પક્ષી માળો કેવી રીતે બાંધે છે? અને કોણ બાંધે છે? તેઓ આસપાસની પરિસ્થિતિને કઈ રીતે અનુકૂળ બને છે તેની નોંધ કરવી. બચ્ચાને કેવી રીતે ઉછેરે છે? તેમજ મનુષ્યને મિત્ર કે શત્રુ તરીકે વર્તે છે તેની પણ નોંધ કરવી. પક્ષીની ચાંચ, પગ, આકાર, કદ, પૂંછડીની લંબાઈ, કલગી વિગેરેથી લાક્ષણિકતા તરફ વારંવાર નજર ફેરવતા રહી વિગતવાર નોંધ કરવી. પગની લંબાઈ, રંગ, જાડાઈ, નહોર ખાસ નીરખવા. પાંખ તેમજ પીંછાના રંગ-રંગો અને તેના શરીરમાં કેવા પ્રકારનો રંગોની મિલાવટ છે તેનું ઝીણવટપૂર્વક

નિરીક્ષણ કરવું.

પક્ષીઓ સ્વાભાવિક રીતે જ બહુ ચંચળ પ્રકૃતિના હોય છે. તેઓ એક જગ્યા પર લાંબા સમય સુધી ભાગ્યે જ બેઠેલા રહે છે તેથી નિરીક્ષણ હેતુ ધીરજ જાળવવી તેમજ શાંતિ રાખવી. નિરીક્ષણ માટે બેબાકળા હરગીજ ન બનવું. જલ્દીબાજીમાં એક સાથે બધું જ નોંધવું શક્ય નથી એટલે ઘણીબધી વાર જુદા જુદા દૃષ્ટિકોણથી પક્ષી નિરીક્ષણ કરવું. પક્ષી નિરીક્ષણ માટે શક્ય હોય ત્યાં સુધી ઉત્તમ ગુણવત્તાવાળું સારી બ્રાંડવાળું ૮x૩૦cm અથવા ૭x૫૦cm ક્ષમતાવાળું દૂરબીન જ લેવું. અનુકૂળતાએ આપ ફોટાઓ પણ પાડી શકો છો. પોતાની પાસે પક્ષીનો એક સંદર્ભગ્રંથ અવશ્ય રાખવો જેથી ઓળખ પ્રક્રિયામાં સહાયતા મળી રહે. નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા - નવી દિલ્હી, પ્રવીણ પ્રકાશન રાજકોટ તથા પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ અમરેલી દ્વારા પ્રકાશિત પક્ષીના સંદર્ભગ્રંથ ઘણા જ ઉપયોગી છે. હાલના ઉનાળામાં તમે ગુજરાતમાં જોવા મળતા ઘણાં પક્ષીઓનું નિરીક્ષણ કરી તેમનો પ્રત્યક્ષ પરિચય અને નિરીક્ષણમાં વધુ રસપ્રદ અને ઉત્સાહ સભર જ્ઞાન-માહિતની પ્રાપ્તિ સાથે પક્ષીવિદ પણ બની શકો છો. ઉનાળામાં વિશેષ કરીને ગુજરાતમાં તમારા નિરીક્ષણ માટે ઘણા પક્ષીઓ જોવા મળી શકે છે જે પૈકી મુખ્ય અવલોકનકારક પક્ષીઓમાં ઢોર બગલો, કાણી બગલી, સામાન્ય સમડી, બ્રાહ્મણી સમડી, શકરો, કાળો તેતર, ભૂરું તેતર, વન લાવરી, મોર, ઘોરાઠ, દેશી બટાડો, કબૂતર, રામ હોલો, સૂડો, પોપટ, કોયલ, ટીટોડી, કુકડીઓ કુંભાર, તતકાવાળી ચીબરી, અબાબીલ કાનકડિયો, કલકલિયો, પતરંગો, નીલકંઠ, ટાંકણો, ભોંય ચકલી, કાળિયો કોશી, કાબર, કાગડો, લલેડો, દરજીડો, દૈયડ, દેવચકલી, દિવાળી ઘોડો, પીળા ચાંચવાળી ફુલસુંઘણી, બુડો સક્કર ખોરો, ઘર ચકલી વિ. પક્ષીઓના નિરીક્ષણ દ્વારા તમે વેકેશનની મોજ માણી શકો છો. શિયાળાના પક્ષીઓના નિરીક્ષણની વાત ફરી કોઈ વખત કરીશું. પક્ષીની જેમ પતંગિયા નિરીક્ષણ પણ આનંદપ્રદ છે તેની ક્યારેક પતંગિયા બાબતે પણ જરૂર જણાવીશ.

**બાળકવિતા**

## ઉનાળો

ઉનાળે ગરમી આવી ચડે,
રસ્તાને શેરીઓ તાપે તપે.
પંખીનો કલરવ શાંત પડે,
માળામાંથી ક્યાંય ન હટે.
અબાલવૃધ્ધ ઘરમાં રહે
સમજુ બાળક ઘરમાં રમે
ઠંડા પાણીની જરૂર પડે,
ઠંડી પીણા પીવાં બહુ ગમે.
બપોરે લુની લહેર ઝરે,
નભમાં ઉંચે સમડી ફરે.
ધોળા વાદળો દોડ્યા કરે,
સાંજે લોકો બહાર ફરે.
ટેટી તરબૂચ ખાવા ગમે,
આઈસ્ક્રીમનો આનંદ મળે.
ઉનાળા પછી વર્ષા આવે,
વર્ષાની સૌ રાહ જુએ.
વેકેશન આવે ને મઝા પડે,
પક્ષી નિરીક્ષણ સૌને ગમે. ❁

J.P. Sangoi,
Manish J. Sangoi
Jayesh J. Sangoi
(Kapayawala)

**PARAS**
**REXINE HOUSE**

Phone : 24307609
M. : 9820156242
M. : 9820786889

**A.C. Show Room**

Mattress - Pillows - Cushion
P.V.C. Floor Carpet, P.V.C. Tiles - Wooden Flooring - Wall Paper - Wall Poster - Vertical Blind - Vanishing Blind - Speaker Box Carpet - Roller Blinds - Roman blinds - Suncontrol Films
**Plastic Mat - Grass Mat - Bath Mat - Flaxy Mat - Coir Mat - Rubber Mat**
Dealers in : ❁ All Kinds of Art Leather Cloth, Rexine, P.U. Foam, Rubber Foam, Rubberised Coir, Upholstry Materials & ETC. Memory Foam Mattress & Products ❁ Sleepwell ❁ Springwel ❁ MM Foam ❁ Kurlon ❁ Centuary ❁ Libra Mattres ❁ Mattress, Pillows, Cushion ❁ Sofa Cover

Tirthankar, Shop No. 5, S.K. Bole Road, Dadar (W), Mumbai-400 028.
Email : parasrexinehouse@gmail.com - Fecabook : parasrexinehouse
Intagama : parasrexinehouse

# યુવા પેઢી માદક અને નશીલા પદાર્થોથી દૂર રહે

■ દામિની ઠાકર (મુંબઈ)



આપણી યુવા પેઢીમાં નશાખોરી એક મહામારીની જેમ ફેલાઈ રહી છે. આમ તો આપણે ત્યાં માદક પદાર્થોના પ્રયોગનો ઈતિહાસ ઘણો જૂનો છે. પ્રાચીનકાળથી ગાંજો, ભાંગ આદિનો ઉપયોગ શિવજીનો પ્રસાદ માની થઈ રહ્યો છે. ધર્માંધ લોકો ઘણાં સમયથી નશીલા પદાર્થોના સેવનમાં વધારો કરી રહ્યા છે. વસ્તુતઃ આજની યુવા પેઢીમાં નશાનું સેવન એક ફેશન બની ગયું છે. તાજેતરના આંકડા જ બતાવી આપે છે કે બીડી-સિગારેટ, શરાબ, ચરસ, હશીશ ગાંજો, ભાંગ, તમાકુ, મૈડેક્સ, અફીણ આદિ નશીલા પદાર્થોની ખપત બેફામ વધી રહી છે. આજની યુવા પેઢીમાં નિરંતર વધી રહેલી નશાખોરી ચિંતાનો વિષય છે. સિગારેટ અને શરાબની સાથે સાથે જેટલા ઘાતક-માદક પદાર્થોનું પ્રચલન વધી રહ્યું છે તેમાં હશીશ, ચરસ, હેરોઈન, કોફીન, સ્મૈક, એલ.એસ.ડી. ઈત્યાદિનો સમાવેશ થાય છે. આ વ્યસનોની થોડી સરખી માત્રા પણ શારીરિક અને માનસિક ક્ષમતાઓને બુરી રીતે પ્રભાવિત કરે છે.

બીડી-સિગારેટનું પ્રવચન સંક્રામક રોગની માફક વધી રહ્યું છે. વર્લ્ડ વોચ સંસ્થાન (વોંશિગ્ટન)ના એક સર્વેક્ષણ અનુસાર સિગારેટ પીવાવાળાઓની સંખ્યા ૨:૧ કરતાં પણ વધુ લોકો ધૂમ્રપાન કરી રહ્યા છે. બીજા શબ્દોમાં પ્રતિ મિનીટ ૧ કરોડ કરતાં પણ અધિક સિગારેટ ફૂંકાઈ જાય છે. અર્થાત્ અબજો રૂપિયા પ્રતિવર્ષ ધૂમ્રપાન દ્વારા ધૂમાડામાં ઉડાડી દેવાય છે અને એ પણ રોગનો ભોગ બનવા માટે? ફળ સ્વરૂપ પ્રતિ વર્ષ ૧૦૦ અરબ ડોલર ધૂમ્રપાન પાછળ જ ખર્ચાઈ જાય છે. જો ધૂમ્રપાનની આ રફતાર ચાલુ રહેશે તો પછીના વર્ષોમાં ફેફસાના કેન્સર તથા અન્ય ધૂમ્રપાનજનિત રોગોની સંખ્યામાં ૫૦ ટકા કરતાં પણ વધુ વધારો થઈ જશે. બીડી-સિગારેટ પીવાવાળા સ્વયં પોતાની તો હાનિ કરે જ છે, સાથે સાથે તેના મુખમાંથી નીકળતા ધુમાડા વાતાવરણને પણ પ્રદૂષિત કરે છે, તેમજ તેની આસપાસ બેઠેલી, ઉભેલી, સૂતેલી વ્યક્તિઓને પણ હાનિ પહોંચાડે છે.

આવી જ હાલત શરાબની છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પોતાના એક સર્વેક્ષણ રિપોર્ટ અનુસાર શરાબ પીનારાઓની સંખ્યામાં નિરંતર બેફામ બેલગામ વધારો થઈ રહ્યો છે. રશિયા તથા અમેરિકામાં તો શરાબખોરી એક ગંભીર સમસ્યા બની ગઈ છે અને સાથે સાથે વિકાસશીલ દેશોમાં પણ શરાબની ખપતમાં નિરંતર વધારો થઈ રહ્યો છે. ભારતમાં ૩૫ ટકા કરતાં પણ અધિક લોકો નિયમિત શરાબનું સેવન કરી રહ્યા છે જ્યારે ક્યારેક ક્યારેક પ્રસંગોપાત શરાબ પીનારાઓની સંખ્યા તો અસંખ્ય છે. દારૂ પીને સડક પર વાહન ચલાવનારાઓ મોટે ભાગે દુર્ઘટનાગ્રસ્ત થઈ જાય છે. કેન્દ્રિય સડક અનુસંધાન સંસ્થાનના એક સર્વેક્ષણ અનુસાર ૪ મોટા ભારતીય શહેરોમાં ૨૮ થી ૩૫ ટકા ઓટો ડ્રાઈવર શરાબ પીને ગાડી ચલાવે છે અને તેમની દુર્ઘટનાગ્રસ્ત થવાની નિરંતર સંભાવના બની રહે છે. સિગારેટ અને શરાબ જેવા પ્રચલિત માદક પદાર્થો ઉપરાંત ચરસ, હેરોઈન, હશીશ, સ્મૈક, કોફીન, એલ.એસ.ડી. આદિ અનેક કિંમતી - મોંઘા નશીલા પદાર્થોનું સેવન પણ વધી રહ્યું છે. આવા નશીલા પદાર્થો મોંઘા - ખર્ચાળ હોવાને કારણે તેની તસ્કરી પણ થાય છે. આવા બેફામ મોંઘા પદાર્થો અન્ય નશીલા પદાર્થોની તુલનામાં અધિક હાનિકારક છે.

શુભ પ્રસંગોની
રંગતમાં સંગત માણવા મહેમાન ને નવાજવા,
સંતોષના ઓડકારની અપેક્ષા એટલે જ

# Gala Caterers

FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

## આ શુભ સ્થળો માટેનાં અધિકૃત કેટરર્સ

**સેન્ટ્રલ મુંબઈ :**

- કામગાર ગ્રાઉન્ડ-પરેલ
- હાલાઈ વાડી-દાદર
- કિંગ જોર્જ હોલ એન્ડ ગ્રાઉન્ડ-દાદર
- વસંત સ્મૃતી-દાદર
- ગુર્જર વાડી-માટુંગા
- ગુજરાતી સેવા મંડળ-માટુંગા
- ફ્લેમિંગો હોલ-માટુંગા
- પંજાબ હોલ-માટુંગા
- રામવાડી-માટુંગા
- નારાયણજી શામજી વાડી-માટુંગા
- નપ્પુ હોલ-માટુંગા
- ખાલસા હોલ એન્ડ ગ્રાઉન્ડ-માટુંગા
- લોહારવાડી-માટુંગા
- માનવ સેવા સંઘ-સાયન
- સુમતી ગુર્જર-કુર્લા
- ભાટિયા વાડી-ઘાટકોપર
- સોમૈયા ગ્રાઉન્ડ-ચુનાભઠ્ઠી, ઘાટકોપર
- શિવાજી ટેક્નિકલ ગ્રાઉન્ડ-ઘાટકોપર
- પી પેલેસ હોલ-મુલુંડ(વેસ્ટ)
- આર.આર બેન્કવેટ-મુલુંડ (ઈસ્ટ)
- સૂરજ વોટર પાર્ક-થાણા
- રીટ્ઝ બેન્કવેટ-થાણા

**સાઉથ મુંબઈ :**

- એસ.આઈ.ઇ.એસ. ગ્રાઉન્ડ-વડાલા
- નીક્કો હોલ-વડાલા
- એસ.એન.ડી.ટી. કોલેજ-વડાલા
- એકર્સ ક્લબ-ચેંબુર
- ચેંબુર જીમખાના હોલ એન્ડ ગ્રાઉન્ડ-ચેંબુર
- ગ્રાન્ડ બેન્કવેટ-ચેંબુર
- ગ્રાન્ડ નાલંદા-ચેંબુર
- સિંધી જીમખાના-ચેંબુર
- ગુજરાત ભવન-વાશી
- આયુષ રીસોર્ટ-પનવેલ

**વેસ્ટર્ન મુંબઈ :**

- એમ.ઇ.ટી-બાન્દ્રા (વેસ્ટ)
- અંધેરી સ્પોર્ટસ કોમ્પલેક્સ-અંધેરી
- વાગડ વિશા ઓસવાલ મહાજન વાડી-અંધેરી
- કમલ અમરોહી-JVLR
- એફ.એમ.બેંકવેટ-ગોરેગામ અને રામ મંદીર
- તેરાપંથી ભવન-કાંદીવલી
- વુડ સ્ટોક રીસોર્ટ

**પ્રવીણ ગાલા : 9892183338**
અતુલ ગાલા : 93222 21205 • રાજેશ ગાલા : 98200 32010
રોહિત ગાલા : 98200 99251 • ચિરાગ ગાલા : 97020 29280

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૪૦૦ ૦૧૯
ફોન : ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com | W: www.galacaterers.in

**અમે આઉટ સ્ટેશન તથા કોર્પોરેટ ઓર્ડર્સ સ્વીકારીએ છીએ**



મનોવૈજ્ઞાનિકોએ આવા નશીલા પદાર્થોના નશાના સેવનના કારણોની પણ જાણકારી મેળવી છે. તેમના જણાવ્યાનુસાર અધિકાંશ લોકો માનસિક ચિંતા, પરેશાની, તણાવ, આદિથી મુક્તિ પામવાના હેતુથી નશાનું સેવન કરે છે. કેટલાક લોકો પારિવારિક ઉપેક્ષા તેમજ એકલવાયાપણું દૂર કરવા કે પોતાના દુઃખ-ગમને ભૂલી જવા માટે પણ નશાના શરણમાં જાય છે. કિશોર વર્ગ તેમજ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ક્ષણિક આનંદની પ્રાપ્તિ માટે માદક પદાર્થોનો ઉપયોગ કરે છે. કારણ ગમે તે હોય નશીલા પદાર્થોનું સેવન દરેક રીતે હાનિકારક છે. શરીર અને મન બંનેનાં અમૂલ્ય સ્વાસ્થ્યને ચોપટ કરી નાખે છે. યૌવનનો આત્મા હણી નાખે છે. અધિક માત્રામાં અને લાંબી અવધિ-દીર્ઘકાળનું સેવન સ્વભાવ બની જાય છે અને સત્યાનાશી વ્યસન સર્વસ્વ ગણી નાખે છે. વધારે પડતાં અને હંમેશા નશો કરવાની આદત સ્ત્રી-પુરૂષોમાં યૌન વિકૃતિઓ ઉત્પન્ન કરે છે અને પ્રજનન ક્ષમતામાં પણ કમી કરી નાખે છે. શારીરિક અને માનસિક ક્ષમતા પણ પ્રભાવિત થઈ જાય છે તથા મસ્તિષ્ક નિષ્ક્રિય થવા લાગે છે. એટલે જીવનને દુર્વ્યસનોથી ઉપર ઉઠાવી આ વિનાશકારી વ્યસનનો સદા માટે ત્યાગ કરી દેવો જરૂરી છે. માટે આવા વ્યસનોનો શિઘ્રાતી શીઘ્ર વહેલામાં વહેલી તકે ત્યાગ કરવાના પ્રયત્નમાં તન, મનથી તત્પર બની આવા દુર્વ્યસનો, દુરાગ્રહી વ્યસનો ત્યાજવામાં હિંમત બતાવવી જરૂરી છે. સરકારી તેમજ સામાજિક સંસ્થાઓ માટે પણ નક્કર કદમ ઉઠાવવા જરૂરી છે. જો આમ નહીં થાય તો નવી પેઢી નશાના ગુલામ બની જશે અને દેશની પ્રગતિ પણ રૂંધાઈ જશે. નશાખોરી વિરૂધ્ધ ઉઠાવવામાં આવેલ દરેક પગલાં દેશને પ્રગતિને પંથે આગળ લઈ જાય છે. આ સંદર્ભમાં આપણા પૂજ્ય આદરણીય વંદનીય શ્રી નરેશમુનિજીનું વ્યસન મુક્તિ અભિયાન સરાહનાને પાત્ર છે.

❁



વાત્સલ્ય વંદના

# ‘દેવાનંદા મા’ ‘અમ્મા’

ભગવાન મહાવીર તીર્થંકર બન્યા પછી સૌના કલ્યાણ માટે ધરતી પર ઉપદેશ આપી રહ્યાં હતા.

એક વખતે બ્રાહ્મણકુંડ અને ક્ષત્રિયકુંડના મધ્યભાગના બગીચામાં મહાવીર ભગવાન પધાર્યા. બંને નગરની જનતાને મહાવીર સમોસર્યાના સમાચાર મળતાં બંને નગરના લોકો પ્રભુના દર્શન કરવા દેશના સાંભળવા જવા લાગ્યા. બ્રાહ્મણકુંડના ભાગ્યશાળી ભાવિકોમાં ઋષદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીને પ્રભુ પધાર્યાના ખબર મળતાં તૈયાર થઈ રથમાં બેસી વંદન કરવા ઘરેથી નીકળ્યા. સમવસરણ પાસે પહોંચતા પહેલા રથમાંથી નીચે ઉતરી સમવસરણ (ભગવાન બિરાજમાન હતા ત્યાં) જવા લાગ્યા. ભગવાનને જોતાં દેવાનંદ સ્થિર થઈ પ્રભુને અનિમેષ નયને નિરખતી રહી. શરીર પુલકિત થવા લાગ્યું... કંચુકીના બંધન ખેંચાવા લાગ્યા.

ભગવાનને જોતાં જોતાં ભાવ ઉભરાવવા લાગ્યા. ખૂબ જ લાગણી થવા લાગી. શરીર ભગવાનને જોવામાં એકાકાર થઈ ગયું જાણે શ્વાસ પણ એમાં થંભી ગયા અને ભાવવિભોર બનતાં સ્તનમાંથી દૂધની ધારા છૂટી. સમોવસરણમાં આવેલ લોકો સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. દેવાનંદા પૂતળા જેમ સ્થિર થઈ ગઈ છે. ભગવાનને જોયાં જ કરે. લોકોને નવાઈ લાગી પણ ત્યાં ઉપસ્થિત સાધુ-સાધ્વી સૌને નવાઈ લાગી. દેવાનંદા અને ઋષભદત્ત વિષે નથી. લોકોને ખબર નથી સાધુ-સાધ્વીને જાણ. ભગવાનનો ઉપદેશ પૂર્ણ થતાં. ગણધરશ્રી ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો, પ્રભુ ! આપ મને જે પાંપણને પાડ્યા વિના જોયા જ કરે છે અને સ્તનમાંથી દૂધની ધારા છૂટી એ શેના કારણે?



ભગવાનને આ પ્રશ્નના જવાબમાં કીધું, ‘હે ગૌતમ ! એ મેરી અમ્મા !’ આ મારી મા છે. મને જોતાં એને મારા પર ખૂબ જ લાગણી-ભાવ આવતાં મા તરીકે તે ભાવિવિભોર બનતાં તેના સ્તનમાંથી દૂધની ધાર છૂટી. ભગવાન મહાવીરે સર્વ ભાવિકો વચ્ચે ખુલાસો કર્યો. મારા પ્રથમ માતા-પિતા દેવાનંદા અને ઋષભદત્ત છે. દેવાનંદાની કૂખમાં હું ૮૨ાા (સાડી બ્યાસી) રાત રહી આવ્યો. પછી જ ત્રિશલા દેવીની કૂખમાં સંક્રમણ થયું... આ બધી માહિતી ભાવિકોને મળતાં સૌને આશ્ચર્ય થયું. અરે ! ઋષભદત્ત અને દેવાનંદાને પણ આ સાંભળી અત્યંત હર્ષ થયો. માની લાગણી છાની રહેતી નથી. માની લાગણી ઉપરની નથી હોતી માની લાગણી આંતરિક-હૃદયની હોય છે. એટલે એક કચ્છી રચનામાં બહુ જ માની મોટાઈ બતાવતાં કહ્યું :

**મા તાં ઘરિયા અસીં ત ઘુરિયા ચઈ ચઈ કિતરો ચુ ।**
**મા તાં સોનજો અખે પાતર અસીં મટ્ટીજા ઠાં ॥**
**(ખ્વાબ)**

મા દરિયા-સમુદ્ર સમાન છે અને અમે તો પાણીના નાનકડાં નાળા (ખાબોચિયા) છીએ. આવી સમુદ્રદિલ મા માટે કહી કહી કેટલું કહેવાય? મા તો સોનાનો અક્ષયપાત્ર છે. જે કદી ખાલી જ ન થાય. પ્રેમનો અક્ષયપાત્ર મા છે. અમે તો માટીના વાસણ છીએ જેને ફૂટતા-તૂટતાં વાર ન લાગે. અખંડ-અક્ષય તો માનું દિલ છે.

માણસનું મરણ અનેક રીતે થતું હોય છે. પડવાથી, આખડવાથી, રોગથી, અકસ્માતથી, એટેકથી, આપઘાતથી, ઝેરથી, શસ્ત્રથી, તમાકુથી, ગુટખાથી મરવાની ઘણી રીતો છે. મરવાના ઘણાં ઘણાં



કારણો છે પરંતુ જન્મ એક જ રીતે થતો હોય છે. રાજનેતા હોય કે અભિનેતા હોય... પંડિત હોય કે વિદ્વાન હોય... બુધ્ધિશાળી હોય કે ધનવાન હોય, દાનેશ્વરી હોય કે લેફટેનન્ટ હોય કે કર્નલ... જનરલ, રોગી, ભોગી, જોગી, જતિ, સંત, સાધ્વી, ઋષિ-મુનિ કે ભગવાન હોય... આ બધા માના ઉદરથી જ જન્મે છે. મરવા માટે ઘણી જગ્યાઓ છે પણ જન્મવા માટે આ જગતમાં મા સિવાય બીજી કોઈ જગા નથી અને વૈજ્ઞાનિક રીતે પણ સંતાનને પેદા કરવા માનો જ ઉદર જોઈએ. ટેસ્ટ ટ્યુબનો વિકાસ ખેતરમાં વાવવાથી નથી થતો પણ માના ઉદરમાં જ વિકાસ સંભવી શકે. મા વિના સંતાન સંભવી જ ન શકે.

શાસ્ત્રોમાં માનવ જન્મનો મહત્ત્વ પ્રરૂપેલ છે તો માનવ જન્મ આપનાર માનો મહત્ત્વ હોય જ !! આપણા શરીર વિકાસમાં માનો મહત્ત્વનો ફાળો છે. બાળકના ઉછેરમાં માએ જેટલું વેઠ્યું... સહન કર્યું અને જે કાળજી રાખી તેની ગણિત કરવી મુશ્કેલ છે.

ભગવાન મહાવીર ત્રિશલા દેવીની કૂખમાં આવ્યા ત્યારે ક્ષત્રિયકુંડ ગામમાં આનંદ-મંગળ થવા લાગ્યા. ઘરે ઘરે ખુશીનું મોજું ફરી વળ્યું. ત્રિશલા દેવી ગર્ભનું સુંદર રીતે પાલન કરે છે. અતિ ખારું... ખાટું... પ્રકૃતિને પ્રતિકૂળ આહારનો ત્યાગ કર્યો. ગર્ભસ્થ શિશુને જરા માત્ર પણ તકલીફ ન થાય તેની સાવધાની રાખે છે.

ગર્ભવતી નારીએ ગર્ભ સંસ્કાર દરમ્યાન ખૂબ જ સંભાળ રાખવી જોઈએ. ક્રોધ ન કરવો જોઈએ. ટીવીની જે તે ચેનલો કલાકો સુધી ન જોવી જોઈએ. લડાઈ-ઝઘડા ન કરવા જોઈએ. ગર્ભસ્થ શિશુ પર ખોટા સંસ્કાર ન પડે તેની તકેદારી રાખવી જોઈએ. ખરાબ પુસ્તક ન વાંચવા જોઈએ. (ખરાબ સંગત ન કરવી જોઈએ), ખરાબ સોબત ન કરવી જોઈએ. એલફેલ કલાકો સુધી વાતોચિતો ન કરવી જોઈએ. આ બધી સાવધાનીથી ગર્ભસ્થ શિશુ પર સારા વિચાર વાતાવરણની ખૂબ જ અસર થાય છે. ગર્ભવતી સ્ત્રીએ ધાર્મિક પ્રવૃત્તિ સારા કાર્યો કરવા જોઈએ. જેથી એ બાળકને ગર્ભમાં જ સંસ્કાર મળે. એ ગર્ભ સંસ્કારો વજ્ર લેપ જેવા પડે છે. ત્રિશલા દેવી ખૂબ સંભાળપૂર્વક રહે છે. ચૌદ સ્વપ્ન પણ સરસ આવ્યા... ગર્ભનું પ્રતિપાલન કરતું... ધાર્મિક પ્રવૃત્તિઓ કરતાં... પ્રભુભક્તિ, દાન-પુણ્ય કરતા સમય નિર્ગમન કરે છે. ગર્ભસ્થ શિશુ (મહાવીર) વિચારે છે. મારી માને મારા હલન-ચલનથી તકલીફ-પીડા થતી હશે... હું માને કોઈ જાતની અશાંતિ-પીડા ન આપું... મારી માને શાંતિ આપું... એમ વિચારી ગર્ભસ્થશિશુએ હલન-ચલન બંધ કરી શરીરને ગોપવી રાખ્યો. ફક્ત માને શાંતિ આપવાના ઈરાદે આવું કર્યું !! પણ ગર્ભસ્થ શિશુ શાંત પડતાં માના મન પર એની વિપરીત અસર પડી. મા અશુભ વિચારો કરવા લાગી. ખરાબ અનુમાન કરવા લાગી. ગર્ભસ્થ શિશિનું કોઈએ અંદરથી અપહરણ કર્યું કે શિશુ શાંત થઈ ગયો. એનો મતલબ કે મરી ગયો હશે? કે શું થયું હશે? મા રડવા લાગી, અફસોસ કરવા લાગી. આ જન્મ કે ગત જન્મોમાં એવા પાપ બાંધ્યા હશે જેથી શિશુનો વિયોગ સહેવો પડ્યો. કોઈના બચ્ચાઓનો મેં વિયોગ પડાવ્યો હશે. કોઈના બચ્ચાને મેં છીનવી લીધો હશે. કોઈના બચ્ચાને મેં ત્રાસ આપ્યો હશે. તો આજે મારે સંતાનનો ગર્ભમાં જ કાંઈ અશુભ થઈ ગયું છે. આનંદને બદલે ત્રિશલા ખિન્ન, ઉદાસીન, બેચેન થઈ ગયા. ક્ષત્રિયકુંડની રાજસભામાં સન્નાટો છવાઈ ગયો... ક્ષત્રિયકુંડમાં આ બેચેનીનું મોજું ફરી વળ્યું. આનંદ, ગાન, નૃત્ય, વાજિંત્રનાદ બધું જ બંધ થઈ ગયું. ત્રિશલાને ખૂબ જ દુઃખ થવા લાગ્યું, રૂદન કરે છે ગર્ભસ્થ શિશુએ આ પરિસ્થિતિ જાણી લીધી. હું સારું કરવા... માને તકલીફ ન પડે તે ખાતર અંગો સંગોપિ લીધા પણ તેની અસર મા પર ખોટી પડી છે ને જન્મ પહેલાં જ મારી મા મારા માટે ખિન્ન - બેચેન બની ગઈ છે. માની શાન્તિ, આનંદ ખાતર ગર્ભશિશુએ હલન-ચલન ચાલુ કરતાં પુનઃ આનંદ, ખુશીને લહેર સર્વત્ર ફરી વળી. કિન્તુ ગર્ભસ્થ શિશુએ સંકલ્પ કર્યો. 'મારી મા મારા જન્મ પહેલા મારા પર ખૂબ જ લાગણી રાખે છે. જન્મ પછી તો મા વધારે લાગણી - પ્રેમ રાખશે તો માની હયાતીમાં પિતાની હયાતીમાં મારે ત્યાગી સાધુ ન બનવું... આવો સંકલ્પ કરી ભગવાન મહાવીર ગર્ભસ્થ શિશુએ માના મહિમાની પ્રતિષ્ઠા કરી... મા-બાપના ગરિમાને લોકોના જીવનમાં પ્રતિસ્થાપિત કરી મહાવીર ભગવાને ૮૨ રાત જે માની કૂખમાં રહ્યાં તેનો પણ અહેવાલ સૌ લોકોને જગજાહેર કરી માની શાન વધારી અને ત્રિશલા દેવીની કૂખમાં આવ્યા પછી માની હાજરીમાં દીક્ષા ન લેવી નો સંકલ્પ કરીને મા-બાપની મહાનતા બતાવી અને મા-બાપ પ્રત્યેની સંતાનોની ફરજ શું હોય તે તરફ લોકોનું ધ્યાન ખેંચ્યું. મહાપુરૂષો મા-બાપના ઉપકારોને ક્યારે પણ ભૂલતા નથી. મોટા ગજાના સાહિત્યકારો, કવિઓ, ચિંતકો મા-બાપના અમને વારસો અને સાહિત્યસર્જનમાં પ્રેરણા મળ્યાનો ઉલ્લેખ કર્યા વિના રહેતા નથી.'

❁

# પાવન પર્વ વૈશાખી એટલે નવજીવનનો સંદેશ

■ બિંદુ જયેન્દુ - ભુજ



વૈશાખ મહિનો પ્રત્યેક સમાજમાં અનેક રીતે મનાવવામાં આવે છે.

**ન માધવસમો માસો ન કૃતેન યુગં સમમ્**
**ન ચ વેદસમં શાસ્ત્ર ન તીર્થ ગંગ્યા સમમ્**
**(સ્કંધ પુરાણ વૈ.વૈ.મા.૨/૧)**

સ્કંદ પુરાણનું કથન છે. વૈશાખ સમાન કોઈ માસ નથી, સતયુગ સમાન કોઈ યુગ નથી, વેદ સમાન કોઈ શાસ્ત્ર નથી અને ગંગા સમાન કોઈ તીર્થ નથી. બ્રહ્માજી એ પણ વૈશાખ માસને પુણ્ય અને સિધ્ધિ મેળવવા માટે ઉત્તમ માસ કહેલ છે. જે પ્રમાણે વિદ્યાઓમાં વેદ વિદ્યા, મંત્રોમાં પ્રણવ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, ગાયોમાં કામધેનુ, દેવતાઓમાં વિષ્ણુ, વર્ણોમાં બ્રાહ્મણ, પ્રિય વસ્તુઓમાં પ્રાણ, નદીઓમાં ગંગા, તેજસ્વીઓમાં સૂર્ય, અસ્ત્ર-શસ્ત્રમાં ચક્ર, ધાતુઓમાં સુવર્ણ, વૈષ્ણવોમાં શિવ તથા રત્નોમાં કૌસ્તુભમણિ ઉત્તમ છે તેમ ધર્મ પ્રાપ્ત કરવાના સાધનોમાં વૈશાખ માસ ઉત્તમ છે અને શેષનાગ શૈયા પર સુતેલા વિષ્ણુનો પણ પ્રિય માસ વૈશાખ જ છે. તેથી વિષ્ણુને પ્રસન્ન કરવા માટે પણ વૈશાખ ઉત્તમ માસ છે.

આજ... વૈશાખીનો દિવસ છે. નિસર્ગના સિધ્ધાંત અનુસાર વૈશાખમાં આજથી વૃક્ષ, વનસ્પતિ, છોડમાં નવી કુંપળો ફૂટવા લાગે છે. જેમાં એક નવી જિંદગીની શરૂઆત થાય છે. અર્થાત્ આજે સૂર્ય તેની કક્ષાના શ્રેષ્ઠ બિંદુએ પહોંચે છે. તેના તેજથી ઠંડકની સીમા સમાપ્ત થવા લાગે છે. વસુંધરામાં નવજીવનનો સંચાર થાય છે અને વનસ્પતિમાં બીજ અંકુરિત થાય છે. ભગવાને નરસિંહ અવતાર રૂપે પ્રગટ થઈ હિરણ્યકશ્યપને મારી પ્રહલાદનું રક્ષણ કર્યું તે દિવસ પણ આજનો વૈશાખનો દિવસ હતો. ભગવાન બુધ્ધને આત્મજ્ઞાન પણ આજના શુભ દિવસે થયું હોવાથી બૌધ્ધ ધર્માપતિઓમાં પણ આજના દિવસનું વિશેષ મહાત્મ્ય છે. પરંતુ પંજાબની વૈશાખીની વિશેષ મહત્તા છે. ખેડૂતોમાં નવા પાકના આગમનની ખુશી ફેલાય છે. ઘઉં તૈયાર થઈ ગયા છે. ચણાના છોડમાં દાણા આવી ગયા છે. મહિનાઓની કઠિન પરિશ્રમ રૂપી તપસ્યાનું ફળ હાથ લાગી ગયું છે. તેથી ખેડૂત હર્ષથી પ્રફુલ્લિત થઈ નાચવા ગાવા લાગે છે. ખુશીમાં વૈશાખી ઉલ્લાસની અભિવ્યક્તિ આપનાર પાકની લણણીના નૃત્યરૂપે ભાંગડા કરવા લાગે છે. જેમની કૃપાથી હજાર વિઘ્નો પાર કરીને આ પાક જોવા મળ્યો છે તે ઈશ્વર તથા ગુરૂગદેવની વંદના કરી ભજન ગાય છે અને ઈશ્વરન આભાર માને છે. ગુરૂજનોને નવા પાકની ભેટ ધરી તેમના ચરણસ્પર્શ કરે છે. સેકેલા ઘઉં ચણા પોતે ચાખે છે અને મિત્રોને પણ ખવડાવે છે. મિત્રો તે ખાધા પછી તેના પરિશ્રમને બિરદાવે છે, ગળે મળે છે. આખા વર્ષ ભરના લડાઈ, ઝઘડા, ઈર્ષા, જલન સમાપ્ત કરી સર્વે પોતાના હૃદય - મન સ્વચ્છ બનાવી લે છે.

પંજાબની વૈશાખીની બીજી વિશેષ મહત્તા એ છે કે શીખોના દશમા અને અંતિમ ગુરૂ ગોવિંદસિંહજી મહારાજે સન ૧૬૯૯ ઈ.માં ખાલસા પંથની સ્થાપના કરી તે દિવસ પણ વૈશાખીનો દિવસ હતો. તેમણે આજના દિવસે ધર્મ માટે પોતાનો જાન ન્યોછાવર કરી શકે તેવા પાંચ વ્યક્તિ લાહોરના દયારામ (ખત્રી), દિલ્હીના ધર્મદાસ (જાટ), દ્વારકાના મોહકમચંદ (ધોબી), જગન્નાથપુરીના હિંમત (રસોઈયા) તથા બેદરના સાહબચંદ (વાણંદ) ઓને પસંદ કરી તેમના દ્વારા ગુરૂ ગોવિંદસિંહે અમૃતપાન કર્યું અને પાંચ પ્યારાઓને પોતાનું તેજ આપી ખાલસા પંથની સ્થાપના કરી. દેશ અને ધર્મના રક્ષણ ખાતર ગુરૂ ગોવિંદસિંહજીને સમર્પિત આ પાંચ પ્યારા ખાલસા પંથની સ્થાપના કરનાર યુગ દ્રષ્ય ગુરૂગોવિંદસિંહજીના માનમાં પંજાબમાં આજનો દિવસ



ધામધૂમથી મનાવવામાં આવે છે. ગુરૂ ગોવિંદસિંહનો જન્મ પટના (બિહાર)માં થયો હોવાથી આજે પટનામાં એમના જન્મસ્થળે વિશ્વભરમાંથી શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં પધારે છે, અખંડ પાઠ, કિર્તન, સ્મરણ થાય છે અને ગુરૂની સત્યતા, જ્ઞાન, વીરતા અને ધીરતાને પ્રદર્શિત કરતી શોભાયાત્રા ભારે ઉત્સાહ અને દબદબાપૂર્વક કાઢવામાં આવે છે.

પંજાબ, હરિયાણામાં બધા મેળાઓ તહેવારો સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. પંજાબનો તરણ, તારણનો વૈશાખીનો મેળો તો વિશ્વભરમાં વિખ્યાત છે. આ સ્થળે આજના દિવસે સન ૧૭૬૮માં શીખોના ગુરૂ શ્રી રામદાસજીની સ્મૃતિમાં એક ભવ્ય ગુરૂદ્વારાની સ્થાપના થઈ હતી અને સાથે સાથે એક પવિત્ર સરોવર પણ બન્યું હતું. જેમાં સ્નાન કરવાથી કુષ્ટરોગ જેવા અસાધ્ય રોગ પણ દૂર થઈ જાય છે. આની સ્મૃતિમાં આજે તરણ તારણમાં ભવ્ય મેળાનું આયોજન થાય છે. જેમાં લાખો ભાવિકો હોંશે હોંશે ભાગ લે છે. પંજાબમાં જ કટરાજડ તાલ પર પણ વૈશાખીનો વિશાળ મેળો ભરાય છે. જેની પાછળ મહાભારતનો એક દિવ્ય પ્રસંગ સંકળાયેલો છે. પોતાના વનવાસ કાળ દરમ્યાન યક્ષનાં પ્રશ્નરૂપ ચેતવણીનો શિકાર થઈ યુધિષ્ઠિર સિવાયના ચાર પાંડવો ભૂખ્યા, તરસ્યા મૃત્યુ પામ્યા ત્યારે યક્ષને તેના પ્રશ્નોના ન્યાય સંગત ઉત્તર દ્વારા પ્રસન્ન કરી દેવતા દ્વારા ચારેય ભાઈઓ પર અમૃત છંટકાવ કરાવડાવી તેમને પુનર્જીવિત કર્યા તે સ્થળ કટરાજ તાલ હતું અને તે દિવસ પણ આજનો વૈશાખીનો દિવસ હતો.

વૈશાખ માસમાં તમામ દેવતાઓ તીર્થ સિવાયની નદીઓ, પવિત્ર સરોવરો, કુવાઓ તથા દરેક જગ્યાએ વહેતી નદીઓમાં વસે છે. આજે વૈશાખીના દિવસે તો વિક્રમી સંવતનો ઉત્થાન અને મકર સંક્રાંતિ હોવાના કારણે આજે કોઈ નદી, નહેર યા સરોવરમાં સ્નાન કરવાનું વિશેષ મહાત્મ્ય છે. જેઓ આજે સૂર્યોદય પહેલાં જળાશયોમાં સ્નાન કરે છે તેમના પર ભગવાન વિષ્ણુ પ્રસન્ન રહે છે. જેઓ આજે વટેમાર્ગુ માટે પરબ બનાવે, તરસ્યાઓને જળ પીવડાવે, છાયાંની ઈચ્છાવાળાઓ માટે છત્રી, પંખો વિ.ની વ્યવસ્થા કરે, ધર્મશાળા બનાવે, પાદુકા (બુટ, ચંપલ) દાન કરે, દૂરના યાત્રીઓને ભોજન કરાવે તેમને અનંત પુણ્યની પ્રાપ્તિ થાય છે. બિહારમાં વૈશાખીનો દિવસ સનુઆની, સનુસા, ચંદ્રાન્તિ તરીકે નદી, સરોવરમાં સ્નાન કર્યા પછી સત્તુનું દાન કરી સ્વયં સત્તુ ખાઈ મનાવે છે. તામિલનાડુમાં ચિતરાર પિરાવિના એટલે કે નવા વર્ષના દિવસ તરીકે મનાવાય છે. આ સમયથી બિહાર નેપાળમાં પણ નવા વર્ષનો પ્રારંભ માનવામાં આવે છે.મણિપુરમાં આજથી લાઈહારોબા નૃત્ય (દેવતાઓના આનંદોત્સવ) રૂપે ૯ દેવતાઓ તથા ૭ દેવીઓ દ્વારા સૃષ્ટિ રચનાના વિકાસ ક્રમને વિસ્તારપૂર્વક પ્રદર્શિત કરતાં ૧૫ દિવસ સુધી ચાલતાં મણિપુરના સૌથી પ્રાચીન નૃત્યનો પ્રારંભ થાય છે. પર્વોના આંચલ બુદેલખંડમાં આજે ભૂખ, તરસ, ઉંઘ તથા દેવી આસ માતાજીની મૂર્તિઓ બનાવી તેનું પૂજન કરવામાં આવે છે. આની પાછળ પ્રચલિત કથાનુસાર ખાસ માતા સદાયે આશાવાન બની રહેવાની પ્રેરણા આપે છે કે માનવીએ ભૂખ - તરસ - ઉંઘના કારણે જીવનમાં નિરાશાને ખંખેરી નાખી સદાયે આશાવાન રહેવું જોઈએ. આજે છોડ વૃક્ષમાં ફૂટતી નવી કુંપળો નવાજીવન પરથી પ્રેરણા લઈ આપણે પણ પરસ્પર મતભેદ મિટાવી નવી જીંદગીની શરૂઆત કરીશું તો જ વૈશાખી સાર્થક ગણાશે. ❃


**વિનોદ કે. શાહ ફોન (ઘર) ૨૪૧૪૪૪૪૧**

**ગામ : મોટા આસંબીયા**

**વાડીલાલ કે. શાહ ફોન (ઘર) ૨૪૦૯૬૬૯૪**

**મો. : ૯૮૨૦૦૫૯૬૨૧, ૯૩૨૨૮૬૫૯૪૩**

# મેસર્સ ભાવેશ એન્ડ કું.

**અનાજ, કઠોળ અને દાળોના જથ્થાબંધ અને છૂટક વેપારી તથા કમિશન એજન્ટ**

**ડી/૩૨, એ.પી.એમ.સી. માર્કેટ નં.-૨, દાણાબંદર, વાશી, નવી મુંબઈ - ૪૦૦૭૦૫.**

**ફોન : ૨૭૮૩૮૨૮૦, ૨૭૮૪૯૦૧૬**




# સોની કાનજી આણંદજી જ્વેલર્સ પ્રા.લી.

**IN MUMBAI**

**Since 1968**

બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, રજે માળે, સહકાર નગરની સામે,

નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧. ફોન : ૨૪૧૫૦૫૭૨, ૪૧૭૫૫૫૦૦

E-mail : admin@sonikanji.com - Website : www.sonikanji.com

કચ્છ : ફરાદીવાલા

## હાલારના ઈતિહાસ, કળા અને પુરાતત્ત્વનું પરિચાયક

# લાખોટા મ્યુઝિયમ : જામનગર

## ૧૮મી મે : આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

■ ભરત'કુમાર' પ્રા.ઠાકર, વૃન્દાવન નગર, અંજાર (કચ્છ) ૯૪૨૭૨ ૨૩૧૫૦

**મ્યુ**ઝિયમો હવે અજાયબ ઘર કે માત્ર સંગ્રહસ્થાન રહ્યાં નથી. 'સંગ્રહાલયો' પણ હવે શાળેય શિક્ષણ અને લોકકેળવણીના અસરકારક માધ્યમ બન્યાં છે. એટલે જ સંગ્રહસ્થાનો વધુ લોકાભિમુખ બને, લોકો અને સંગ્રહાલય વચ્ચેનું તાદાત્મ્ય વધુ ગાઢ બને એવા ઉદ્દેશથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૮મી મે 'આંતરરાષ્ટ્રીય સંગ્રહસ્થાન દિવસ' (ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે) તરીકે ઉજવવામાં આવે છે.

આપણા ભવ્ય ઈતિહાસની ઝાંખી કરાવતા સંગ્રહસ્થાનો સમાજના સંસ્કાર વારસાનું સતત જતન કરે છે. 'વિશ્વ સંગ્રહાલય દિન' પ્રસંગે ખાસ પ્રદર્શનો, પ્રવચનો અને પરિસંવાદોનું પણ આયોજન થતું હોય છે. આ અવસરે ગુજરાતમાં કંઈક અંશે અલ્પખ્યાત રહેલા જામનગરના લાખોટા મ્યુઝિયમનો અહીં મિતાક્ષરી પરિચય કરાવ્યો છે...

### 'કાઠિયાવાડનું કાશી' : જામનગર

સૌરાષ્ટ્ર (જુની ઓળખ કાઠિયાવાડ)નું કાશી અને પિત્તળ ઉદ્યોગનું મોટું મથક ગણાતા જામનગર રાજ્યની સ્થાપના ૧૫૧૯ના અરસામાં કચ્છના જાડેજા રાજવંશના જામ રાવળે (શાસન ૧૫૪૦-૬૨) કરી હતી. પોતાના શાખાના પ્રતાપી પુરુષ હાલાજીના નામ પરથી આ પ્રદેશનું નામ 'હાલાર' રાખ્યું. રાજાશાહી વખતથી લઈ છેક ગુજરાત રાજ્યની સ્થાપના લગી સૌરાષ્ટ્રનાં અન્ય દેશી રાજ્યો (સોરઠ, ગોહિલવાડ, ઝાલાવાડ)ની માફક આ પ્રદેશ પણ પોતના મૂળ (હાલાર) નામે ઓળખાતો.

જામ રાવળે પ્રારંભે પોતાની રાજધાની જામખંભાળિયામાં સ્થાપી હતી. પાછળથી વહીવટી સરળતા માટે ૧૫૪૦માં નાગમતી કિનારે નૂતન શહેર સ્થાપ્યું, જે 'નવાનગર' તરીકે ઓળખાતું અને પછીથી તે જામનું વસાવેલું નગર એટલે




'જામનગર' તરીકે વિખ્યાત થયું. કચ્છીની જેમ હાલારી નૂતન વર્ષ પણ અષાઢી બીજથી જ શરૂ થાય છે.

### શહેરનું બહુમૂલ્ય ઘરેણું !

જામનગર શહેરની મધ્યમાં રમણીય રણમલ તળાવમાં આવેલ 'લાખોટા કોઠા'ની ભવ્ય ઈમારતમાં ૧૯૪૬માં 'મ્યુઝિયમ ઓફ એન્ટિક્વિટીઝ' નામે પુરાતત્ત્વીય સંગ્રહાલયની સ્થાપના કરાઈ હતી, જે લાખોટા પેલેસ મ્યુઝિયમ અને લાખોટા ફોર્ટ મ્યુઝિયમ તરીકે પણ જાણીતું



### 'મેડી'નો સુશોભિત ચિત્રવિભાગ

અહીંના 'માઢ' અથવા 'મેડી' તરીકે ઓળખાતા માળમાં 'ચિત્ર વિભાગ' તૈયાર કરાયો છે. મેડી આ કિલ્લાની સૌથી અલંકૃત જગ્યા છે. તેની રચના મુસ્લિમ સ્થાપત્યના દર્શન કરાવે છે. તે જોતાં જણાય છે કે તેના ગઈધરો અને કારીગરો મુસ્લિમ હશે. તેની છત પર શિવપુરાણના ચિત્રો (૧૮મી સદી) જોઈ શકાય છે.

મેડીના લાકડાના સૂક્ષ્મનકશી કામવાળા દરવાજાઓમાં અબરખ જડવામાં આવ્યું છે. અહીંની દિવાલો જામવંશાવળીની તસવીરો, ધ્રોળ પાસેની ઈતિહાસ પ્રસિધ્ધ ભૂચરમોરીની લડાઈ (૧૫૯૧)ના વિશાળ ચિત્રફલક સહિત જાડેજા રાજપુતો દ્વારા ખેલાયેલા કેટલાક યુદ્ધના ભીંતચિત્રોથી આવૃત્ત છે. ઉપરાંત, અહીં પશ્ચિમી શિલ્પોની કેટલીક પ્રતિકૃતિઓ પણ પ્રદર્શિત કરાઈ છે.

### અન્ય પ્રકીર્ણ વિવરણ






સંગ્રહાલયમાં સુંદર ગ્રંથાલય પણ છે, જેમાં એક હજારથી વધુ સંદર્ભગ્રંથો સંશોધકોને જોવા મળી શકે છે. સમગ્ર કોઠા સંકુલ રણમલ તળાવના કિનારા સુધી બે પુલ દ્વારા જોડાયેલું છે, પરંતુ પ્રવેશ ફક્ત ઉત્તર બાજુના પુલ પરથી કરી શકાય છે. કઠેડા સાથેનો પથ્થરનો આ વળાંકદાર પુલ (આર્ચ્ડ સ્ટોન બ્રિજ) લાખોટાને શહેર સાથે જોડે છે.

આઝાદી બાદ લાખોટા મ્યુઝિયમ સરકાર હસ્તક આવ્યું અને ગુજરાત રાજ્યની રચના પછી તે સરકારના સંગ્રહાલય ખાતાના વહીવટ હેઠળ મૂકવામાં આવ્યું છે. ઐતિહાસિક રણમલ તળાવ સંકુલની રૂા.૪૫ કરોડના ખર્ચે કાયાપલટ પછી લાખોટા સંગ્રહસ્થાન પણ રૂા.૧૮ કરોડના ખર્ચે નવા આકર્ષણો સાથે નવનિર્માણ પામતાં ૫મી મે, ૨૦૧૮ના તેનું લોકાર્પણ થયું હતું. તે સવારે દસથી દોઢ અને બપોરે અઢીથી છ વાગ્યા સુધી ખુલ્લું રહે છે. બુધવાર, બીજો-ચોથો શનિવાર અને જાહેર રજાના દિવસોએ બંધ રહે છે.

ફોન સંપર્ક : ૦૨૮૮-૨૬૭૮૧૨૫, મોબાઈલ-૯૮૯૮૦૯૮૦૪૦

**જામનગરથી અંતર :** સિક્કા ૨૮, લાલપુર ૩૪, ધ્રોળ ૪૦, જોડિયા ૪૬, કાલાવડ ૪૮, ઘુમલી ૫૫, ખંભાળિયા ૫૬, જામજોધપુર ૬૦, સલાયા ૬૮, ભાણવડ ૭૩, રાજકોટ ૮૬, કલ્યાણપુર ૯૮, હરસિદ્ધમાતા ૧૧૬, દ્વારકા/પોરબંદર ૧૪૫, મીઠાપુર ૧૫૧, ઓખા ૧૬૧, પાલીતાણા ૨૬૫. અમદાવાદ ૩૧૦, વડોદરા ૩૮૨ અને મુંબઈ ૭૯૦ કિલોમીટર.

# રખડતા ઢોરોની સમસ્યા અને છસરા પાંજરાપોળની મુલાકાત







**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

રખડતા ઢોરોના ત્રાસ મુદ્દે આપણે સૌ પરેશાની ભોગવી રહ્યાં છીએ. આમ તો મનુષ્ય જાતિએ રખડવાનું છોડીને ખેતી કરીને પોતાનો ગુજારો કરવાનું શીખ્યો, ત્યારથી માનવની સાથે કેટલાક અહિંસક પશુઓ આપણી સાથે રહ્યાં છે અને વફાદારીથી આપણને ઉપયોગી બન્યાં છે. "પશુધન" શબ્દ એની ઉપયોગીતા દર્શાવે છે, એટલું જ નહીં પણ માનવ જીવનની વ્યાખ્યામાં પણ આવા પશુઓનો સમાવેશ છે. આપણા કરતાં શારીરિક રીતે તાકતવાર ગાય જેવા પશુઓ આમ તો રસ્તાઓ રોકીને બેસી રહેવા સિવાય કશી સમસ્યા નથી સર્જતા, પણ ક્યારેક એમનું હિંસક વર્તન સમસ્યા ઉભી કરે છે.

એક બાજુ માનવ વસતી વધી રહી છે, બીજી બાજુ ગોચરની જમીનમાં સતત થતો ઘટાડો પણ ચિંતાજનક છે.

એક બાજુ નાગરિકોને ત્રાસ અને પીડા ભોગવવા પડે છે અને ક્યારેક માનવ વસ્તીમાં પશુઓ ઘુસીને હિંસક વર્તન કરે છે, બીજી બાજુ અબોલ પશુઓની વેદનાને અવગણી ના શકાય. પશુઓ ઉત્પાદક હોય કે ના હોય, એને ચોવીસ કલાક ગમાણ, વાડા કે પાંજરાપોળમાં ગોંધી ન રાખી શકાય. એમને હરવા-ફરવાની મોકળાશ જોઈએ. આ પરિસ્થિતિમાં સરકાર પણ શું કરી શકે? સરકાર બહુ બહુ તો કાયદો ઘડે, પણ એનો અમલ કરવો મુશ્કેલ કામ છે. ઢોર રખડતાં ફરે, તો તેના માલીક સામે ૧૮૮ હેઠળ ગુનો દાખલ કરી, ઢોરોની ધરપકડ થઈ શકે. પણ ઢોર પકડવાની કામગીરી, પડકારજનક છે. પશુ માલિકો તરફથી વિરોધ થાય છે.

- પાળેલા પશુઓ આપણી જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડે






છે અને આપણને અન્ય રીતે (ખાસ કરીને ખેતી અને પરિવહન દૃષ્ટિએ) ઉપયોગી બને છે. મનુષ્યની ઘણી ખાનપાનની ટેવો પણ તેમના દૂધ દ્વારા મળતી સામગ્રી આસપાસ વિકસી છે. જેના કારણે મનુષ્ય જાતે કાળક્રમે એમની સાથે નિકટતા અનુભવે છે. આમે આપણે ગાયને માતા સમકક્ષ દરજ્જો આપીને ધાર્મિક રીતે મહત્ત્વ સ્વીકારીને ગૌવંશની હત્યાને પાપ માનીએ છીએ, એટલું જ નહીં, પણ પરિવારના સભ્ય તરીકે વ્હાલ કરીએ છીએ.

GALA GROUP
Enhance your Lifestyle

# ONE STOP SOLUTION FOR ALL YOUR INTERIOR NEEDS

**Choose from over 2 lakh products & 40 International brands spread across 1 lakh sq. ft. of display area**



## Uro Veneer World

Exclusive Veneers
Designer Laminates
Plywood
Alabaster & MDF
Designer Charcoal Panels & Acrylam

**Mysore Road** 9880589240 **RV Road** 9902348240



## Wood & Mouldings

Wooden Flooring
Exterior Cladding
Decking
Wallpaper
Dupont Corian
Door


**Mysore Road** 9880589246 **RV Road** 8105921000



## Gala Furniture World

Luxury Sofas
Dining Tables
Living Collection
Recliners
Artefacts & Carpets


**Mysore Road** 9900710000 **RV Road** 9980156197



## Bath World

Flooring Tiles
Wall Tiles
CP Fittings
Sanitaryware
Faucets
Kitchen Sinks


**Mysore Road** 9880520000



## Gala Stone World Stone World

Odyssey carvings
Flex stone cladding
Orvi stone surfaces
Stone metal fusion
Natural stone cladding, Stone décor

**Mysore Road** 9036456788 **RV Road** 9632811911



## Euro Lighting World

Decorative Light Fixtures
Designer Ceiling Fans

**Mysore Road** 9945446666



## Gala Curtain World Drapes World

Curtains
Blinds
Upholstery
Mattress
Home Linen & Accessories

**Mysore Road** 9036839449 **RV Road** 9844431901



## Gala Hardware World

Designer Hardware
Cabinet Handles & Locks
SS Railings
Bathroom Accessories
Glass Fittings

**Mysore Road** 9845565779 **RV Road** 9945163360



## Mahaveer Corporation (India)

Aluminum Composite Panels
Interior & Exterior Grade

**Mysore Road** 9739300015



## Gala Kitchen World Hafele & Blum Design Studio

Kitchen & Wardrobe Accessories
Appliances
Hobs & Chimneys
Sliding Fittings

**Mysore Road** 9945163360 **RV Road** 7829773850

www.galagroup.in info@galagroup.in customer care: 080 26749845

છે. તેમાં કલા અને પુરાતત્ત્વવિદ્યા વિષયક વસ્તુઓ પ્રદર્શિત કરેલી છે.

લાખોટા કોઠો જામનગરની એક મૂલ્યવાન અસ્ક્યામત (પ્રાઈઝ પઝેશન) ગણાય છે. તેના વિષે એમ કહેવાયું છે કે જામનગરના વિવિધ કિલ્લાઓ અને સ્મારકોની લાંબી યાદીમાં અગ્રક્રમે, કદાચ લાખોટા મહેલનું મોહક સૌંદર્ય આવે છે ! આજે તો તે એક નાના અને નાજુક 'લાખોટા મ્યુઝિયમ'માં ફેરવાઈ ગયું છે. સુંદર સ્થાપત્યની દષ્ટિએ પણ આ કોઠો મહત્ત્વનો છે.

લાખોટા તળાવની વચ્ચે એક બેટ પર ગોળાકાર લાખોટા કોઠો (નાનો મહેલ) આવેલો છે, જે એક સમયે નવાનગર રાજ્ય (જામનગર જિલ્લાનું જૂનું નામ)ના મહારાજાની માલિકીનો હતો. આ સુંદર મહેલ ત્યારે જામનગરના રાજવીઓનું આરામદાયક નિવાસસ્થાન (સમર પેલેસ) હતું. ઉનાળામાં ગરમીથી રાહત મેળવવા તેઓ અહીં રહેવા આવતા હતા.

### મૂળ હેતુ : સંરક્ષણ સજ્જતા

૧૮૩૪, ૧૮૩૯ અને ૧૮૪૬માં હાલાર પંથકમાં દુકાળોની પરંપરા સર્જાઈ. તેના પગલે નવાનગરના ૧૬મા જામસાહેબ રણમલજી - બીજા ઉર્ફે રણમલજી સતાજી (શાસન ૧૮૨૦-૫૨)એ રાહત કાર્ય માટે શહેરમાં મોટું તળાવ અને તેની મધ્યમાં કિલ્લો બંધાવ્યો. નિર્માતા રાજવીના નામ પરથી જળાશય 'રણમલ તળાવ' તરીકે તથા કિલ્લો બાંધવામાં એ સમયે લાખો કોરીનો ખર્ચ કરાયો હોઈ તે 'લાખોટા કોઠા' કે લાખોટા મહેલ તરીકે ઓળખાયો. (કેટલાકને મતે રણમલજીના દાદા ૧૩મા જામસાહેબ લાખાજી - ત્રીજા ઉર્ફે લાખાજી તમાચીજી (શાસન ૧૭૪૩-૬૮) ના નામ પરથી પણ આવું નામ પડ્યાનું મનાય છે.)

મૂળે આ કિલ્લો શાહી શસ્ત્રાગાર (રોયલ મ્યુનિશન્સ સ્ટોર) તરીકે બાંધવામાં આવ્યો હતો, જેથી યુધ્ધ સમયે તેની સામગ્રી હાથવગી બની રહે. તેના બાંધકામમાં રાજપૂત-મોગલ શૈલીનું મિશ્રણ જોવા મળે છે. કિલ્લામાં પ્રવેશતાં જ પ્રથમ પેવેલિયનમાં હથિયારો - દારૂગોળો સંઘરવાના ચોકિયાત ખંડો જોવા મળે છે, જે આ માળખાનો મૂળ હેતુ (સુરક્ષા વ્યવસ્થા) અને રાજ્યની તત્સમયની લશ્કરી સજ્જતાનો ખ્યાલ આપે છે.

એક કિલ્લા સ્વરૂપે તેની રચના એ રીતે કરવામાં આવી હતી કે તેની ચોફેર મુકાયેલા સૈનિકો ખાઈનું કામ કરતા તળાવની મદદથી હુમલાખોર દુશ્મન સૈન્યને દૂર રાખી શકે. અર્ધવર્તુળાકારે નિર્મિત કોટના મથાળે ફરતે તોપો ગોઠવવાના બુરજો (બેસ્ટિઅન્સ/ટરેટ્સ, જે તોપચીઓનું રક્ષણ પણ કરે છે) અને બધી દિશામાં નજર રહે તે માટે નાની બારીઓ બનાવેલી છે.

### અતિતના આયનામાં અવગાહન

સૌરાષ્ટ્રમાં સ્થાપત્ય નિર્માણનો આરંભ મૈત્રક કાળ (૫મીથી ૮મી સદી)માં થયો હોવાનું મનાય છે. જામનગર કિલ્લાનું 'ઘુમલી' વલ્લભ અને સૈંધવ સમય (૭મીથી ૧૦ સદી)ના મૈત્રકોની રાજધાની હતી.

તે પછી ગુજરાતમાં સોલંકી કાળ (૧૦મીથી ૧૩મી સદી) ગુજરાતના સ્થાપત્યનો સુવર્ણયુગ ગણાય છે. આ કાળમાં જેઠવાઓએ ઘુમલીને રાજધાની બનાવી હતી. ઘુમલીના અવશેષો આ સમયમાં નિર્માણ પામેલા છે.

ઘુમલી પર થયેલા અનેક આક્રમણોને કારણે મોટા ભાગના સ્થાપત્યો નાશ પામ્યા. તેના કેટલાક બચેલા અવશેષો જામનગરના આ પુરવસ્તુકીય સંગ્રહસ્થાનમાં લાવી પ્રદર્શિત કરાયા છે. આમ, આ સંગ્રહાલય તેના ઉત્કૃષ્ટ કલાત્મક શિલ્પ-સ્થાપત્ય દ્વારા જેઠવાકાલીન ઈતિહાસને તાદશ કરે છે.

### શિલ્પ વિભાગ-ગોપ પરિસર

આ ફોર્ટ મ્યુઝિયમ ૯મીથી ૧૮મી સદીના સ્થાપત્ય અવશેષો તથા આજુબાજુના મધ્યકાલીન ધ્વસ્ત ગામોમાંથી પ્રાપ્ત માટીના પાત્રો કે પ્રતિમાઓનો ગણનાપાત્ર સંગ્રહ ધરાવે છે. ઉપરાંત, વહેલનું હાડપિંજર પણ સચવાયેલું છે. તેના પાંચ વિભાગોમાં બધા મળીને લગભગ ૪૯૦ નમૂનાઓ પ્રદર્શિત થયા છે.

તેના 'શિલ્પ વિભાગ'માં પ્રદર્શિત નમૂનાઓ ઘુમલી, પાછતર, ભાણવડ, ભણગોળ, ભરાણા વગેરે સ્થળોએથી લાવીને અહીં મૂકવામાં આવ્યા છે. ઉપરાંત કેટલાક શિલાલેખો, તામ્રપટો, ચિત્રો, સિક્કાઓ, લોકકળા અને પ્રાકૃતિક ઈતિહાસના નમૂનાઓ પણ અહીં રજૂ કરાયા છે.

આ વિભાગમાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, ઉમા-મહેશ્વર, બ્રહ્મા-બ્રહ્માણી, મહિષાસુર મર્દિની, ષષ્ટભુજા ગણપતિ, વિષ્ણુચરણ, જૈનશોભન, રેતપથ્થરનું હાથીશિલ્પ વાદક ગાંધર્વો, વરાહ, દ્વારપાળ વગેરેની શિલ્પકૃત્તિઓ ધ્યાનાકર્ષક છે.

ઉપરાંત સૂર્યચરણ-સૂર્યાણી (બંને ૧૦મી સદી) ના શિલ્પો 'ગોપ પરિસર'માં મૂકવામાં આવ્યા છે. શિલાલેખોમાં અર્જુનદેવ વાઘેલાનો શિલાલેખ (૧૧મી સદી), કોરાથી પ્રાપ્ત પાળિયો (૧૪મી સદી), ચોટીલાના રથનો પાળિયો (૧૮મી સદી) વગેરે મુખ્ય છે.

**ઢોર રખડતા ફરે, તો તેના માલિક સામે કલમ ૧૮૮ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ થઈ શકે.**



રખડતા ઢોરોની સમસ્યા હલ કરવી હશે, તો આ બધા સંદર્ભોને નજર સમક્ષ રાખીને વિચારવું પડશે. આ સમસ્યા હલ કરવા માલધારી સમાજ, વ્યક્તિગત રીતે ઢોરોના માલિકો, ધર્મગુરુઓ અને સરકારી - અર્ધસરકારી તંત્રના પ્રતિનિધિ સાથે રહીને વ્યવસ્થિત પ્લાન તૈયાર કરી દરેકે પોતપોતાની જવાબદારી નિભાવવી જોઈએ. રોડ ઉપર કે જાહેર સ્થળે ઢોર છોડવા નહી, રખડતા ઢોરોને એનિમલ હોસ્ટેલ કે જાહેર ટ્રસ્ટ દ્વારા ઉભા કરાયેલા વાડા, પાંજરાપોળની વ્યવસ્થા ઉભી કરીને દરેક નાના મોટાના સહકારથી આ સમસ્યા હલ થઈ શકે.

આ સંદર્ભમાં કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ (રજી.નં.E/૨૨૨૭૨-અમદાવાદ PAN NO : AADTK6423E) માંડવી તાલુકામાં આવેલ ફરાદી ગામની સીમમાં **"ફક્ત રખડતા ઢોરો"** માટે શરૂઆતમાં ૨૦૦ કે ૩૦૦ ઢોરોનો સમાવેશ થાય, એવો વાડાની વ્યવસ્થા ઉભી કરવા માંગે છે. આમ તો ફરાદી ગામની સીમ મોટામાં મોટી સીમ છે, તેમાં આસપાસના ગામોના ખેતરો પણ આવેલા છે. પુરતા પાણીની પણ વ્યવસ્થા છે. ફરાદી ગામ પંચાયત આ હેતુ માટે જમીન આપવા આતુર છે. હકીકતમાં રખડતા ઢોરો માટે વાડાની વ્યવસ્થા કરવી આસાન છે, પણ...

રખડતા ઢોરોના વાડા નિભાવવા હોય, તો લાંબા ગાળાનું આયોજન કરવું જોઈએ. એક ઢોર દીઠ ખાવાનો કેટલો ખર્ચ આવે છે? એની ચાકરી માટે કેટલા પગારદાર માણસો રોકવા જોઈએ? દાતાઓ પાસેથી દર વર્ષે આપણે કેટલું બીનશરતી દાન મેળવી શકીએ, એમ છીએ. આ બધા જ પાસા વિચારવા આ વર્ષે ઉપરોક્ત ટ્રસ્ટે શ્રી છસરા જીવદયા કેન્દ્ર સંચાલિત પાંજરાપોળની મુલાકાત લેવાનું નક્કી કર્યું. તા.૩૦-૩-૨૦૨૩ના રોજે કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટના કાર્યકરો (ભવાનજી ગાલા, પુષ્પરાજસિંહ જાડેજા, કીર્તિભાઈ વલ્લભજી રાજગોર, ગૌતમ રાઠોડ, ભરત પુજારી વગેરે) એ પાંજરાપોળની મુલાકાત લઈને મકાઈનો તાજો લીલો ચારો નાખીને ગૌમાતાના આશીર્વાદ લીધા.

રખડતા ઢોરોની સમસ્યા હલ કરવાના હેતુથી વાડાની વ્યવસ્થા ઉભી કરવા આદરેલ સર્વેમાં છસરા પાંજરાપોળની મુલાકાત અમને બહુ ઉપયોગી સાબિત થઈ, કારણ કે આ પાંજરાપોળની સ્થાપના કરવામાં અને તેને સુવ્યવસ્થિત કાર્યરત રાખવામાં કાર્યકરોએ શરૂઆતથી આજ સુધી ભારે સંઘર્ષ કરવો પડ્યો છે. એટલે આ પાંજરાપોળના ઈતિહાસ પ્રત્યે એક નજર કરવી જરૂરી છે. આ પાંજરાપોળની શરૂઆતથી આજ સુધીના નિષ્ઠાવાન કાર્યકરો, પારદર્શક વહીવટ, બીમારીથી પીડાતા કે અશક્ત ઢોરો માટેની અલગ વ્યવસ્થા અને ખાણીપીણી, વગેરે બાબતો ખાસ ધ્યાન ખેંચે છે. પરિણામે પાંજરાપોળની સ્થાપનાથી આજ સુધી કોઈ પણ દાતાની તકતી વગર ગૌમાતાની સેવાની જ્યોત આજ સુધી પ્રગટ થઈ રહી છે.

શ્રી છસરા જીવદયા કેન્દ્રની શરૂઆત ઈ.સ.૧૯૯૧ થી જીવદયા પ્રેમી લક્ષ્મીચંદ નાનજી ગંગરે ગામમાં રખડતા ઢોરોને પકડીને ઢોરવાડો ચાલુ કરેલ. આ અગાઉ કચ્છમાં ઈ.સ.૧૯૮૫, ૧૯૮૬ અને ૧૯૮૭ના ત્રણ વર્ષથી ભીષણ દુષ્કાળથી પશુપાલકોની કમર તૂટી ગઈ હતી, ત્યારે મહાજને ઢોરવાડા ચાલુ કર્યા હતા. પણ જૈન સમાજમાં મહાજનો પોતપોતાના ગામોમાં દુકાળના સમયગાળામાં ઢોરવાડા ચલાવતા હોવાની પરંપરા છે. સતત ત્રણ વર્ષથી દુકાળો થકી રખડતા ઢોરોની સંખ્યામાં વધારો થતાં જીવદયાપ્રેમી લક્ષ્મીચંદભાઈએ ઢોરવાડો તો ચાલુ કર્યો, પણ સાથે સાથે મનોમન પ્રતિજ્ઞા લીધી કે **જ્યાં સુધી પાંજરાપોળનું નિર્માણ ન થાય અને એવી વ્યવસ્થા ઉભી ન થાય, ત્યાં સુધી પોતે દાઢી મુંડાવશે નહીં.**

**પાંજરાપોળની સ્થાપનાથી આજ સુધી કોઈ પણ દાતાની તકતી વગર ગૌમાતાની સેવાની જ્યોત આજ સુધી પ્રગટ થઈ રહી છે.**

બસ, પછી જૈનોના હૃદય દ્રવી



**જ્યાં સુધી પાંજરાપોળની વ્યવસ્થા ન થાય, ત્યાં સુધી પોતે દાઢી મુંડાવશે નહીં, એવી પ્રતિજ્ઞા લક્ષ્મીચંદભાઈએ લીધી હતી.**

ઉઠ્યાં. તેમાં ગાલા કેટર્સવાળા પ્રવિણભાઈએ પ્રતિજ્ઞા તોડવા આગળ આવ્યા અને પોતાનો માતબર રકમનો ફાળો આપીને લક્ષ્મીચંદભાઈને ઉષ્માભર્યો સાથ આપ્યો અને બંને કાર્યકરો સમર્પિત ભાવે અન્યો પાસેથી ફાળો ઉઘરાવી ચાર વર્ષથી ચાલતા ઢોરવાડાને પાંજરાપોળમાં ફેરવી આઠ કોટી મોટી પક્ષના પ.પૂ.મુનિ રમેશચંદ્રજી મ.સા.ની નિશ્રામાં આ પાંજરાપોળની સ્થાપના ધર્મશાળાના વરંડામાં કરવામાં આવી. ધર્મશાળાના વરંડાની બાજુમાં આવેલ ઠાકરશી ભાણજી લાપસીઆએ પોતાનો વરંડો પાંજરાપોળને અર્પણ કરી પોતાની ઉદારતા પ્રગટ કરી.



આ પાંજરાપોળના પાયાના પથ્થર એવા લક્ષ્મીચંદ નાનજી ગંગર અને પ્રવિણ શીવજી ગાલા સમર્પિત ભાવથી છસરા પાંજરાપોળને સેવા આપીને મૂંગા ઢોરોની વેદના ઝીલીને તેમને જીવાડી રહ્યાં છે. અત્યારે છસરા જીવદયા કેન્દ્રના ટ્રસ્ટી તરીકે પ્રવિણચંદ્ર શીવજી ગાલા (ચેરમેન), કાનજી મહુભાઈ વોરા, ભરત ગાંગજી ગોગરી અને હસમુખ નેણશી ગંગર કાર્યરત છે અને પોતાના સામાજિક જીવનનો કિંમતી સમય ફાળવીને મૂંગા ઢોરોની સેવા કરે છે. તેમને તુષારભાઈ વોરા, ભરતભાઈ અને કીર્તિભાઈ મગનલાલ ગાલા ટેકો આપીને પાંજરાપોળની સ્થાનિક વ્યવસ્થા સંભાળે છે. પરિણામે છસરા પાંજરાપોળની જ્યોત સતત જલતી રહે છે.

આ પાંજરાપોળમાં ૧૭૫ થી ૨૦૦ ઢોરો આશરો લઈને માનવજાતને આશીર્વાદ વરસાવી રહ્યાં છે. પરિણામે અહીંના વાતાવરણની સુગંધથી અમારી મુલાકાત સુખદ અને યાદગાર બનતાં અમારા ટ્રસ્ટના એક કાર્યકર પુષ્પરાજસિંહ જાડેજાના મુખમાંથી શબ્દો સરી પડ્યાં કે "પાંજરાપોળના કાર્યકરો દિલથી ઢોરોની સેવા કરે છે."

❀




# વણઉકેલાયેલ રહસ્ય બર્મુડા ટ્રાઈંગલ

■ ડૉ. મિહિર એમ. વોરા



મિત્રો આ લેખમાં મે ઈન્ટરનેટ ગુગલ ફોટો અને વિકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ, બ્લોગ, વેબસાઈટમાંથી બર્મુડા ત્રિકોણ રહસ્ય વિશે માત્ર માહિતી આપી છે. આમાં એક પણ શબ્દ મારો નથી જેની નોંધ લેજો. આ માહિતી સાચી છે કે ખોટી તેની તપાસ કરજો અને પછી જ વાસ્તવિકતા સ્વીકારજો તેવી વિનંતી છે.

બર્મુડા ટ્રાઈંગલ લાંબા સમયથી રહસ્ય રહ્યું છે. ઘણાં સંશોધનો પછી પણ વૈજ્ઞાનિકો તેનું રહસ્ય શોધી શક્યા નથી. આ દરમિયાન તેની અંદર અનેક જહાજો અને વિમાન રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા છે. આ સ્થળ ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં સ્થિત બ્રિટનનો ઓવરસીઝ ટેરિટરી છે. તે યુનાઈટેડ સ્ટેટ્સના પૂર્વ કિનારે ફલોરિડાના મિયામીથી માત્ર ૧૭૭૦ કિલોમીટર અને હેલિફેક્સ, નોવા સ્કોટીયા (કેનેડા) થી ૧૩૫૦ કિલોમીટર દક્ષિણમાં સ્થિત છે.

ઈન્ડોનેશિયાથી સિંગાપોર જઈ રહેલી એર એશિયાની ફલાઈટ QZ 8501 લાપતા થઈ ગઈ છે. વિમાનમાં ૧૫૫ યાત્રીઓ સવાર હતા. લાપતા વિમાન અને એટીસી વચ્ચે છેલ્લા સંવાદમાં વિમાનના પાયલોટે વિમાનનો રસ્તો બદલાયાની વાત કહી હતી. વિમાનોના આ રીતે ગાયબ થવાના અનેક રહસ્યો દુનિયામાં છે. તેમાંથી એક રહસ્ય એટલે બર્મુડા ટ્રાયએંગલ.

વૈજ્ઞાનિકો વર્ષોથી આ રહસ્ય ઉકેલવામાં લાગેલા છે કે એટલાન્ટિક મહાસાગરના ઉંડાણમાં એવું તો શું છે જે અમેરિકાના દક્ષિણ-પૂર્વીય કિનારે બનેલા બર્મુડા ટ્રાયએંગલ પર આવેલા જહાજો અને વિમાનોને ગાયબ કરી દે છે. વાસ્તવમાં બર્મુડા ટ્રાયએંગલ અમેરિકાના ફલોરિડા, પ્યૂર્ટોરિકો અને બર્મુડા એમ ત્રણેયને જોડનારો ટ્રાયએંગલ (ત્રિકોણ) છે. ત્યાં પહોંચતા જ મોટા મોટા સમુદ્રી અને હવાઈ જહાજો ગાયબ થઈ જાય છે. ટ્રાયએંગલની પાસે પહોંચતા ના કોઈ જહાજ મળે છે ના તેના મુસાફરો.


બર્મુડા ત્રિકોણ વર્ષોથી વિશ્વ માટે એક રહસ્ય રહ્યું છે. વૈજ્ઞાનિકો વર્ષો સુધી સંશોધન કરીને પણ તેનું રહસ્ય ખોલી શક્યા નથી. બર્મુડા ટ્રાયએંગલમાં ઘણા વિમાનો અને જહાજો ગુમ થયા છે. ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં સ્થિત આ વિસ્તાર બ્રિટનનો ઓવરસીઝ ટેરિટરી છે. હવે એક ક્રુઝ કંપની બર્મુડા ટ્રાયએંગલ સુધીની સફર માટે લોકોને વિચિત્ર ઓફર આપી રહી છે.

ક્રુઝ કંપનીની આ ઓફર વિશે જાણીને દરેકને આશ્ચર્ય થયું છે. બર્મુડા ટ્રાયએંગલ જેવા રહસ્યમય સ્થળોની આસપાસ ફરવું પણ ખતરનાક બની શકે છે, પરંતુ તેમ છતાં લોકો ત્યાં જવા માટે તૈયાર છે. બ્રિટનનો આ ઓવરસીઝ ટેરિટરી યુનાઈટેડ સ્ટેટ્સના પૂર્વ કિનારે, મિયામી (ફલોરિડા)થી ૧૭૭૦ કિ.મી. અને હેલિફેક્સ, નોવા સ્કોટીયા (કેનેડા)થી ૧૩૫૦ કિ.મી. દક્ષિણે સ્થિત છે. આવો જાણીએ કંપનીની વિચિત્ર ઓફર વિશે...

વાસ્તવમાં ક્રૂઝ કંપની યાત્રીઓને રસપ્રદ ઓફર આપી રહી છે. કંપનીનું કહેવું છે કે જો જહાજ ગુમ થશે તો તેમની ટિકિટના તમામ પૈસા પરત કરવામાં આવશે. હવે તમે જ વિચારો, આ ઓફર વિશે જાણ્યા પછી શું કોઈ આ ટ્રિપ પર જવા ઈચ્છશે? એક અહેવાલ અનુસાર નોર્વેજીયન પ્રિમાના આયોજકોનું કહેવું છે કે જો બર્મુડા ટ્રાયએંગલની સફર દરમિયાન જહાજ ગુમ થઈ જાય તો ૧૦૦ ટકા પૈસા પરત કરવામાં આવશે.

આ યાત્રા પાંચ દિવસની હશે, જેનું ભાડું ૧.૫ લાખ રૂપિયાથી વધુ રાખવામાં આવ્યું છે. બર્મુડા ત્રિકોણને શેતાનિક ત્રિકોણ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સ્થળ મનુષ્યો માટે એક રહસ્ય છે, કારણ કે આ વિસ્તારમાં ડઝનબંધ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા છે.

આ સફર આવતા વર્ષે માર્ચમાં નોર્વેજીયન પ્રાઈમા લાઈનર પર ન્યૂયોર્કથી બર્મુડા સુધીની હશે. આ દરમિયાન




વાતચીત, પ્રશ્નો અને જવાબો પણ થશે. મુલાકાત દરમિયાન ગેસ્ટ સ્પીકર્સમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સમાં કામ કરી ચૂકેલા નિક પોપ અને લેખક નિક રેડફર્નનો સમાવેશ થશે.

પૃથ્વી પર સમુદ્રમાં એક એવી જગ્યા છે કે ત્યાંથી પસાર થતા જહાજ અને આકાશના વિમાનો પણ અદૃશ્ય થઈ જાય છે. આ જગ્યા બર્મુડા ટ્રાયએંગલ, ત્રિભંગ, ત્રિકોણના નામથી જાણીતી છે. આ જગ્યા સાથે પુરાણ, પ્રાચીન વિશ્વ અને આધુનિક વિશ્વની ઘટનાઓ જોડાયેલ છે. આવો મિત્રો બર્મુડા ટ્રાયએંગલનો એનાલીસીસ કરીએ અને જાણીએ કે રહસ્ય છે કે અફવા...

ઉત્તર પશ્ચિમ એટલાન્ટીક મહાસાગર બર્મુડા ટાપુ, અમેરિકાના ફ્લોરિડા રાજ્યના મિયામી શહેર અને પ્યુર્ટો રીકો રાજ્યના સાન જુઆન ટાપુને જોડતા જે ત્રિકોણ બને છે. જેને બર્મુડા ટ્રાયએંગલ કહેવાય છે. આ ત્રિકોણનું ક્ષેત્રફળ ૭ લાખ ચો.કિ.મી. છે. અમેરિકા, યુરોપ, કેરેબિયા બંદરો પર જવા માટે સૌથી વ્યસ્ત જળમાર્ગો પૈકી એક છે.

શિવપુરાણમાં એવો ઉલ્લેખ છે કે કોઈ પણ ઉર્જા અન્ય ઉર્જામાં પરિવર્તિત થતી હોય છે. આ એક પૂર્ણપણે આધ્યાત્મિક ઉર્જા છે. પૃથ્વી પરની કોઈ ચોક્કસ જગ્યાએ ઉર્જા એ એકત્રિત થતી હોય તો, એ આ જગ્યા હોઈ શકે છે. કોઈ દૈવી શક્તિનો ચમત્કાર પણ માનવામાં આવે છે. કેમ કે, અહીં સમાયેલા જહાજો આજ સુધી પાછા વળ્યા હોય એવું શક્ય બન્યું નથી. પૃથ્વી ગળી જતી હોય એવું પણ માનવામાં આવે છે.

વાલ્મીકી રામાયણમાં ઉલ્લેખ છે કે હનુમાનજીને લંકા જતી વખતે લંકાથી સાત યોજન દૂર રોકવામાં આવેલા આ જગ્યાએ બર્મુડા ત્રિભંગ પણ ભૌગોલિક રીતે હાલ તો આ વાત શક્ય નથી. શ્રીલંકા અને આ ટ્રાયએંગલ વચ્ચે ઘણું બધું અંતર છે.

દુનિયાની સફરે નીકળેલા ક્રિસ્ટોફર કોલંબસ જ્યારે અહીંથી પસાર થયો ત્યારે તેને પણ આવો કંઈક અનુભવ થયો હશે. તેણે એક અદ્ભુત પ્રકાશ જોયો હતો અને તેઓ પણ પોતાની એક બુકમાં લખે છે કે આકાશથી સમુદ્ર સુધી આગની જવાળાઓ દુરથી દેખાતી હતી.

અહીંના આજુબાજુના વિસ્તારોમાં હોકાયંત્ર પણ કામ કરતું બંધ થઈ ગયું હતું. નાસાને પણ અવકાશમાં થયો હતો અનુભવ. અમેરિકાની અવકાશ સંશોધન સંબંધિત સંસ્થા નાસાના અવકાશયાત્રી રહી ચુકેલા ટેરી વર્ટસ જણાવે છે કે તેમને પહેલ અવકાશ અભિયાનમાં જ આ વાતનો અનુભવ થયો હતો. તેઓ સુવા જઈ રહ્યા હતા, ત્યારે તેમની આંખો ભયંકર સફેદ કિરણોને લીધે અંજાઈ ગઈ હતી. ટેરી વર્ટસ કહે છે કે, આકાશમાં એક એવો વિસ્તાર છે કે, જેને બર્મુડા ટ્રાયએંગલ કહેવામાં આવે છે. અવકાશમાં બર્મુડા ટ્રાયએંગલ એટલાન્ટિક મહાસાગર અને બ્રાઝીલ ઉપરના આકાશમાં છે.

આ વિસ્તારમાંથી જ્યારે અવકાશયાન અથવા સ્પેશ સ્ટેશન પસાર થાય છે, ત્યારે કમ્પ્યુટર રેડિએશનનો શિકાર




બની જાય છે. એટલે આ વિસ્તારમાંથી સ્પેશ શટલ અને યાન જલ્દીથી જલ્દી પસાર થઈ જાય છે. આ કારણે દુનિયાનું સૌથી શક્તિશાળી દુરબીન હબલ આ વિસ્તારમાં પસાર થતી વખતે પોતાના કાર્યો કરવાનું બંધ કરી દે છે.



૧૯ એપ્રિલ ૧૯૬૮ના રોજ ફલાઈટ ૧૯ વિશે એ પણ જાણવા મળ્યું છે કે તેના પાઈલોટ આ ટ્રાયએંગલમાં પ્રવેશ બાદ વારંવાર સુચન આપતા હતા કે અમે સફેદ પાણીમાં પ્રવેશ કરી રહ્યા હોય એવું લાગે છે. અહીં કંઈક ગરબડ છે. અમને એવું લાગે છે કે અમે મુશ્કેલીમાં છીએ. પાણીનો રંગ લીલો હોય છે પણ અહીં સફેદ કેમ કહ્યું હશે? આ પણ એક રહસ્ય છે.

૫ સપ્ટેમ્બર ૧૯૪૫માં અમેરિકી સેનાના પાંચ ફાઈટરપ્લેન ઉડાન ભરી ૧૨૦ માઈલનું અંતર કાપી પરત આવવાનું હતું. જ્યાંથી પસાર થવાનું હતું એ જગ્યા બર્મુડા ત્રિભંગમાં આવતી હતી. પાંચ પાઈલોટ ઉડાનના એક કલાક પછી કંટ્રોલરૂમને એવો સંદેશો આપ્યો કે તેઓનું હોકાયંત્ર કામ કરતું બંધ થઈ ગયું છે.

અને તેઓ ક્યાંય અટવાઈ ગયા છે. એટલા સંદેશની સાથે કંટ્રોલરૂમ સાથે સંપર્ક તુટી ગયો. ત્યાર બાદ સાંજે એક સંદેશો આવ્યો કે પ્લેનમાં ઇંધણ પૂરું થઈ ગયું છે એટલે બધા પાઈલટ કુદવાની તૈયારી કરે. કંટ્રોલરૂમને આ સંદેશો મળતા પીબીએમ-૫ પ્લેન સાથે જ એક મૈરીનર ફલાઈંગ બોટ જે હવામાં ઉડી પણ શકે અને તરી પણ શકે એવી બોટ સાથે કાફલો રવાના થયો હતો. પણ મૈરીનર ફલાઈંગ બોટની થોડા જ કલાકોમાં હવામાં બ્લાસ્ટ થવાનો સંદેશ આવે છે પણ પાંચેય જહાજની માહિતી પ્રાપ્ત થઈ હતી.

જેમાં એક જહાજના પાઈલટ રોબર્ટ કાક્સ હતા. રોબર્ટ કાક્સ કે કહ્યું કે તેઓ કોઈ નાનકડા ટાપુ ઉપર ઉડી રહ્યા છે. આ સિવાય તેઓને ક્યાંય જમીન દેખાતી નથી. પણ તપાસ દરમ્યાન એવું પણ જાણવા મળ્યું કે તેઓ પોતાના નક્કી કરેલા રૂટ ચાલ્યા ન હતા અન્યથા તેઓને અનેક ટાપુઓ જોવા મળ્યા હોત.

ત્યાર બાદ આજ સુધી પાંચેય પ્લેનનો કોઈ ભાગ કે પાયલટની લાશો કંઈ પણ આજ સુધી મળ્યું જ ન હતું. કેટલાય મહિના સુધી તપાસના અંતે એવો રીપોર્ટ કરવામાં આવ્યો કે આ ઘટના પાયલોટના માર્ગ ભટકવાથી થઈ છે. આ ઘટના પછી જ દુનિયાની સામે આવ્યો બર્મુડા ટ્રાયએંગલ.

હોકાયંત્ર દિશા ભટકી જવાની ઘટના આજ ટ્રાયએંગલ પર બને છે. આ ઘટનાને સામાન્ય ઘટના તો ન જ ગણી શકાય પણ પૃથ્વી પર પણ ઘણી એવી જગ્યાઓ છે જ્યાં ગુરૂત્વાકર્ષણ બળ વિરૂધ્ધ કાર્ય કરે છે. ઘણીવાર વાંચ્યું કે એક જગ્યા એવી છે, જ્યાં તમે ઢાળમાં ગાડી મુકી દો તો ઓટોમેટીક ઉપર ચડતી જણાય. આ એક ચુંબકીય ક્ષેત્રથી પ્રભાવિત જગ્યા જ છે.

સ્પેન્સ લીંબો ઓફ ધ લાસ્ટ, ધ બર્મુડા ટ્રાયએંગલ, ધ ડેવિલ્સ ટ્રેંગલ્સ જેવા અનેક લેખ અને પુસ્તકો પ્રસારીત થઈ ચૂક્યા છે.

મેરી સ્ટેલીમાં ૪ ડિસેમ્બર ૧૮૭૨માં એક જહાજ રહસ્યમય રીતે ગાયબ થયું.




WE OFFER A VAST RANGE OF SERVICES CUSTOMISED TO SUIT BOTH CORPORATES AND INDIVIDULAS

LIC

**૧૯૯૯થી કાર્યરત**
**C.M. Club મેમ્બર**
**M.D.R.T. ક્વોલીફાઈડ**
**ઓથૉરાઈઝડ L.I.C.પ્રિમિયમ કલેક્શન સેન્ટર**

- LIFE INSURANCE PLANNING
- REITREMENT PLANNING
- INVESTMENT PLANNING
- TAXATION PLANNING
- MEDICLAIM
- VEHICLE INSURANCE
- PROPERTY, SHOP, WAREHOUSE, FACTORY ETC INSURANCE
- PERSONAL ACCIDENTPOLICY

**શૈલેશ શામજી જેવત મારૂ (બીદડા)**

**જીવન વીમા તથા રોકાણ યોજનાઓના સલાહકાર**

**Shree Sankalp Flat No.1601,**
**G.B. Road, Near Vedant Hospital,**
**Kasar Vadvali Thane (W) 400615**
**મો.: 9869154666, 7021907705**
**Email : shaileshsmaru@yahoo.com**

With Best Compliments From



JAINAM

OPTICS & CONTACT LENS CLINIC

5-B, HASAN MANZIL, 71-77, A.K. MARG,
NEAR AUGUST KRANTI MAIDAN,
GOWALIA TANK, MUMBAI-400036.
TEL. : 23814446
E-mail : jainamoptics@yahoo.com

કુંવરજી ઠાકરશી છેડા - (ગામ-તલવાણા)



જ્યારે આ વિસ્તારમાંથી બહાર નીકળ્યા ત્યારે પહેલાની જેમ સંપર્ક સંધાઈ ચુક્યો હતો.

એક સંશોધન જેઓએ દાવો કર્યો કે તેઓએ ત્યાંના વાતાવરણનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો. તેઓના સંશોધન મુજબ આ ત્રિભંગ ઉપરથી ૧૭૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે હવે પસાર થતી હતી. હવાઈ જહાજ તેની ઝપેટમાં આવી જાય એ પણ સ્વાભાવિક છે. તથા સૌથી વધુ ઘનત્વવાળા વાદળો હોવાથી વિમાનનું

૧૯૧૮ માં ૩૦૯ પ્રવાસીઓ સાથે બાર્બાડોસથી રવાના થયેલું જહાજ અહીં ગુમ થઈ ગયું હતું.

૧૯૫૫માં પણ અનેક તોફાનો બાદ આબાદ બચેલું જહાજ અહીં ગુમ થયું હતું.

૧૯૫૮ના ડગ્લાસ ડીસી-૩ આ ત્રિભંગ પર ગુમ થયું હતું. આ ઉપરાંત ફલાઈટ ૧૯, સ્ટાર ટાઈગલ જેવા જહાજો ગાયબ થઈ ગયાનું માનવામાં આવે છે.

અહીં એક ગાઢ પ્રકારનું ધુમ્મસ છે. જેના લીધે જહાજો અટવાઈ જાય છે.

બીજું કારણ એ પણ કહેવામાં આવે છે કે આ ક્ષેત્રમાં મિથેન ગેસનો ભંડાર છે. જેના કારણે પાણીનું ઘનત્વ ઓછું થઈ જાય છે અને જહાજ પાણીમાં ડુબવા લાગે છે.

એક એવી માન્યતા પણ છે કે, આ એલીયન્સનો વિસ્તાર છે.

પ્રાકૃતિક બાબતો અને અભેદ શક્તિને કારણે એટલાન્ટીસ શહેર ગાયબ થઈ ગયું છે.

કેટલાક પાઈલટ એમ પણ કહે છે કે, શક્તિશાળી એટલે કે ઈલેક્ટ્રોનથી ભરપુર ધુમ્મસની એક ટનલ વચ્ચેથી તેઓએ પ્લેન પસાર કર્યું હતું. આ ૨૮ મિનીટના પસાર થવાના સમય દરમ્યાન તમામ પ્લેન અને કંટ્રોલનો સંપર્ક છોડી દીધો હતો.

તેની સાથે ઘર્ષણ થાય છે અને વિસ્ફોટ પણ થાય છે તથા મજબૂત ચુંબકીય શક્તિને કારણે જહાજ કે વિમાન સમુદ્રમાં ખેંચાઈ જાય છે.

પરંતુ આ દાવાનું ખંડન કરવામાં આવ્યું કેમ કે આજુબાજુમાં વસેલા ટાપુઓ પર વાતાવરણમાં કોઈ ફેરફાર જોવા નથી મળ્યો કે ના તો ગુરુત્વાકર્ષણ બળ કે ચુંબકીય બળની અસર જોવા મળી. જો સમુદ્રમાં ૧૭૦ માઈલ પ્રતિ સેકન્ડની ઝડપે પવન ફુંકાતો હોય તો તેની અસર તેના આજુબાજુના ટાપુ પર થવી જ જોઈએ.

બર્મુડા ટ્રાયએંગલ કોઈ દેવી શક્તિ નહિ પણ એક સંજોગ છે કે એક અફવા છે એવા કેટલાય તથ્યો મે એકત્રિત કર્યા છે, આવો તેનો પણ અભ્યાસ કરીએ.

લોરિસ ડેવિડ કુસ્યે એ આ ઘટનાઓ પર અભ્યાસ કર્યો હતો. તેઓએ કહ્યું કે, ઘણીવાર અજાણ્યે જ બનેલી ઘટનાઓને પણ આ ટ્રાયએંગલ સાથે જોડીને રહસ્યો ઉભા કરવામાં આવે છે.

સમુદ્રના અન્ય ભાગમાં બનેલ દુર્ઘટનાના પ્રમાણમાં અહીંની દુર્ઘટનાની સંખ્યામાં વધુ અંતર નથી.

ઘણી જ ઘટનાઓમાં દરિયાઈ તોફાનોને લીધે દસ પંદર દિવસ જહાજો મોડા પહોંચે તો, તે પંદર દિવસ દરમ્યાન


**Ramesh P. Shah**
**M. : 9321414680**

**Sagar R. Shah**
**M. : 9833184943**

# Shree Mamal Novelty

Mfg, of Hairpins & Hair Accossoiles

A-15, Bhatiya Estate, Ganesh Nagar, Opp. Garuda Petrol Pump, Kandivali (West),
Mumbai-400 067. Maharashtra (India) - E-mail : gapu.saga@gmail.com

એવી વાતો ફેલાવવામાં આવે કે આ ટ્રાયએંગલનો પ્રભાવ છે પણ એ જહાજ પરત ફરે છે. ત્યાં સુધીમાં આ વાત તો વિશ્વમાં પહોંચી ગઈ હોય છે.

આ ઉપરાંત એક સામાન્ય દાવો એવો પણ છે કે, આ ટ્રાયએંગલ ભુભાગથી ઘણો જ નજીક છે. પુએર્ટો રિકો, બહામાસ, બર્મુડા વગેરે વિશાળ માનવસ્તી ધરાવે છે. અહીંથી ક્યારેય કોઈ વ્યક્તિ કે વસ્તુ ક્યારેય ગુમ થઈ નથી. આ ઉપરાંત અહીં એક એરપોર્ટ પરથી ૪૦,૦૦૦ ફલાઈટ ઉડાન ભરે છે.

દ્વિતીય વિશ્વયુધ્ધ દરમ્યાન અને યુધ્ધ જહાજો પર છાપામારી કરવામાં આવતી હતી. તે જહાજોનું શું થયું એ આજે પણ ખ્યાલ નથી. અનેક લોકો આ ઘટનાને પણ ત્રિભંગ સાથે જોડી દે છે.

આ ઉપરાંત એવો પણ દાવો કરવામાં આવે છે કે, ઘણી વખત દરિયાઈ સાહસિકો પોતાના શક્તિ બહારના સાહસો કરવાને કારણે એટલે કે જડતાને કારણે પણ આવી ઘટનાઓમાં સપડાઈ જતા હોય છે. કોઈ વિશાળ ભમરીઓમાં સપડાઈ ગયા પછી તેનો કાટમાળ કે વ્યક્તિ વર્ષો સુધી કિનારે નથી આવી શકતો અને તેને પણ આ ત્રિકોણ સાથે જોડવામાં આવે છે.

સમુદ્રી ચાંચીયાઓ દ્વારા ઘણી વખત જહાજોને બંધક બનાવવામાં આવે છે. ત્યારે પણ આ ઘટના સાથે જોડી દેવામાં આવે છે.

સન ૧૯૪૫માં થયેલ હવાઈ જહાજોના ગુમ થવાની ઘટનાને બાદ કરતા કોઈ દુર્ઘટનાઓનું જેમાં જહાજ અને વિમાન ગુમ થયા હોય તેવી બાબતોનું કોઈ નક્કર પુરાવો આજ સુધી મળ્યો જ નથી.

૨૦૧૩માં એક સંસ્થા World Wide Fund for Nature એ સમુદ્રીયાત્રીઓ માટે સૌથી ભયાનક જગ્યા જાહેર કરેલી તેમાં આ જગ્યાનો ઉલ્લેખ નથી તેનું કારણ એ કોઈ નક્કર પુરાવાઓ નથી.

બર્મુડા ટ્રાયએંગલના રહસ્યો વર્ષોથી ઘેરાયેલા અને વિવાદિત છે. દુનિયાનો એક વર્ગ એવો છે કે જેઓ આ રહસ્યને વધુ ને વધુ ગાઢ બનાવવાના પ્રયત્નો કરે છે અને એક વર્ગ એવો પણ છે કે જેઓ પ્રાયોગિક ચકાસણી અને તથ્યોને આધારે એ તમામ મુદ્દા અને રહસ્ય એક અફવા છે એવું સાબિત કરે છે.

અનેક દુર્ઘટનાઓને બર્મુડા ટ્રાયએંગલ સાથે જોડવામાં આવી છે પણ સત્ય જ છે. નાસા દ્વારા પણ આ બાબતે દસકાઓ પહેલા કરવામાં આવેલા દાવા સિવાય કોઈ નોંધ લેવાઈ નથી. કુદરતની અદશ્ય શક્તિ સામે આધુનિક દુનિયા પણ વામણી છે.

આ રહસ્ય એક સદીથી રહસ્ય છે અને આવનારી સદીમાં જો નાસા જેવી સંસ્થાઓ રહસ્ય ઉકેલવા પ્રયત્ન કરશે તો સફળતા મળશે. આ વચ્ચે, એક વૈજ્ઞાનિકે દાવો કર્યો છે કે તેણે બર્મુડા ટ્રાયએંગલનું રહસ્ય ઉકેલી લીધું છે. આ ઓસ્ટ્રેલિયન વૈજ્ઞાનિકનું નામ છે કાર્લ ક્રુઝેલનિક. તેમનું કહેવું છે કે ઘણા વિમાનો અને જહાજો પાણીમાં ગાયબ થઈ ગયા છે. પરંતુ તે કેવી રીતે ગુમ થયા તેના કોઈ પુરાવા નથી.

ચાલો જાણીએ કે વૈજ્ઞાનિકે બર્મુડા ત્રિકોણ વિશે તેમના ઘટસ્ફોટમાં શું કહ્યું? ઓસ્ટ્રેલિયાના એક વૈજ્ઞાનિકે કહે છે કે વિમાનો અને જહાજોના ગાયબ થવાને એલિયન બેઝ અથવા એટલાન્ટિસના ખોવાયેલા શહેર સાથે કોઈ લેવાદેવા નથી. તેમનું કહેવું છે કે માનવીય ભુલો અને ખરાબ હવામાનના કારણે બર્મુડા ટ્રાયએંગલમાં મોટી સંખ્યામાં જહાજો અને વિમાનો ગુમ થઈ ગયા છે. તે કહે છે કે આનાથી વધુ કંઈ નથી.

ઓસ્ટ્રેલિયન વૈજ્ઞાનિક કાર્લ ક્રુઝેલનિકે તેમના દાવાને સમર્થન આપવા માટે યુએસ કોસ્ટ ગાર્ડ અને લંડનના લોયડ્સના ડેટાને ટાંક્યો છે. તેઓ કહે છે કે તેમના આંકડાઓ અનુસાર, બર્મુડા ત્રિકોણમાં વિશ્વમાં ક્યાંય પણ પ્લેન ક્રેશ થવાની ટકાવારી સમાન છે.


બર્મુડા ટ્રાયએંગલને ડેવિલ્સ ટ્રાયેન્ગલ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સમુદ્રમાં ૭૦૦,૦૦૦ ચોરસ કિલોમીટરનો વ્યસ્ત વિસ્તાર છે. જેના કારણે અહીં વધુ અકસ્માતો થાય છે. વૈજ્ઞાનિકનું કહેવું છે કે બર્મુડા ત્રિકોણ વિષવવૃત્તની નજીક હોવાને કારણે અને અમેરિકાની નજીક હોવાને કારણે અહીં વધુ ટ્રાફિક રહે છે.

તેમણે પાંચ ગુમ થયેલ ફલાઈટ ૧૯ એરક્રાફ્ટના નુકસાન પાછળનું રહસ્ય પણ ઉઘાડ્યું હતું. આ જહાજોના ગાયબ થયા પછી જ બર્મુડા ટ્રાયએંગલને રહસ્યમય કહેવાનું શરૂ થયું. તેમણે કહ્યું કે વાસ્તવિકતા એ છે કે ૧૫ મીટર ઉંચા તરંગોની વિમાનો પર ઊંડી અસર પડી હતી.

**ડૉ.મિહિર એમ. વોરા**

**સંદર્ભ :** ઈન્ટરનેટ ગુગલ ફોટો અને વિકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ, બ્લોગ, વેબસાઈટ, બર્મુડા, ટ્રાયએંગલ રહસ્ય કે અફવા વિજય ખુંટ "શોર્ય"ની કલમે

❁



# દુર્વાસાની કૃત્યા

■ દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'



પૂર્વે દુર્વાસા નામના ઋષિ તેમના ક્રોધ માટે પ્રસિધ્ધ હતા. એકવાર વિષ્ણુના અનન્ય ભક્ત અને લક્ષ્મી દેવીની કૃપા અહર્નિશ જેના પર વરસતી હતી તેવા અંબરીષ રાજાને ત્યાં એ ગયા. એ સમયે તે રાજાએ રાણીની સાથે એક વર્ષ સુધીનું દ્વાદશીવ્રત અભયા વૈતરણીનું વ્રત રાખ્યું હતું. પૂર્ણાહુતિનો સમય હતો. રાજાએ ભોજન લેવાનો આગ્રહ કરતાં દુર્વાસા સ્નાનાર્થે યમુનાજીને કિનારે ગયા. બારશ માત્ર એક ઘડી જ બાકી રહી, ત્યાં સુધીમાં દુર્વાસા પાછા ફર્યા નહીં, એટલે બ્રાહ્મણોની સંમતિ લઈને રાજાએ પાણી સાથે તુલસીપત્રનું આચમન કરી વ્રતની પૂર્ણાહુતિ કરી. દુર્વાસા પાછા આવ્યા અને અંબરીષની ચાલાકી જાણી ક્રોધે ભરાયા અને પોતાના વાળમાંથી એક કૃત્યાનું સર્જન કર્યું અને હુકમ આપ્યો, 'હે ભૂખી કૃત્યા ! તારે ખાવું છે ને? આ રાજનને ખાઈ જા.' એટલે બુભુક્ષિત કૃત્યા સારાસાર જોયા વિના નિર્ભય બની 'ખાઉં ખાઉં' કરતી અંબરીષ તરફ દોડી.

હવે આ અંબરીષ દાન-પુણ્ય કરનારો અને હજારોને જમાડનારો રાજા હતો. એણે સારા બ્રાહ્મણોને પસંદ કરી સાઠ કરોડ ગાયો દાનમાં આપી હતી. સઘળી ગાયોનાં શિંગડાં સોનાના કર્યા હતા. ખરીઓ રૂપાની કરી હતી. બ્રાહ્મણોને મીઠું ભોજન કરાવ્યું હતું. એમ કહેવાય છે કે વિષ્ણુનું ચક્ર એની રક્ષા કરતું હતું. પણ ઉપરોક્ત માહિતીથી સમજાય છે કે વિષ્ણુનું ચક્ર કદાચ રક્ષણ કરવામાં ગાફેલ રહે તો પણ અંબરીષના રક્ષણમાં કોઈ વાંધો આવે એમ ન હતો, કારણ કે તૃપ્ત થયેલ સેંકડો બ્રાહ્મણો હાથમાં દંડા લઈને ખડે પગે હાજર રહેતા જ હશે.

દુર્વાસાના ભેજાની પેદાશ એવી એ કૃત્યા કોણ હતી? એ કૃત્યા ગરીબોની પ્રતિનિધી હતી, જે અહીં તહીં રખડીને પેટ ભરતી હતી અને માગી ખાધા સિવાય અન્ય પુરુષાર્થ કરતી ન હતી. દુર્વાસાએ એને ઉશ્કેરતાં કહ્યું હશે, 'તારી ગરીબીનું કારણ આ અંબરીષ છે, એણે ઘણું બધું ભેગું કર્યું છે, એટલે જ તારા ભાગ્યમાં કશું આવતું નથી. આ ભદ્ર લોકોને તારી કશી પડી નથી, માટે તું હુમલો કર અને તારી પાછળ હું તો છું જ. તારી સહાયથી અંબરીષની રેવડીદાણાદાણ કરી નાખવી છે, એને જગતમાં કોડીનો થઈ જતો જોવો છે.'

ગરીબોની પ્રતિનિધિ કૃત્યાએ કોઈ દિવસ પોતાના જટિયામાં તેલ નાખ્યું ન હતું, દંતમંજનથી પોતાના પીળા દાંત સાફ કર્યા ન હતા, કાંસકાથી વાળ ઓળ્યા ન હતા, ઉત્તમ સાબુથી સ્નાન કર્યું ન હતું કે થીંગડા વિનાનો સાડલો પહેર્યો ન હતો, પગને ચંપલનો સ્પર્શ થયો ન હતો, ગંધાતી ગોદડી પાથરી રસ્તા ઉપર પડી રહેતી હતી અને સવારથી સાંજ સુધી માગી માગીને અનેક જાતના પદાર્થો ખાતી હતી. આ રીતે જીવવાની એને ફાવટ આવી ગઈ હતી. પણ આજે દુર્વાસાએ એને એક સ્વપ્ન બતાવ્યું કે 'માગીને લેવું તેના કરતાં પડાવી લેવું ઉત્તમ છે. વળી કોઈ દાન કરે તેની રાહ જોવી તેના કરતાં હોય તેની પાસેથી બળજબરીથી પડાવી લેવામાં જ ખરો પુરુષાર્થ છે.' કૃત્યાએ વિચાર્યું 'આ અંબરીષ રાજા અમારા જેવા ગરીબોનું શોષણ કરીને જ સમૃધ્ધ થયો



કહ્યું : 'દુર્વાસાજી, તમને જે કુબુધ્ધિ સૂઝી છે તેનું ફળ તમારે જ ભોગવવું પડશે. આ કૃત્યા હવે એકમાંથી અનેક થશે, એનાં ટોળાં બનશે. એક એક કૃત્યા આઠ-બાર તો બાળકો પેદા કરશે અને એના સંતાનો જન્મની સાથે જ ભીખ માગવાનું શરૂ કરી દેશે. કોઈ સુખી માણસનું મકાન જોઈને એ વિચારશે કે, 'હું ગરીબ છું તે આ બંગલાવાળાઓને લીધે જ.' હું સંહારનો દેવ છું, પણ કૃત્યાને હું મારી શકીશ નહીં, કદાચ વિષ્ણુ ઉપાય જાણતા હોય તેમને

હશે, માટે એનું બધું લૂંટી લઉં. દુર્વાસા જેવા જો પોતાની પડખે રહેવાના હોય તો પછી ઘૂઘવાટો કરવામાં પાછી પાની ન કરવી.'

પછી આ કૃત્યા જ્યારે હાથ ઊંચા-નીચા કરતી, ગાળો બોલતી અંબરીષની નજીક પહોંચી, ત્યારે ત્યાં તેને વિષ્ણુનું ચક્ર તો ન દેખાયું પણ ભોજનથી તૃપ્ત થયેલા, ઓડકાર ખાતા, સેંકડો બ્રાહ્મણો ઊભેલા તેણે જોયા. એક હાથ પેટ ઉપર ફેરવતા અને બીજા હાથમાં લઠ્ઠ પકડેલા લઠ્ઠ જેવા એ બધા કૃત્યાની પાછળ પડ્યા. કૃત્યા ગરીબ હતી, પણ એને મરવું ન હતું. એટલે દુર્વાસા પાસે ગઈ. દુર્વાસાએ વિચાર્યું કે, હવે અહીં ઊભા રહેવામાં માલ નથી. વળી અંબરીષ જેવા રાજાઓનું જ અન્ન ખાઈખાઈને રૂષ્ટ પુષ્ટ બનાવેલું પોતાનું શરીર આજે અક્ષત રહેશે નહીં. હાડકાં અવશ્ય ભાંગશે ! કૃત્યાએ જોયું કે પોતાને ઉશ્કેરનાર નાસી રહ્યો છે. એ દુર્વાસાની પાછળ દોડતાં, બબડી, 'રે દુષ્ટ ઊભો રહે.' અંબરીષ મારી ભૂખ તૃપ્ત ન કરે તો તું કર. ઊભો રહે, ઊભો રહે. પણ ઉસ્તાદ દુર્વાસા જાણી ગયા હતા કે ભલો અંબરીષ છોડશે, પણ આ ગરીબ કૃત્યા મને નહીં છોડે. મારા શરીર પર એકાદ વસ્ત્ર છે તે પણ હરાઈ જશે. આટલા બ્રાહ્મણોની વચ્ચે પોતાનું અસલ સ્વરૂપ દૃષ્ટિગોચર થાય તે દર્શનીય નહીં ગણાય અને દુર્વાસા મૂઠીઓ વાળીને નાઠા.

આવીને ઊભા બ્રહ્માની પાસે. બ્રહ્માએ વિગત જાણીને સલાહ આપી : 'મહર્ષિ દુર્વાસા, જેનું ખાવ છો તેનું જ ખોદવાનું તમે રાખ્યું? હું તવંગર અને ગરીબો તમામનું સર્જન કરું છું. કૃત્યાને તમે ઉત્પન્ન કરી છે એવું લોકો માનતા હશે. પણ એ તો મારું જ સર્જન છે. તમે તો સળી કરનારા છો. જ્યાં સુધી સુખી ભદ્ર સમાજના લોકો અનેક લોકોને જમાડશે, ત્યાં સુધી એમનો વાળ વાંકો નહીં થાય. અંબરીષ જેવા રાજાને તમારી કૃત્યા કશું જ કરી શકશે નહીં. એનો નાશ કદાચ શંકર કરી શકે, એમની પાસે જાવ.'

દુર્વાસા પાછા દોડતા શંકર પાસે ગયા. વાત જાણીને શંકરે

મળો.'

દુર્વાસા વિષ્ણુ પાસે આવ્યા. વિષ્ણુએ દુર્વાસાને આશ્વાસન આપ્યું અને કૃત્યાને કહ્યું : 'આ યુગ તો તારાં હાડકાં ભાંગી નાખે તેવો છે, પણ હું વચન આપું છું કે તારી ભાવિ પેઢી સુખના દિવસો જોશે. ભારતના અંગ્રેજી ભણેલા ભદ્ર લોકોને લોકશાહી સ્થાપવાની ખંજવાળ ઉપડશે. સત્યાગ્રહો કરી જેલો ભરશે અને તારા સંતાનો કશો ભોગ આપ્યા વિના મોટો લાભ પામશે. ભારત દેશ આઝાદ થશે પછી ભદ્ર લોકોના વિચિત્ર દિવસો આવશે. અંબરીષ જેવા સુખી લોકો અધિકારીઓના ખિસ્સા ભરીને જીવશે. 'ગરીબી હટાવો' એવા સૂત્રોચ્ચારો થશે, પણ કોઈ ગરીબી હટાવશે નહીં અને ખુદ તને પણ ગરીબ રહેવામાં મજા પડી જશે. તારે કોઈ ઈન્કમટેક્ષ ભરવો નહીં પડે, મ્યુનિસિપાલિટીવાળા મફત પાણી અને વીજળી આપશે. પારકી જમીન પર ઝૂંપડું બાંધી દઈશ તો અધેલો આપ્યા વિના તારા બાપની મિલકત ગણાઈ જશે. લઠ્ઠો પીને મરશો તો સગાંને વળતર અપાશે, બેન્કોમાંથી લીધેલાં નાણાં પાછાં નહીં આપો તો માફ કરાશે, તારા સંતાનો ફૂટપાથ પર ગલ્લા બનાવશે કે રસ્તા વચ્ચે શાક વેચશે તો કોઈ 'અહીંથી હટ' કહી શકશે નહીં. તું અને તારા જેવા હજારો મનુષ્ય દેશને ભારરૂપ હોવા છતાં તમારો નાશ કોઈ કરશે નહીં. જે ગરીબીનો નાશ કરવા મથશે તેમનો જ નાશ થઈ જશે. આ રહસ્યને સમજી ગયેલા સત્તાધારીઓ ગરીબી નષ્ટ કરવાની માત્ર વાતો જ કરશે. તારા સંતાનોને ગરીબ રહેવાની એટલી બધી સગવડો મળશે કે એ ધનવાન થવાનું વિચારશે નહીં. ઊલટું કેટલાક ભદ્ર સજ્જનો ગરીબ બની જવાનું પસંદ કરશે. શાસકપક્ષની ચોટલી તારાં સંતાનોના હાથમાં જ્યાં સુધી પકડાયેલી રહેશે ત્યાં સુધી શાસકો અંબરીષ જેવા ભદ્ર લોકોને લૂંટીને પોતાના પેટ ભરવા સાથે તારાં સંતાનોને પણ ચૂંટણી ટાણે વોટના બદલામાં થોડા રોટલાના ટુકડા ફેંકશે.'

❁

# શું તમે પણ વધુ પડતા વજનથી ચિંતિત છો?

ટેકનોલોજીએ મનુષ્યને આળસુ બનાવી દીધો છે. એક આંગળીના ટેરવે આપણી કોઈપણ કાર્ય ઘણી સરળતાથી કરી શકીએ છીએ. આથી શરીરની તંદુરસ્તી પર તેની ઘણી માઠી અસર પડતી હોય છે. દિનપ્રતિદિન આપણી જીવનશૈલી મશીનો પર આધારિત થતી જાય છે અને તેથી જ આજે સ્વાસ્થ્યને લગતા ઘણા પ્રશ્નો સર્જાઈ રહ્યા છે. નાની ઉંમરે બ્લડ પ્રેશર, હાર્ટ એટેક જેવા ગંભીર રોગોથી પીડાતા લોકોની સંખ્યા આજે ઓછી નથી. આમ છતાં, સ્વાસ્થ્ય માટે લોકો ઘણી બેદરકારી દાખવતાં જોવા મળતા હોય છે. વળી, રોજ પરસેવો પડે એવી કસરતો કરવાનોય આજે કોઈ પાસે સમય હોતો નથી. તેથી જ આજે ઘણી મહિલાઓ મેદસ્વીતાથી પણ પીડાતી જોવા મળતી હોય છે. આજે જ્યારે ફિલ્મોમાં પાતળી, સુડોળ અભિનેત્રીઓની સુંદરતા જોર પકડી રહી છે, ત્યારે ગૃહિણીઓ તથા વર્કિંગ વુમન માટે વધતું વજન એક મોટી સમસ્યા બની રહ્યું છે. આથી જો તમે પણ વધતા વજનથી ચિંતિત હો તો આ કેટલાક ઉપાયો તમને મદદરૂપ થશે.

વજન ઉતારવા માટે સૌપ્રથમ તો તમારે સાંજના લગભગ સાડા છ વાગ્યા પછી કંઈ પણ ખાવું ન જોઈએ. સામાન્ય રીતે તમારા ભોજન અને સુવાના સમય વચ્ચે બે થી ત્રણ કલાકનો સમયગાળો હોવો જોઈએ, જેથી કરીને ખોરાકનું પાચન યોગ્ય રીતે થઈ શકે. ઉંઘતી વેળાએ ચયાપચયની પ્રક્રિયા ખૂબ જ ધીમી હોય છે. તેથી જો ખાધા બાદ તરત જ સૂવાની ટેવ હોય તો તે શરીર માટે ખૂબ જ હાનિકારક છે. આથી ઊંઘવાના થોડા કલાકો પહેલા ભોજન લેવું હિતાવહ છે.

બીજો અગત્યનો મુદ્દો પાણી છે. બને ત્યાં સુધી આખા દિવસ દરમિયાન વધુ માત્રામાં પાણી પીવું જોઈએ. પાણી આપણી બિનજરૂરી ભૂખ તો ઓછી કરે જ છે, પણ એ સાથે જ આપણા શરીરમાં નુકસાનકારક દ્રવ્યો અને વધારાની ચરબી પણ ઓછી કરે છે. ઠંડા પીણા કે અન્ય એનર્જી ડ્રિન્કસને બદલે પાણી પીવું સ્વાસ્થ્ય માટે વધુ ઉપયોગી છે. ઠંડા પીણાં શરીરમાં નકામા દ્રવ્યોની સાથે ઘણી-બધી કેલરીનો પણ શરીરમાં ઉમેરો કરે છે. આથી શક્ય હોય ત્યાં સુધી ઠંડા પીણાંનો ઉપયોગ ટાળવો જોઈએ અને પાણી પીવાથી વજનમાં થતા ફેરફારોનું પરિણામો ખૂબ જ ઝડપથી મેળવી શકાય છે. આથી શરૂઆતમાં દર કલાકે એક ગ્લાસ પાણી પીવાની ટેવ પાડવી જોઈએ. ત્યારબાદ શરીર આપમેળે જ વધુ પાણી માટે માગણી કરશે અને આ પ્રમાણે ધીમે ધીમે પાણીનો ઈન્ટેક વધારી શકાય. આ ઉપરાંત જ્યારે તમને પાણીની તરસ લાગે ત્યારે હુંફાળું પાણી પીઓ તો તેની અસર શરીર પર વધુ સારી પડે છે. હુંફાળા પાણીથી શરીરની વધારાની ચરબી ઘણાં અંશે ઓછી થાય છે, જેથી વજનમાં ઘણો ફેરફાર જોવા મળે છે.

સામાન્ય રીતે વજન ઘટાડવા માટે લોકો સૌપ્રથમ ડાયેટિંગ શરૂ કરે છે, પરંતુ ડાયેટિંગ સમજણપૂર્વક થાય એ ખૂબ જરૂરી છે. આથી ડાયેટનું પણ એક અલગ મહત્ત્વ છે. તેના માટે કેટલીક વાતોની કાળજી રાખવી આવશ્યક છે. સામાન્ય રીતે જે મહિલાઓ વજન ઉતારવા માગતી હોય તેમણે ૩૦૦ કેલરી જેટલો પોષક તત્ત્વો ધરાવતા હેલ્ધી બ્રેકફાસ્ટથી દિવસની શરૂઆત કરવી જોઈએ. સવારનો નાસ્તો એ દિવસનું સૌથી મહત્ત્વનું ભોજન છે. આથી તેના માટે કાળજી રાખવી જરૂરી છે. આ ઉપરાંત, તમારા ખોરાકમાં સ્ટાર્ચ અને વ્હાઈટ ફુડને બદલે બ્રાઉન બ્રેડ, બ્રાઉન રાઈસ, હોલ ગ્રેઈન, કાચા શાકભાજી તથા ફાઈબરથી સમૃધ્ધ ફળોને સામેલ કરવા જોઈએ. આ પ્રકારનો ખોરાક તમારી ભૂખ તો ઘટાડશે, પણ એ સાથે તમને ખાવાનો સંતોષ પણ કરાવશે. વળી, ફાઈબરયુક્ત ખોરાક તમારી ચયાપચયની પ્રક્રિયાને પણ વ્યવસ્થિત કરવામાં મદદરૂપ થશે. આથી પૂરતા પ્રમાણમાં યોગ્ય ખોરાક લેવાથી તમારા વજનને નિયંત્રિત કરી શકાય છે. આ માટે ભૂખ્યા રહેવાની આવશ્યકતા નથી.

આ સાથે જ જો તમારે તમારા વજનમાં ઝડપથી ફેરફાર કરવો હોય તો મીઠા (સોલ્ટ)નું પ્રમાણ ઘટાડવું જોઈએ. આમ કરવાથી શરીરમાં વધારાનું પાણી જમા થતું અટકે છે. ગ્રીન ટી પણ શરીર માટે ખૂબ ઉપયોગી છે. આખા દિવસ દરમિયાન શક્ય હોય તો ગ્રીન ટી વધુ માત્રામાં લેવી જોઈએ, કારણ કે તે ઝેરી દ્રવ્યો દૂર કરવાની સાથે ચયાપચયની પ્રક્રિયાને પણ ઝડપી બનાવે છે.

આ તમામ ટિપ્સ સાથે નિયમિતપણે જો અડધા કે પૂરા એક કલાકની કસરત પણ કરવામાં આવે તો પરિણામ શ્રેષ્ઠ આવે છે. ખાસ કરીને કાર્ડિયોવેસ્ક્યુલર એક્સરસાઈઝ શરીર માટે ખૂબ ઉપયોગી છે. વજન ઘટાડવા માટેના પ્રયત્નોમાં આ સૌથી અગત્યની બાબત છે. ❁

# A LEGACY OF OVER 9 DECADES IS SURE TO LEAD YOU AHEAD WITH STRENGTH & GLOBAL BELIEF




The foundation of LILADHAR PASOO is built on strong business ethics and a solid legacy since 1919. Business Partner, Innovator, Industry Expert is what you will find every LILADHAR PASOO professional to be.

Our strength includes a solid know-how combined with an extensive geographical offering. We offer global reach being a complete one stop supply-chain solution provider, present in 170 countries worldwide.

LILADHAR PASOO is the only partner you need in logistics.

57, Mulji House,
41-45, Devji Ratansey Marg.,
Dana Bunder, Masjid (East),
Mumbai-400 009. India.
Tel. : +91-22 6616 6900. +91-22 6743 1800
Fax : +91-22 6616 6966, +91-22 6631 1875
E-mail : info@liladharpasoo.com

Liladhar Pasoo
FUTURISTIC SINCE 1919

www.liladharpasoo.com

# અમદાવાદ-બગોદરા હાઈવે પર આવેલ ચાંગોદર નજીક પરમ કૃપા મેડિકલ સેન્ટર ખુલ્લુ મુકાયું

અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા પરમ કૃપા ચેરીટેબલ ફાઉન્ડેશનના સહયોગથી તમામ જાતિ ધર્મના દર્દીઓને માનવવેતનથી આરોગ્ય સેવા મળી રહે તેવા ઉમદા આશયથી ચાંગોદર નજીક પરમ કૃપા મેડિકલ સેન્ટર ખુલ્લું મૂકવામાં આવ્યું છે. મેડિકલ સેન્ટરમાં સોનોગ્રાફી, એક્સ-રે સહિત અલગ અલગ ૧૨ જેટલા વિભાગો કાર્યરત કરી અનેકવિધ રોગોથી પીડિત દર્દીઓની સારવાર કરવામાં આવશે. આ કાર્યમાં પરમ કૃપા ફાઉન્ડેશન અને હેમલોન ગ્રુપના માલિક જયેશભાઈ મજમૂદાર તરફથી જગ્યા અને હોસ્પિટલના સાધનો ખરીદવા માટે સૌથી વધુ દાન કર્યું છે. આ કાર્યને સફળ બનાવવા માટે મજમૂદાર પરિવારનો સિંહફાળો રહ્યો છે.




અમદાવાદ-બગોદરા હાઈવે પર આવેલા ચાંગોદર નજીકના મોરૈયા ગામ પાસે શ્રી કચ્છી જૈન સમાજ અમદાવાદ સંચાલિત પરમ કૃપા ચેરીટેબલ ફાઉન્ડેશનના સહયોગથી પરમ કૃપા મેડિકલ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ષષ્ઠ પીઠાધીશ્વર દ્વારકેશ લાલજી મહારાજના પ્રમુખ પદે મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન ચાંગોદર ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રમુખ રાજુભાઈ શાહ તેમજ અલગ અલગ બાર જેટલા વિભાગોનું ઉદ્‌ઘાટન અન્ય દાતા અને સહયોગીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત જૈન તેમજ અન્ય સમાજના અતિથિઓ, દાતાઓ, સહયોગીઓના સન્માન કરવામાં આવ્યા હતા. જ્યારે મેડિકલ સેન્ટર અહીં શા માટે પ્રારંભ કરવામાં આવ્યો તેનો પણ ચિતાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી હસમુખભાઈ ગઢેચાએ છેલ્લા ૬૦ વર્ષથી કામ કરતી સંસ્થા કેવા સંજોગોમાં સ્થાપિત થઈ અને વર્તમાન સમય તેમજ ભવિષ્યમાં કેવા પ્રકારના કાર્યો થશે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ચાંગોદર ખાતે કાર્યરત મેડિકલ સેન્ટરમાં દર્દીઓને આંખ, જનરલ સર્જરી, બાળરોગ, સ્ત્રીરોગ, ઓર્થોપેડિક, નાક, કાન, ગળા, દાંત, યુરોલોજી, સાયક્રિયાટ્રીસ્ટ, રેડિયોલોજિસ્ટ, પેથોલોજિસ્ટ અને જનરલ પ્રેક્ટિસનલ સહિતની સેવાઓ માનવ શુલ્કમાં મળી રહેશે.

કચ્છી જૈન સેવા સમાજ ૬૦ વર્ષથી સેવાનો પર્યાય બનીને અમદાવાદમાં સેવા આપી રહ્યા છે. ૫૦ વર્ષથી એમની મેડિકલ સેવા ખરેખર કાબિલ-એ-દાદ છે. કોઈ પણ ઓપીડી હોય, આંખ-કાન-નાક કે પછી નાની-મોટી સર્જરી હોય, કોઈ જટિલ ઓપરેશન હોય તો હંમેશા કચ્છી જૈન સેવા સમાજ લોકોની પડખે ઉભો છે. પાલડી અને બોપલમાં પહેલાથીજ એમના ૨ મેડિકલ સેન્ટર શરૂ છે કે જ્યાં એકદમ રાહત દરે કોઈપણ ધર્મ કે જ્ઞાતિ જોયા વગર સેવા આપવામાં આવી રહી છે. એટલા રાહત દરેક આ સેવા અપાઈ રહી છે કે ૧૦૦૦ રૂપિયાની જગ્યાએ તમારે ૮૦-૧૦૦ રૂપિયા જ ખર્ચવા પડે. આ સેન્ટરમાં ૫૦ જેટલી અલગ અલગ સુવિધા છે. જેમાં સ્પેશ્યાલિસ્ટો આપીને પોતાની સેવા આપી દર્દીઓને સાજા કરી રહ્યા છે. હવે એ જ અરસામાં ત્રીજું સેન્ટર ચાંગોદર ખાતે ખોલવામાં આવ્યું છે.

કચ્છી જૈન સેવા સમાજ બીજી ઘણી સેવાઓ પણ આપી રહ્યું છે. ૩ ડાયાલિસીસ સેન્ટર ચાલે છે એ પણ એકદમ નજીવા ભાવે જ સેવા આપે છે. ત્યાં પણ કોઈ નાત-જાતના ભેદભાવ વગર કામ ચાલે છે. ગરીબ લોકો માટે નોકરી આપવા માટે ૨ સેન્ટર ચાલે છે. મોટી મોટી કંપની સાથે ટાઈઅપ કરીને આ સેવા ચાલી રહી છે. આ સાથે જ અન્નક્ષેત્ર પણ ચાલે છે કે જેમાં દર વર્ષે હજારો લોકો ફ્રીમાં ભોજન લઈ રહ્યા છે.

# વેકેશનનો પ્રભાવ

■ હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

**એક શિક્ષક પીડિત પત્નીની વ્યથાકથા સાંભળો :**

હાશ ! આવતીકાલથી ઘર, ઘર જેવું લાગશે. વેકેશનમાં આખું ઘર જાણે મેન્ટલ હોસ્પિટલનો એક ભાગ ન હોય એમ લાગતું'તું. એમની ગેરહાજરીમાં જરા સૂનું સૂનું લાગશે તો એ સહેવાશે, પણ આખા દા'ડાની કચકચમાંથી તો છુટકારો મળશે ! હું પણ એમની સ્ટુડન્ટ હોઉં એમ આખો દા'ડો એ...ઈ, અવાજ નહીં એમ કહી હાથમાં ગ્લાસ હોય તો ગ્લાસ અને રિમોટ હોય તો રિમોટ, ડસ્ટરની જેમ પછાડી પછાડીને મને ચૂપ કરી દેતા. સાચું કહું, હવેથી હું કંઈક વાત જેવુંય કરી શકીશ - ભલે જાત સાથે તો જાત સાથે - ઘરમાં કોણ જોવા કે સાંભળવા આવવાનું છે તે મને એકલી એકલી બોલતાં જોઈ ગાંડી સમજી લે !

પપ્પાને મેં પણ મમ્મીની જેમ જ ના પાડેલી, કે કાળા ચોર સાથે લગન કરીશ પણ શિક્ષક સાથે તો નહીં જ... પણ પપ્પાએ મારી નબળાઈ કહો તો નબળાઈ અને કમજોરી કહો તો કમજોરી, જાણી ગયા અને એનો હથિયાર તરીકે ઉપયોગ કરીને મને પટાવેલી કે બેટા... સ્વભાવે અને લખ્ખણે તું કવિ છે એટલે તને ફરવાનો, પ્રકૃતિના પર્યાવરણમાં પર્યટનો કરવાનો અને નદીઓ, પહાડોમાં વિહરવાનો શોખ છે. એ શિક્ષક સિવાય બીજો કોઈ માણસ પૂરો નહીં કરી શકે. એ કેવી રીતે? એમ હું પૂછું એ પહેલાં જ એમણે કહી દીધું કે વરસમાં શિક્ષકોને બબ્બે વેકેશનો મળે. ઉનાળાનું વેકેશન વિદેશના પ્રવાસો માટે અને દિવાળીનું વેકેશન દેશમાં હરવા-ફરવા માટે. આવો લાભ શિક્ષકના ધંધા સિવાય બીજો કોઈ જ ધંધામાં નથી બેટા. મમ્મી મને 'ના' પાડતી રહી, પણ મેં તરત જ 'હા' પાડી દીધી. જુઓ, લગન પછી પાંચ વેકેશન ઉનાળાના અને પાંચ વેકેશન દિવાળીના ગયાં, હરામ બરાબર મારા પિયર સિવાય બીજે ક્યાંય હરવા-ફરવા એ લઈ ગયા હોય. પેલા વિદ્યાર્થીને પટાવે એમ મને પટાવતાં કહે : વેકેશનમાં આરામ કરવો જોઈએ. એક્સ્ટ્રા ક્લાસિસ કે ટ્યૂશનો શરૂ કરીને એક્સ્ટ્રા કમાણી કરી લેવી જોઈએ. આખી જિંદગી તારે આ એક રૂમ-રસોડાનો ફ્લેટમાં જ પૂરી કરવી છે? હું કંઈ સૂચન કરવા જાઉં, તો પણ પેલા વિદ્યાર્થીને ધમકાવે એમ મને ધમકાવે : "વચ્ચે કેમ બોલી? મેં તને પૂછ્યું'તું? હું પૂછું તો જ બોલવાનું, ઓકે?"

હવે મારે તમને શું કહેવું? આખા ઘરને સ્કૂલનો વર્ગ અને મને એમની સ્ટુડન્ટ સમજી બેઠા છે. પાંચ પાંચ વેકેશનો કેમ કાઢ્યાં છે, એ તો હું અને મારા રામ જાણે... પણ ભગવાન સૌનો હોય ને ! આવતી કાલથી આખો દા'ડો એ સ્કૂલમાં હશે એટલે મારા કાનને જ નહીં, દિમાગને પણ પૂ...રી શાંતિ મળશે, હા...શ !

એક વાત કહીને અટકું? "કલ સે અચ્છે દિન આને વાલે હૈ !"

હવે બીજા શિક્ષક-પત્નીની રામા કથા સાંભળો :

અરેરે... વેકેશનને રોકી શકાતું હોત તો કેવું સારું. આવતી કાલથી અમને સ્કૂલે જવાનું થશે એટલે રામલો શોધવા નીકળવું પડશે. નવો રામલો નહીં મળે ત્યાં સુધી મારે જ કચરાં-પોતાં ને વાસણ... વેકેશન દરમિયાન પ્રેક્ટિસ પણ છૂટી ગઈ એટલે કામ કરતાં કીડીઓ ચટકા જ ભરવાની છે.

આવતી કાલથી સ્કૂલો શરૂ થઈ જશે - એ વિચારથી જ મારું શરીર વાઈબ્રન્ટ થવા માંડે છે. દિવસની શરૂઆત જ હું ક્યા કામથી કરીશ એ જ મને તો સમજાતું નથી. ટીવીની જેટલી જેટલી ન્યૂઝ ચેનલો આવતી'તી એ બધીયે હું ફેંદી વળી. એક જ આશાએ, કે ક્યાંય એવા સમાચાર આવે છે કે 'ગુજરાતની સ્કૂલોમાં વેકેશન લંબાયું...' પણ એકેય ચેનલે મને આશ્વાસન ના આપ્યું, એટલે સોફામાં મુગલે-



આઝમની જેમ લંબાવી છાપું વાંચી રહેલા એમને મેં પૂછ્યું : “પહેલાં તો એવી વાત આવેલી કે વેકેશન થોડા દા’ડા લંબાવવાનું છે, તો લંબાયું કે જે...સી...કૃષ્ણ?” એમણે છાપામાં જ મૂંડી રાખીને કહ્યું, “જે...સી...કૃષ્ણ.” મારાથી રહેવાયું નહીં એટલે મેં તરત જ પૂછ્યું : “પણ તમે તો કહેતા’તા કે વેકેશન કદાચ લંબાય...” ત્યારે છાપાને એક બાજુ મૂકતાં એમણે કહ્યું, “હા લંબાવાનું જ હતું. પણ કેટલાક શિક્ષકોએ વિરોધ કર્યો અને....” એમના વાક્યને કાપતાં જ મારાથી બોલાઈ જવાયું, “બોલો... બિચારાં નાનાં-નાનાં છોકરાંની તો એ શિક્ષકોને દયા ય નથી આવતી? નિર્દયતાની હદ હોય ને?” ત્યારે સોફા પરથી ઊભા થતાં થતાં એ એવું કંઈક બબડેલા કે “એ બધા શિક્ષકોનેય તે આવું જ લાગતું હશે ને? વિરોધ કરવા પાછળ પણ એમની કોઈક તો વેદના હશે ને મારી જેમ?” પણ મેં જાણે કે સાંભળ્યું-નાસાંભળ્યું કરી ટીવીમાં મારા ગમતા સમાચારની શોધખોળ ચાલુ જ રાખેલી.

મારા હાથમાંથી રિમોટ લઈ લેતાં એમણે પણ ચેનલો ફેરવવા માંડી. એક ચેનલને સ્થિર કરી, તો તેમાં મધર ઈન્ડિયા ફિલ્મનું ગીત સંભળાઈ રહ્યું’તું : ‘દુઃખ ભરે દિન બીતે રે ભૈયા... અબ સુખ આયો રે... રંગ જીવનમેં નયા લાયો રે... !’ એમને તો દોડવું’તું ને ઢાળ મળ્યો, એ પણ સાથે સાથે ગાવા અને નાચવા લાગ્યા. ભલે હું ગુજરાત યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ હોઉં, પણ મને એટલી તો સમજ પડે છે કે ટિંચુડાના પપ્પા આ ગીત આટલા ખુશ થઈને કેમ ગાઈ રહ્યા છે.

આખું વેકેશન મારા પર એ ગુસ્સો કાઢતા રહ્યા કે, ‘સ્કૂલમાં મારું કેટલું માન છે, વિદ્યાર્થીઓ અને એમના પેરન્ટ્સ પણ મને ‘સાહેબ, સાહેબ’ કહીને બોલાવે છે અને ઘરમાં તેં મને રામલો બનાવી દીધો? પણ હુંય પહોંચેલી છું, ગુજરાત યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ છું, કંઈ કમ નથી. મેં તરત જ એમને સંભળાવી દીધું : “તમને ખબર છે, અમેરિકામાં ઘરનાં કામ પણ પુરુષો જ કરતા હોય છે. તમે મને અમેરિકા તો લઈ જવાના નથી, પણ ઘરમાં જ અમેરિકાની જેમ રહેતાં શીખીએ, એય ક્યાંથી?”

સાચું કહું, બિચારા તરત જ એ માની ગયા. આમ તો પાછા ભોળા બહુ છે. જુઓને, મને નાનપણથી જ ઓળખતા’તા તોય મારી સાથે લગન કરી બેઠા. એમનો સ્વભાવ જરા ગુસ્સાવાળો ખરો... થોડા ચીઢિયા પણ ખરા, પણ એ તો વેકેશન પૂરતા જ ! વેકેશન પૂરું થતાં જ એ ફુલ્લીનો એક્કો બની જાય છે, પણ હું લાલની રાણી મટી ચોક્ટનો ગુલામ થઈ જાઉં છું. શું થાય? ભગવાનને પ્રાર્થના કરું છું કે રામલો મળી જાય નહીં ત્યાં સુધી વેકેશન લંબાય તો સારું... નહીં તો એમના અચ્છે દિન અને મારા બૂરે દિન આને વાલે હૈ !

❁



# વાનગી

## ચાઈનીઝ વેજિટેબલ ક્લિયર સૂપ

**સામગ્રી :** અડધો કપ સમારીને અર્ધ ઉકાળેલાં ગાજર, ૩ કપ બ્રોકોલીના ફૂલ, ચાર કપ ક્લિયર વેજિટેબલ સ્ટોક, અઢી ટીસ્પૂન તેલ, દોઢ ટીસ્પૂન ઝીણું સમારેલું આદું, એક ટીસ્પૂન ઝીણું સમારેલું લસણ, અડધી ચમચી ઝીણા સમારેલાં લીલાં મરચાં, અડધો કપ બીન સ્પ્રાઉટ્સ, મીઠું સ્વાદાનુસાર, કાળા મરીનો પાઉડર સ્વાદાનુસાર.

**રીત :** એક ઊંડા નોન સ્ટિક પેનમાં તેલ ગરમ કરી તેમાં આદુ, લસણ અને લીલાં મરચાં મેળવી બરાબર સાંતળી લો. પછી એમાં ગાજર અને બ્રોકોલી ભેળવી ચારથી પાંચ મિનિટ સાંતળો. એ પછી એમાં ક્લિયર વેજિટેબલ સ્ટોક અને મીઠું મેળવી, સારી રીતે મિક્સ કરી મધ્યમ આંચ પર સાત મિનિટ સુધી રાંધો. તેને વચ્ચે વચ્ચે હલાવતાં રહો. છેલ્લે તેમાં બીન સ્પ્રાઉટ્સ અને કાળાં મરીનો પાઉડર મેળવી સારી રીતે મિક્સ કરી ઊંચા તાપ પર વચ્ચે વચ્ચે હલાવતા રહી બે મિનિટ સુધી રાંધી લો. ચાઈનીઝ વેજિટેબલ ક્લિયર સૂપ તૈયાર.

## રાજસ્થાની મિસ્સી રોટી

**સામગ્રી :** અડધો કપ ચણાનો લોટ, અડધો કપ ઘઉંનો લોટ, અડધો કપ મેંદો, ૩ ટેબલસ્પૂન સોયાનો લોટ, ૧ ટેબલસ્પૂન કસૂરી મેથી, અડધી ચમચી મરચું પાઉડર, અડધી ચમચી જીરું, ચપટી હળદર અને મીઠું સ્વાદાનુસાર. સોયા તેલ મસળવા માટે, એક ચમચી સોયા તેલ રાંધવા માટે.

**રીત :** એક બાઉલમાં બધી સામગ્રી ભેગી કરી એમાં જરૂરી પાણી મેળવી નરમ કણક તૈયાર કરો. દસ મિનિટ કણકને ઢાંકેલો રાખો. એ પછી કણકને સોયા તેલની મદદથી ફરીથી મસળી તેના લૂઆ પાડો. તેને ગોળાકાર વણી લો. વણવા માટે ઘઉંના લોટનો ઉપયોગ કરી શકો. એક નોન સ્ટિક તવા પર તૈયાર કરેલી રોટલીને મધ્યમ તાપે સોયા તેલની મદદથી શેકો. રોટીને બંને બાજુ ગોલ્ડન બ્રાઉન થવા દો. આમ એક પછી એક મિસ્સી રોટી બનાવતા જાવ. તેને ગરમ ગરમ પીરસો.

## હેલ્ધી સ્ટ્રોબેરી હની મિલ્ક શેક

**સામગ્રી :** એક કપ સમારેલી સ્ટ્રોબેરી, બે કપ ઠંડું બદામનું દૂધ, એક ટીસ્પૂન મધ, સજાવવા માટે સામગ્રી : પોણો કપ બારીક સમારેલી સ્ટ્રોબેરી.




**રીત :** હેલ્ધી સ્ટ્રોબેરી હની મિલ્કશેક બનાવવા માટે બધી સામગ્રીને મિક્સરમાં ભેગી કરો. બ્લેન્ડર ફેરવી સુંવાળું ફીણદાર મિશ્રણ તૈયાર કરો. મિલ્કશેકને સરખા પ્રમાણમાં ત્રણ ગ્લાસમાં રેડી લો. સમારેલી સ્ટ્રોબેરીથી હેલ્ધી સ્ટ્રોબેરી હની મિલ્કશેકને ગાર્નિશ કરો અને તરત જ સર્વ કરો.

## કોબી-પનીરના પરોઠા

**સામગ્રી :** કણક માટે : એક કપ ઘઉંનો લોટ, એક ટેબલસ્પૂન પીગળાવેલું ઘી, મીઠું સ્વાદાનુસાર. પૂરણ માટે : પોણા બે કપ ખમણેલી કોબી, દોઢ કપ ભુક્કો કરેલું પનીર, બે ટેબલસ્પૂન ઝીણી સમારેલી કોથમીર, દોઢ ટી સ્પૂન ઝીણા સમારેલા લીલા મરચાં, મીઠું સ્વાદાનુસાર, તેલ રાંધવા માટે.

**રીત :** સૌથી પહેલાં કણક બાંધીશું. એક ઊંડા બાઉલમાં બધી વસ્તુઓ ભેગી કરી સારી રીતે મિક્સ કરો. જરૂર પૂરતું પાણી નાંખી કણક બાંધો. કણકને ઢાંકીને ૧૫ મિનિટ રહેવા દો. બીજા બાઉલમાં પૂરણ માટેની તમામ સામગ્રી ભેગી કરીને તેને બરાબર મિક્સ કરી લો. પૂરણના પાંચ સરખા ભાગ પાડો. હવે બાંધેલા કણકમાંથી ૧૦ સરખા ભાગના લૂઆ વાળી દો. એમાંથી એકને રોટલીની જેમ ગોળાકાર ઘઉંના લોટની મદદથઅી વણી લો. આ વણેલી રોટલી ઉપર પૂરણનો એક ભાગ સારી રીતે પાથરી દો. હવે તેને સાઈડમાં રાખી બીજી રોટલી વણી, તેની પર પાથરી દો. પાથર્યા બાદ હળવા હાથે દબાવીને વણી લો. આ રીતે બાકીના પરોઠા વણી લો. નોનસ્ટિક તવાને ગરમ કરી વણેલા પરોઠાને થોડા તેલની મદદથી ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી શેકી લો. આ રીતે બીજા પરોઠા બનાવો. દહીં સાથે ગરમ ગરમ પીરસો. ❁


Mahendra M. Goggree
(M) 9821924090

CITY STORAGE SYSTEMS ®

Manufacturers of

Slotted Angles/Two Tire Rack/Heavy Duty/Racks/Loft & Mobile Racks/Trolleys/Steel Furniture/Super Market, Display Racks.

Office : B/03, Nyay Sagar, 1st Floor, Old Nagardas Road, Opp. Post Office, Andheri (E), Mumbai-400069. E-mail : cityslotted@rediffmail.com - Website : www.cityslottedsystem.com

Cell : 9821924090, Tel. : 26824141, 65001097 - Tele Fax : 26834742

# લાગણીના સંબંધો



શનિવારે રાત્રે મુકેશ કચ્છમાંથી હૈદરાબાદ આવ્યો. એક સારી હોટલમાં ઉતરી આખા દિવસનો તાક ઉતાર્યો ને રવિવારે સવારે "મોર્નિંગ વોક"માં નીકળ્યો. થોડી દૂર ચાલ્યો ત્યાં પાછળ સડસડાટ આવતી એક કારે તેને અડફેટે લઈ લીધો ને પોલીસની બીકે કાર એજ ગતિએ રવાના થઈ. માથામાં વાગવાથી મુકેશ બેભાન થઈ ગયો. ત્યાં પાછળ આવતી એક કાર મુકેશ પાસે આવીને ઉભી રહી. પિસ્તાલીએક વરસના એક મહિલાએ કારનો દરવાજો ખોલ્યો. મુકેશને પડેલો જોઈને માનવતા જાગી ઉઠી. ડ્રાઈવરની મદદથી તેણે મુકેશને પાછલી સીટમાં સુવડાવ્યો અને એ મહિલાએ નજીક આવેલી તેની ફેમિલી ડૉક્ટરની હોસ્પિટલમાં એને એડમિટ કરી દીધો. કોઈ ઓળખાણ વગર, કંઈ પરિચય વગર મુકેશને માથાંમાં બે-ત્રણ ટાંકા આવ્યા ને મુકેશ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે એની જાતને એણે એક હોસ્પિટલની રૂમમાં નિહાળી તેને યાદ આવ્યું કે તેને કાર ઠોકર મારીને ચાલી ગઈ પછીની એને કંઈ ખબર નથી.

મુકેશે આંખો ખોલી ત્યાં સામે ખુરશી ઉપર એક મહિલાને બેઠેલા જોયા. મુકેશે આંખો ખોલી એટલે પૂછ્યું ભાઈ ! હવે કેમ છે? શું તમારું નામ છે? સારું છે બેન ! મુકેશે કહ્યું મારું નામ મુકેશ છે પણ તમે? ભાઈ ! મારું નામ સવિતાબેન છે. તમને રસ્તા ઉપર પડેલા જોયા ને માનવતાને ધોરણે મેં તમને અહીં એડમિટ કર્યાં.

ક્યાંથી આવેલા છો?

જી હું કચ્છમાંથી ફરવા આવ્યો છું?

ઓહો તમે કચ્છમાંથી આવો? કચ્છનું નામ સાંભળીને સવિતાબેનની આંખો ચમકી.

કચ્છમાં ક્યું ગામ ભાઈ?

બેન હું કોટડા રહું છું.

ઓહો ભાઈ ! હું પણ કોટડાની છું.

અહીં હૈદરાબાદમાં તમે રહો છો?

હા, ભાઈ ! મારા મિસ્ટર અહીં એક કંપનીના સારા હોદ્દા ઉપર છે. બે લાખ રૂપિયા વેતન છે. ઘરના મકાન છે પણ તમે કોટડા મુકીને અહીં હૈદરાબાદમાં?

ભાઈ ! કોટડા હતી ત્યારે બાજુના ગામના એક જ્ઞાતિના યુવાન સાથે સ્નેહ બંધાઈ ગયો. સારા ઘરનો છોકરો પણ કડક મિજાજના બા-બાપુજીને વાંધો પડ્યો એટલે હું એની વિરુધ્ધ થઈને ઘરમાંથી ભાગી ગઈ. મારી સાથે પરિવાર કોઈ સંબંધ રાખતો નથી. ખુબ કોશિશ કરી કામયાબ ન થઈ ભાઈ ! તું કોનો દીકરો છે?

બેન ! હું મનસુખલાલ દેવરાજભાઈ ઠક્કરનો દીકરો છું.

ઓહો તું મનસુખભાઈનો દીકરો છે?

હા, તમે એને ઓળખો છો?

ઓળખું કેમ નહીં ભાઈ ! તે મારો સગો ભાઈ થાય ભાઈ ! તું મારો ભત્રીજો થાય.

મુકેશ તો સાંભળી રહ્યો કોઈ ઋણાનુબંધને કારણે જ ફઈબાએ મને હોસ્પિટલે પહોંચાડ્યો - કેવા સંબંધો.

સવિતાબેને કહ્યું ભાઈ ! લાંબા સમયથી કોટડા આવવાની ઈચ્છા પણ મારું માન ન જળવાઈ તો એ બીકે પગ ઉપડતાં

નથી. અરે ફઈબા ! શું વાત કરો છો તમે મને બચાવ્યો. તમારા ઉપકાર હું કેમ ભુલું ફઈબા ! હું મારો મોબાઈલ હોટલમાં ભુલી ગયો છું. તમારો મોબાઈલ આપો. હું પપ્પા સાથે વાત કરી લઉં. સવિતાબેને મોબાઈલ આપ્યો એટલે મુકેશે મનસુખભાઈનો સંપર્ક કર્યો. સામેથી મનસુખભાઈનો અવાજ આવ્યો. અરે મુકેશ સવારનો તારો સંપર્ક કરું છું. કેમ ફોન ઉપાડતો નથી? ક્યાંથી ઉપાડું પપ્પા ! મોબાઈલ હોટેલમાં ભુલી ગયો હતો ને સવારે મોર્નિંગ વોકમાં નીકળ્યો ત્યાં એક કારે મને ઠોકરે લઈ લીધો હતો.

શું વાત કરે છે?

હા, પપ્પા ! ભગવાનની દયાથી કંઈ વાંધો નથી આવ્યો. એક ભલા બેને હોસ્પિટલે પહોંચાડ્યો ને સારું થઈ ગયો ને પપ્પા ! એ બહેન તમોને ઓળખે છે. એ બહેન મને ઓળખે છે. હૈદરાબાદ મને કોણ ઓળખે? પપ્પા સાચું કહું છું એ બેન તમોને ઓળખે છે. એ તમારા બેન થાય સવિતાબેન મારા ફોઈબા. ઓહ મારી બેન સવિતા ને એ સાંભળીને મનસુખભાઈની આંખોમાં આંસુ આવી ગયા. કેટલા વરસે બેનનો પતો મળ્યો. ક્યાં છે સવિતાબેન !

મારી પાસે જ ઊભા છે પપ્પા ! એને તમોને બધાને મળવાની ઈચ્છા થાય છે પણ એ અચકાઈ છે.

શું વાત કરે છે દે સવિતા ફઈને.

સવિતાબેને મોબાઈલ હાથમાં લીધો ને મનસુખભાઈ મારા ભાઈ બોલતા બોલતા એની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસવા માંડ્યો. સામે છેડે મનસુખભાઈની પણ એજ હાલત હતી. મારી બેન ! સવિતાબેન ! કેટલા વરસે તારી સાથે વાત થઈ બેન ! તું તારે બેધડક ચાલી આવ કોઈ તારું અપમાન નહીં કરે. બા-બાપુજીના જીદ્દી સ્વભાવને કારણે હું લાચાર હતો બેન ! મુકેશ એક બે દિવસમાં જ ''દેશ''માં આવશે તેની જ સાથે આવી જા. વસંતકુમારને પણ સાથે તેડતી આવજે. ભાઈ એ તો ટુરમાં ગયા છે. પંદર દિવસ પછી આવશે, પણ મારો જીવ કેટલા વરસ થયા લાગ્યો છે હું ને મુકેશ કારમાં જ આવશું. ભલે ભાઈ હવે કોટડા મળશું ને એક દિવસ સવિતાબેન એની ડેલીમાં પચીસ વરસે પગ મુક્યો. સામે આવેલા ભાઈ-ભાભીને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી. મનસુખભાઈએ એને માંડ છાની રાખી. બેઠક રૂમમાં જઈને એણે બાપુજીના ફોટાને વંદન કર્યા. પછી પૂજાના રૂમમાં જઈને જે કિશન કનૈયાની મૂર્તિની એ પૂજા કરતી એ મૂર્તિને પગે લાગી. ત્યારે કૃષ્ણ પરમાત્મા પણ જેટલા એના બાળપણના મિત્ર સુદામાને જોઈને ખુશ થયા હતા એટલા ખુશ આ સાવ નીખાલસ પરિવારના મિલનને જોઈને થયા હશે.

■ **મણિલાલ ડી. રૂધાણી - રાણાવાવ**


*With Best Complimants*

KALYANJI RAMBHIA PARAS RAMBHIA



- B.P.MACHINE
- GLUCO METER
- WHEEL CHAIR
- NEBULIZER
- AIR BED
- MORNING WALKER
- PULSE OXYMETER
- ADULT DAIPPER
- HOT WATER BAG
- HEATING PAD
- WEIGHT SCALE
- WATER BED

**FORTUNE SURGICALS**

C/004, SUPATH-2, NEAR OLD VADAJ BUS STAND,
ASHRAM ROAD, USMANPURA, AHMEDABAD-380013
PH.27560480 M.9375022555

## તાળીયોગ

# તાળી વગાડો સ્વસ્થતા મેળવો, રોગ ભગાડો



આજે સમાજમાં માનવીય જીવન રોગોથી મુક્ત નથી. ઊલટાના નવા નવા રોગો થતા રહ્યાં છે. મૂળ પાયામાં સરકારની નીતિ રીતિ પાયા વિનાની છે. કારણ કે વ્યસનો જે રોગો ઊભા કરે, સમાજમાં શારીરિક તંદુરસ્તી જોખમાય તેવી સ્થિતિ વિવિધ ખાણીપીણી તેમજ અન્ય વસ્તુના ઉત્પાદન માટેની મંજૂરી આપે છે. દા.ત.માણેકચંદ, કોકોકોલા, પેપ્સી બ્રાન્ડ, તમાકુ, પાનપરાગ, વિવિધ બીડીઓ, સીગારેટો, ડાલ્ડા ઘી એવી તો કેટલીયે ખાવા-પીવાની બનાવનાર વસ્તુઓની કંપનીને મંજૂરી આપે છે. જે લોકશાહી સમાજ રચનાના આરોગ્ય માટે યોગ્ય નથી. પણ આ સરકારને સમાજના આરોગ્યની ખાસ પડી નથી. તેની નજર સમક્ષ તો સંપત્તિ જ છે. યેનકેન પ્રકારે સંપત્તિ ભેગી કરી સમાજ વિકાસમાં વાપરો અને ઘર પણ ભરો. વિકાસના કામોમાં કેટલો ભ્રષ્ટાચાર થાય છે તે હવે સૌ જાણે છે.

એક બાજુ આરોગ્ય જોખમાય તેવું નિર્માણ થાય છે. બીજી બાજુ સરકાર આરોગ્ય માટે લખકૂટ સાચા ખોટા ખર્ચાઓ કરે છે. આ બધું શા માટે? શું જરૂરી છે? એલોપથી દવાઓ એટલી મોંઘી થતી જાય છે કે સામાન્ય વર્ગના લોકો ભારે મુશ્કેલીમાં મુકાય છે. સરકાર કાયદા ઘડવામાં નિષ્ણાંત છે, પણ અમલ કરવા-કરાવવામાં તે ઉણી ઉતરે છે. ઘણી વખત કાયદો ઘડનારા જ કાયદો તોડે છે. તેનો અમલ કરતા નથી.

માનવી આ દુનિયામાં ઉત્પત્તિ થઈ ત્યારથી તેના શરીરના આરોગ્યની સંભાળ જાતે જ કરી લે તેવી વ્યવસ્થા કરી છે. અરે પ્રાણી પશુ-પંખીમાં પણ તેના આરોગ્ય સંભાળ જાતે જ કરી લે તેવી સુંદર વ્યવસ્થા કરી છે જ. તેની કુદરતી પ્રેરણા આપી છે.

શરીરમાં કોઈપણ રોગ થયો હોય તો કુદરતે હવા, પાણી, માટી સાવ મફત આપ્યા છે. તેના દ્વારા કોઈપણ રોગ જડમૂળમાંથી નાબૂદ થઈ શકે છે.

મેડીકલ સાયન્સ દ્વારા રોગોની નાબૂદી માટે અનેક સંશોધનો થયા છે તેના આધારે એલોપથી દવાઓ બે રીતે નુકશાન કરે છે. (૧) મોંઘી છે. (૨) તે એટલી ગરમ અને આડઅસર કરનારી છે કે એક રોગ મટે ત્યાં બીજા ચાર નવા રોગો થાય તેવી સ્થિતિ નિર્માણ થાય છે.

અલબત્ત કોઈક દવાઓ રોગો માટે અસર કરતા નીવડે છે. આજે એમ.ડી., એમ.એસ., એમ.બી.બી.એસ. ડીગ્રીધારી ડૉક્ટરો પોતાની પ્રાયવેટ પ્રેક્ટીસમાં ધૂમ કમાણી કરી રહ્યાં છે અને આ બધા ડૉક્ટરો એલોપથી દવાનો જ ઉપયોગ કરવાનું દરદીને લખી આપે છે. ડૉક્ટરોને ચારેબાજુએથી કમાણી જ થયા કરે. લેબોરેટરી જ્યાં વિવિધ ટેસ્ટો થાય છે તેમાં ટકા મેડીકલ દુકાનમાં, ટકાવારી પોતે પ્રેક્ટીસ કરે તેમાં મોટા પ્રમાણમાં આર્થિક લાભ મળતો હોય છે. એટલે તો સૌ મેડીકલના અભ્યાસમાં જતાં હોય છે. લાખો રૂ.નું ડોનેશન આપી ડૉક્ટરી લાઈનના અભ્યાસમાં જોડાય છે.

ગામડામાં અનુભવી વૈદ્યો જે ડીગ્રીધારી નથી પણ જાત અનુભવથી ભલભલા રોગોને દેશી દવા દ્વારા મટાડે છે. કુદરતે બક્ષેલી વનસ્પતિ જે રોગોને મૂળમાંથી નાબૂદ કરે છે તેનો ઉપયોગ વૈદ્યો કરે છે, પણ લોકો દેશી દવાને ઓછી પસંદ કરતા હોય છે. કારણ કે આ દવાઓ લાંબા ગાળે મટાડે છે જે જડમૂળમાંથી રોગને દૂર કરે છે. જ્યારે એલોપથી દવાઓ દરદને તરત જ દાબી દે છે. ફરી રોગ વહેલો મોડો



ઉથલો મારે છે. આજે માણસ ઈચ્છે કે દરદ જલદી મટી જવું જોઈએ. જેથી કામધંધે ચડી જવાય.

સમાજની મોડી મોડી આંખ ખૂલી, પોતાના શરીરની સંભાળ પોતે જાતે જ લેતો થયો છે તે દિશામાં સમાજ વળતો થયો છે પણ તેની ટકાવારી ઓછી છે.

"માણસ પોતે જ પોતાનો ડૉક્ટર છે" તેનું ભાન ધીરે ધીરે થવા લાગ્યું છે. વળી માણસને થતા રોગોમાં વગર દવાએ કેમ મટાડી શકાય તેના અનેક સંશોધનો થયા, થતા રહે છે.

આજે તો એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, વ્યાયામ, યોગ, શિવામ્બુ, લાફીંગ (કલબ), સૂર્યના કિરણો (તાજા), સંગીત, યોગાસનો, દેશી વનસ્પતિ, મોર્નિંગ વોક (ફરવા જવું) વિવિધ પ્રકારથી રોગો મટાડી શકાય છે. આ માટે માર્ગદર્શકો, પુસ્તકો, ટી.વી. માધ્યમ દ્વારા સમાજને નવી દિશા બતાવવામાં આવી રહી છે તે તરફ સમાજ વળતો રહ્યો છે.

થોડા સમય પહેલા એક સામાયિકમાં "તાળી પાડો અને સ્વસ્થ રહો" મથાળા નીચે લેખ વાંચવા મળ્યો. કદાચ આ થેરાપી સમાજ માટે નવી છે. નવી સ્વાસ્થ્ય પધ્ધતિનું સંશોધન થયું છે. આ અભિગમ નવો છે.

પ્રાચીન કાળમાં અને આજે પણ ગામડાઓમાં તાળીની રમત રમાય છે. ખાસ કરીને બહેનો રમતા હોય છે. ત્યારે આવી આરોગ્ય અંગેની જાણકારી ન હતી. ભજન કિર્તનમાં તાળી પાડવામાં આવે છે.

આજે ઘણાને લાફીંગ કલબ અંગે હસવું આવે છે. હવે આ નવી થેરાપી "તાળી પાડો સ્વસ્થ રહો" નવી શોધથી હસવું આવે પણ હકીકતે તેનાથી અનેક રોગ નાબૂદ થતા રહે છે.

આજે જે હાસ્યાસ્પદ થેરાપી છે તે આવતી કાલે સમાજમાં પ્રચલિત થશે અને આબાલ વૃધ્ધો તેને અપનાવતા થશે.

ગુજરાતના વતની વિદેશમાં રહેતા એક સંશોધકે સંગીતની વિવિધ સુરાવલિ દ્વારા અનેક રોગો મટાડી શકાય છે તેની શોધ કરી છે અને તેની કેસેટ ધીરે ધીરે બજારમાં આવી જશે.

"તાળી પાડો અને સ્વસ્થ રહો"

તાળીઓ પાડવાને કારણે શરીરનું લોહી ગરમ થાય છે અને તેના આધારે લોહીનું સર્ક્યુલેશન વધે છે પરિણામે રોગો દૂર થાય છે.

**તાળી યોગાસન વિધી**

- ❖ બંને હાથ વચ્ચે ૧૨ થી ૨૦ ઈંચનું અંતર રાખો.
- ❖ બંને હાથ સીધા કરો.
- ❖ બાજુઓ ઢીલી કરો.
- ❖ બંને હાથ સામે સામે રાખી પહેલા અવલોકન કરવું.
- ❖ બંને હાથના પંજા અને આંગળીઓના ટેરવા અને હથેળી જોરથી ટકરાવવા.
- ❖ હાથના પ્રેશર બિંદુઓ દબાય.





Greeting Cards

Books, Music, Movies | Watches, Clocks, Electronics
Photo Albums, Photo trames | Fine Writing Pens, Stationeries
Ties, Wallets, Belts, Cufflinks | Ceramlcs, Crystals, Stonewares
Perfumes, Cosmetics, Jewelery, Leather Bags | Posters, Prints, Frames
Plants, Murals, Handicrafts | Lamps, Water-fountains, Name-plates
Trophies, Plaques, Awards | Games, Toys

Satyam Collection
When you want to express your emotions

J.Tata Road, Nr.Eros, Churchgate, Mumbai. P : 22854703 / 04 - C : 9820596961
Ghantali, Vishnu Nagar, Thane (W). P : 25408714 / 25424224
e : info@satyamcollection.com

- ધીમે ધીમે તેની ગતિ વધારતા જવી.
- થાક લાગે કે શ્વાસ ચડે તો થોડો આરામ કરી ફરીથી શરૂ કરવું.
- પંદર દિવસ પછી મહાવરો થઈ જશે.
- પછી તાળીઓમાંથી સંગીત પ્રગટ થવા લાગશે.

સ્વસ્થ વ્યક્તિઓ માટે એક સમય ૧૫૦૦ અને રોગીઓ માટે ૨૫૦૦ થી ૩૦૦૦ તાળી પાડવી.

તાળીની ગતિ એક મિનિટના ૬૦ થી ૧૦૦ હોવી જોઈએ. તાળી વ્યાયામ શરૂ કરતા પહેલા હાથ ઉપર થોડું કોપરેલ તેલ લગાડવું. પગમાં બુટ અને ચંપલ ચામડાના પહેરવા.

તાળી વ્યાયામ પૂરો થયે ૧૦ મિનિટ હાથ ન ધોવા.

બંને હાથના આંગળાના નખ કાપી નાખવા.

આ તાળી વ્યાયામથી રોગ મટે છે. સમાજને નવાઈ લાગશે પણ એક વખત દરેક વ્યક્તિએ અનુભવ તો કરવો જોઈએ.

ક્યા ક્યા રોગ મટે છે : દમ, બ્લડ પ્રેશર, હાર્ટએટેક, ડીપ્રેશન વગેરે બીમારી જાય છે. વાળ કાળા રહે છે. ખરતા નથી. ટાલ પડતી નથી. માથાના દુઃખાવો ઘટે છે. આંખોની બીમારી, સાંધાના દરદો, ફેફસાં, હૃદય, પેટ છાતીની બીમારીઓ, મેદ, પેશાબની બીમારી, અનિંદ્રા, સ્વપ્ન દોષ, વાયુના રોગ આ બધા રોગ ઓછા થાય અથવા લાંબા ગાળે જડમૂળમાંથી જાય.

આમ કુદરતે શરીરના આરોગ્ય માટે બીજે ક્યાંય દોડવાની જરૂર નથી. તમે જ તમારા ડૉક્ટર બની શકો છો.

તમે જ તમારા ડૉક્ટર બનવા નીચેના સોનેરી સૂચનોનો જે તે વ્યક્તિને જરૂર પડે તેનો ઉપયોગ કરવો.

- વાશી, તળેલું, તમતમતું, તીખું, ભોજન ન કરો.
- હોટલની બનાવટનું ન ખાઓ.
- ઠંડા પીણા અને ફ્રીજના પીણા ન પીઓ.
- મોડી રાત સુધી ન જાગો.
- લાંબા સમય સુધી ટી.વી. ન જુઓ.
- જ્ઞાન વર્ધક - શરીર સ્વાસ્થ્ય અને ભક્તિ ભાવ ઉદ્‌ભવે તેવી ટી.વી.ચેનલો, સિરિયલો, મર્યાદિત સમય સુધી જ જુઓ.
- વહેલી સવારે જાગી લાંબા અંતર સુધી ફરવા જાઓ.
- બાગ-બગીચાની શુધ્ધ હવા સવાર-સાંજ લો.
- પ્રકૃતિમાં સમયે સમયે ફરવા જાઓ.
- નિયમિત ઠંડી પાણીનો આંખ ઉપર છંટકાવ કરો.
- નિયમિત વહેલી ઊઠી ત્રણ થી ચાર ગ્લાસ નરણ્યા પાણી પીઓ.
- આખો દિવસ આચર-કૂચર ખાખા ન કરો.
- શક્ય હોય તો ઘર-આંગણે લીંમડાનું ઝાડ ઉછેરો.
- ઘર આંગણે તુલસીનો ક્યારો બનાવો.
- શક્ય હોય તો ઠંડા પાણીથી સ્નાન કરતા રહો.
- લીલા શાકભાજી, ફળોનો ભોજનમાં ઉપયોગ કરો.
- ભોજનમાં આદુ, લસણનો ઉપયોગ કરો.
- ભોજનમાં છાશ લઈ શકાય તો લેવી.
- સ્વમૂત્ર-માટી-એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, સંગીત યોગ, તાળી યોગ વગેરે અનુકૂળતા પ્રમાણે કરતા રહો.
- લીંબુ, વરિયાળી, શિયાળામાં નીરો અને ઘરમાં બનાવેલા જ્યુસ, લસ્સી, લીલા નાળિયેરના પાણીનો અનુકૂળતા પ્રમાણે આર્થિક પહોંચના આધારે સમયે સમયે લેવો.
- ભૂખ લાગે તેના કરતા થોડું ઓછું ખાઓ.
- ગમ ખાતા શીખો.
- ખડખડાટ હસો.
- ઉગતા સૂર્યના કિરણોનું સ્નાન કરો.
- શરીર શ્રમ કરી પરસેવો પાડો.
- શક્ય હોય તો ગાયનું દૂધ અને ઘીનો ઉપયોગ કરો.
- વધારે પડતું ગળપણ અને મીઠું ન લો.
- સપ્તાહમાં એકાદ વખત કરિયાતુ-સુદર્શન જેવી કડવાશ દવા લેવી.
- આંખની કસરત કરો.
- તલનું કે સરસવના તેલનું સમયે સમયે માલિશ કરો.

■ **મનુભાઈ શાહ**


**॥ શ્રી ગણેશાય નમઃ ॥** **ફોન ઘર : ૨૪૦૯૨૦૪૩/૨૪૦૭૬૪૧૮**

**શ્રી ઓધવાનંદ જ્યોતિષ મંગલ કાર્યાલય**

**સંચાલક : રાજગુરુ હિંમતલાલ ઉત્તમરામ મોતા, જ્યોતિર્વિદ, બી.એ.એસ. - મો.-૯૩૨૨૧૦૩૪૪૫ રાજગુરુ હરેશ હિંમતલાલ મોતા, જ્યોતિર્વિદ, બી.કોમ.-મો.-૯૩૨૪૩૯૯૫૭૫ - રાજુભાઈ મો. : ૯૩૨૪૫૨૭૪૨૭ - સચીન મો. : ૯૯૩૦૩૭૨૪૬૨ જન્માક્ષર, વાસ્તુ, ગૃહપ્રવેશ, લગ્ન મુહુર્ત તથા અન્ય મુહુર્તો, લગ્ન રજીસ્ટર્ડ વિધી, જૈન લગ્ન વિધી, રાશી મેળાપક, લગ્ન વિધી, ધાર્મિક કર્મકાંડ, વૈદિક મંત્ર જાપ, જયેષ્ઠનક્ષત્ર, મૂળનક્ષત્ર, આશ્લેષનક્ષત્ર, વૈધૂતિયોગ, વ્યતિપાતયોગ, વદી ૧૪ અમાવાસ્ય ભારી વેરાઘડી શાન્તીપૂજા વગેરે ક્રિયાઓ કરનાર. ચંડીપાઠ, નવચંડી, શિવરૂદ્રાભિષેક, સત્યનારાયણ મહાપૂજા, કુંભ વિવાહ, અર્કવિવાહ, વિષ્ણુ વિવાહ, ભૂમિ પૂજન, નવગ્રહ શાંતી, નવગ્રહ જાપ, નવગ્રહ રત્ન સિધ્ધિ તથા જાપ, યંત્ર સિધ્ધિ પૂજા કરનારા.**

**૨૮૨/૪, સેવાકુંજ, જયશંકર યાજ્ઞીક માર્ગ, હિમાલય હોટલ પછી, સન્મુખાનંદ હોલની બાજુમાં, જનતા અને મેઘદૂત સ્ટોરની બાજુમાં, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.**

# સમાચાર વિભાગ

## બૃહદ કચ્છ વર્તમાન

સંપાદક : ભાવેશ કુરિયા

### ભુજમાં શ્રી આર.આર.લાલન કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સામાન્ય સભા મળી



શ્રી આર.આર. લાલન કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સામાન્ય સભા શ્રી સ્વામીનારાયણ સંચાલિત સ્મૃતિવન કેરા ખાતે મળી હતી જેમાં સૌ પ્રથમ પ્રાસંગિક પ્રવચન મંડળના પ્રમુખશ્રી શંકરભાઈ સચદેએ કર્યું હતું. જેમાં તેમણે આ વખતે મંડળના પ્રમુખ તરીકેની કામગીરીમાંથી મને મુક્ત કરો એવી રજુઆત કરી હતી અને પ્રમુખ તરીકે મંડળના ઉપપ્રમુખ જોરાવરસિંહ કે. રાઠોડનું નામ રજુ કર્યું હતું જેને સંસ્થાના ઝવેરીભાઈ સોનેજીએ ટેકો જાહેર કર્યો હતો અને મંડળના સૌ ઉપસ્થિત સભ્યોએ આ ઠરાવને સંપૂર્ણ રીતે ટેકો જાહેર કર્યો હતો. આ માટે શ્રી જોરાવરસિંહ કે. રાઠોડે આદરણીય શ્રી શંકરભાઈ સચદેનો આભાર માન્યો હતો અને મંડળના હિત માટે તેઓ સદા તત્પર રહેશે એવી ખાતરી આપી હતી. ઉપરાંત તેમણે આદરણીય શ્રી શંકરભાઈ સચદેને ખાસ વિનંતી કરી હતી કે તેઓ ભલે પ્રમુખ પદે ના રહે પણ સંસ્થાના આજીવન માર્ગદર્શક સલાહકાર તરીકે રહે જેનો શ્રી શંકરભાઈ સચદેએ સહર્ષ સ્વીકાર કર્યો હતો. આ ઉપરાંત જે મંડળની વર્તમાન જે કારોબારી હોદ્દેદારો છે તેને જ પાછા ચાલુ રાખવામાં આવે તેવી રજુઆત કરી હતી જેને મંડળના તમામ સભ્યોએ આ ઠરાવને સંપૂર્ણ રીતે ટેકો જાહેર કર્યો હતો. આ ઉપરાંત મંડળમાં નવા આવેલા સભ્યો ગૌતમભાઈ ભાનાણી, વિનોદભાઈ એસ.જોબનપુત્રા, શરદભાઈ આવડીયા, શરદભાઈ ગોરને ફુલ દ્વારા આવકાર આપ્યો હતો. મંડળના ખજાનચી શ્રી જગદીશભાઈ મહેતા વડે મંડળનો અત્યાર સુધીનો તમામ હિસાબ રજુ કરાયો હતો. જેને મંડળના તમામ સભ્યોએ સર્વ સંમતિથી ટેકો જાહેર કર્યો હતો. આ ઉપરાંત શ્રી આર.આર.લાલન કોલેજનો વિકાસ કેવી રીતે કરી શકાય અને તેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેના સુચનો મંડળના સભ્યોએ રજુ કર્યા હતા અને ભવિષ્યમાં આ સુચનોનો અમલ યોગ્ય રીતે થાય એ દિશામાં મંડળ કેવી રીતે કામ કરી શકે તેની રૂપરેખા કરવામાં આવી હતી. મંડળના મહામંત્રી ડૉ.મિહિર એમ.વોરાના ૫૦થી વધારે પુસ્તકો રાષ્ટ્રીય સ્તરે પ્રસિધ્ધ થયા તે વિશિષ્ટ સિધ્ધિ બદલ મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ અને તમામ હોદ્દેદારો વડે સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન ડૉ.મહેન્દ્રભાઈ ઠક્કરે કર્યું હતું અને આભારવિધિ ડૉ.ફતુભા જાડેજાએ કરી હતી. મંડળના સભ્ય વિનયભાઈ માંડલિયા તરફથી મંડળને રોકડ દાન જાહેર કરવામાં આવ્યું હતું અને મંડળ વતી તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના સભ્યો જયેશભાઈ અંતાણી, અશોકભાઈ માંડલિયા, સુલ્તાનભાઈ મોરાણી, ભુપેન્દ્રભાઈ મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે સૌ સભ્યોએ નવા હોદ્દેદારો સાથે ભોજન લીધું હતું.

## કુવા-બોરના રિચાર્જની પધ્ધતિ પણ અનોખી છે

દુષ્કાળનો માર વેઠતા કચ્છથી વિશેષ પાણીની કિંમત કોઈ સમજી શકે તેમ નથી. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છના ગામની જળસંચય-સંરક્ષણ કામગીરીની નોંધ લીધી એ કનકપર ગામનું જળસંચય મોડેલ હવે આખા કચ્છમાં અમલી થવા જઈ રહ્યું છે ત્યારે સસ્તી, સરળ અને નવતર રીતે કરાતી કુવા-બોરના રિચાર્જની પધ્ધતિ પણ અનોખી છે. અબડાસા તાલુકાના કનકપર ગામના પ્રગતિશીલ ખેડૂત અગ્રણી વાડીલાલ પોકારે અમલી બનાવેલી જળસંગ્રહની આ યોજના કેવી છે અને તે ક્યા પ્રકારે કામ કરે છે તેની વિગતે વાત આ અહેવાલમાં કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૯ની સાલમાં કનકપર ગામોના કુવા અને બોરને નવીન પધ્ધતિથી રિચાર્જ કરવામાં આવી રહ્યા છે. માત્ર ૩૦૦૦ રૂપિયાની નજીવી કિંમતે કુવા-બોરને વિશિષ્ટ પધ્ધતિથી રિચાર્જ કરવામાં આવે છે. તેમાં ખેતરની અંદર બે અલગ-અલગ કુંડી બનાવી તેમાં વરસાદી પાણીનો સંગ્રહ અને એકત્રીકરણ કરવામાં આવે છે. પહેલી કુંડીમાં પાણી એકત્ર કરી બીજી કુંડીમાં દેશી પધ્ધતિથી એકત્રિત પાણીનું શુધ્ધિકરણ કરવામાં આવે છે. આ પછીના ચરણમાં શુધ્ધ થયેલા પાણીને પાઈપ વાટે કુવા અને બોરની અંદર સુધી પહોંચાડી આ કુવા-બોરને રિચાર્જ કરવાની સાથે તેના જળસ્તરને ઊંચું લાવવામાં આવે છે.

કનકપર અને તે પછી સુખપર રોહા ગામે આ નવીન પધ્ધતિ તળે જળસંચયના કામોને ધારી સફળતા મળી છે. માત્ર ૩૦૦૦ રૂપિયામાં માલ-સામાન અને શ્રમદાનથી કુવા-બોર રિચાર્જ થવા સાથે તેની પાણીની ગુણવત્તામાં ઘણો સુધારો આવે છે.

ઉલ્લેખનીય છે કે, કનકપર ગામના જળસંચય મોડેલની વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ જળસંપત્તિ વિભાગના મંત્રીએ પણ નોંધ લીધી છે.

## અબડાસા તાલુકાના પડતર પ્રશ્નો સત્વરે ઉકેલવા તાકીદ કરાઈ

અબડાસા તાલુકાની મળેલી સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠકમાં તાલુકાના પડતર પ્રશ્નો સત્વરે ઉકેલવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

અબડાસા પ્રાંત અધિકારી દેવાંગ રાઠોડના અધ્યક્ષસ્થાને મળેલી સંકલન બેઠકમાં તાલુકાના પદાધિકારીઓએ રજૂ કરેલા લોક પ્રશ્નોનો નીવેડો લાવવા જણાવાયું હતું. તાલુકાના વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીએ તાલુકાના અધિકારીઓને લોકોના પ્રશ્નો ઉકેલવા ગામમાં રાત્રિ સભાનું આયોજન કરવા જણાવ્યું હતું.

બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ મોકાજી સોઢા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શિવજીભાઈ, મામલતદાર ડૉ.અમિત ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી હસમુખભાઈ સહિતના અધિકારી અને પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં ભાગ લીધો હતો.

## માનવીને ગોરા બનવાની ઘેલછા હાનિકારક પુરવાર થાય છે

માનવી ગોરા બનવા માટે જાતભાતના પ્રયોગો ચામડી ઉપર કરે છે. આ ઘેલછા સરવાળે હાનિકારક પુરવાર થાય છે એમ જી.કે.જનરલ હોસ્પિટલના સ્કિન વિભાગના તબીબોએ ૬ એપ્રિલના રોજ ઉજવાતા વિશ્વ સ્કિન હેલ્થ ડે નિમિત્તે દર્દીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું.

આ દિવસે ઓ.પી.ડી.માં આવેલા દર્દીઓને વ્યક્તિગત અને પોસ્ટરો મારફતે માર્ગદર્શન આપતા ડૉ.જુઈ શાહે જણાવ્યું હતું કે, પ્રત્યેક વ્યક્તિને તેના શારીરિક બંધારણ મુજબ જ કુદરતે ત્વચાનું નિર્માણ કર્યું હોય છે. ગોરી ત્વચા જ કંઈ સુંદરતાની નિશાની નથી. કોઈપણ ચામડી સાફ સુથરી અને ધબ્બા વગરની હોય અને સાંવલી હોય તો પણ ખૂબસુરત હોય છે. તેમ છતાં જેવી ચામડી છે, તેને આરોગ્યપ્રદ અને ચમકતી રાખી શકાય તે માટે તબીબોએ જણાવ્યું કે, ત્વચાને શક્ય હોય ત્યાં સુધી ગરમીમાં સૂર્યપ્રકાશ સામે રક્ષણ આપવું જોઈએ. આંખ નીચે કાળા દાગ ના પડે એ માટે ગોગલ્સ પહેરવા, ઠંડીમાં પણ વધુ તડકામાં બેસવું નહીં. ચામડીને ગ્લો આપવા સફાઈ ખૂબ જરૂર છે. પ્રદૂષણ અને વાતાવરણને કારણે કચરો ઉપરાંત બેક્ટેરિયા અને ફંગસ ચામડીને નુકસાન કરે છે. જો નિયમિત સફાઈ થાય તો ચામડીના અનેક રોગથી બચી શકાય છે, એમસીની રેસિ.ડૉ.દિપાલી વાડુકુલ અને ઐશ્વર્યા રામાણીએ જણાવ્યું હતું.

ચામડીના રક્ષણ માટે જરૂર પડે મોસ્ચરાઈઝડનો ઉપયોગ કરી શકાય જે કુદરતી હોય તો વધુ ફાયદારૂપ બને છે. વર્તમાન સમયમાં સમજ્યા વિના ઘણા સ્ટીરોઈડનો ઉપયોગ કરે છે. આવા કોઈપણ પ્રકારનો ઉપયોગ કરતાં પહેલાં તબીબની સલાહ લેવી જરૂરી છે. વર્ષ ૨૦૨૩માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચામડીની કાળજી માટે લોકોમાં જાગૃતિ આવે એ માટે ખાસ થીમ આપી છેવાડાના વિસ્તારો સુધી પહોંચી લોકોને જાગૃત કરવા માટે ભાર મૂક્યો છે.

## વીજ બીલ શૂન્ય લાવવા માંડવી નગરપાલિકા સૌર પ્લાન્ટ સ્થાપશે

માંડવી પાલિકા શહેરીજનોને પાણી વિતરણ કરવા માટે મહિને ૧.૮૦ લાખનો તોતિંગ વીજ બીલ ભરે છે. તે વીજ

બીલથી રાહત થાય તે માટે જીયુડીસીના ફંડમાંથી ૯૯ કિલો વોટના સોલાર પ્લાન્ટ તૈયાર કરવાની યોજના છે. જેના ટેન્ડરીંગ બાદ હવે કામગીરી શરૂ થવાની તૈયારીઓ છે. સોલાર પ્લાન્ટ લાગવાથી પાણી પુરવઠા વિભાગના વીજ બીલ શૂન્ય આવવાની ગણતરી છે.

શહેરના કલ્યાણવાડી વિસ્તારમાં નર્મદા સંપ ખાતેથી દૈનિક પાણી વિતરણ કરવામાં આવે છે. જેનું પાલિકાને સરેરાશ ૧.૮૦ લાખનો વીજ બીલ ભરવાનો થાય છે. હવે સોલાર પ્લાન્ટ સ્થાપવાથી અહીં ૬૦૦ યુનિટ વીજળી ઉત્પન્ન કરવામાં આવશે. જીયુડીસી દ્વારા માંડવી, ગાંધીધામ અને ભુજની પાલિકાઓ માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. જે ટેન્ડર ખુલી ગયા છે. થોડા દિવસમાં ઈજારેદાર દ્વારા અહીં સોલાર પ્લાન્ટ બેસાડવાની કામગીરી કરાશે. જે માટે નર્મદા સંપની બાજુમાં એક એકર જમીન પર બાવળની ઝાડીઓ દૂર કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી માસમાં પાલિકાના પાણી પુરવઠા વિભાગ પર અધધ એક કરોડ જેટલી રકમ વીજ બીજ પેટે બાકી રહી ગઈ હતી. તેથી પીજીવીસીએલ દ્વારા વીજ જોડાણ કાપી નાખવામાં આવ્યું હતું. લોકોને પાણીની મુશ્કેલી ન થાય તે માટે પાલિકાના પાણી પુરવઠાના ચેરમેન ગીતાબેન પંકજ રાજગોરે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ૧૨૫ કેવીનો જનરેટલ લગાવી પાણી વિતરણ કરાયું હતું.

## ફાઈનલ એવોર્ડ સમારંભ અમદાવાદની કલબ બેબીલોન ખાતે યોજાયો

ઓટીટીનું માધ્યમ ભારતમાં બહુ લોકપ્રિય થઈ રહ્યું છે, તેવા જ ઓટીટીના માધ્યમથી ગુજરાતમાં ગુજરાતી સિનેમા પ્રિમિયર લીગની સીઝન-૧નું સફળતાપૂર્વક ફાઈનલ એવોર્ડ સમારંભ અમદાવાદના કલબ બેબીલોન ખાતે તાજેતરમાં યોજવામાં આવ્યું. અગાઉ આ લીગમાં ૮ અલગ-અલગ ટીમો જેવી કે, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, જામનગર, મહેસાણા, રાજકોટ અને આપણું કચ્છે ભાગ લીધેલ હતો, આ એક વર્ષના સમયગાળામાં ટોટલ ૨૦ શોર્ટ મૂવીઝ અલગ-અલગ ટીમો દ્વારા બનાવવામાં આવી હતી.

કચ્છની રિશી મહેતા ફિલ્મએ આ લીગમાં ૩ હિટ ફિલ્મો મનુ દાબેલી, દેવાંગી અને ધબકાર બનાવી સેમિ-ફાઈનલ સુધી કચ્છને ધબકતું રાખ્યું હતું. કચ્છને અલગ-અલગ કેટેગરીમાં ટોટલ ૫ એવોર્ડસ મળ્યા હતા, જેવા કે, (૧) બેસ્ટ ડી.ઓ.પી. (ડાયરેક્ટર ઓફ ફોટોગ્રાફી) - રિશિ મહેતાને, (૨) બેસ્ટ ચાઈલ્ડ આર્ટીસ્ટનું એવોર્ડ - સ્વરા માહેશ્વરીને, (૩) બેસ્ટ મ્યુઝીક - ધ્રુવ સોનીને, (૪) બેસ્ટ કોસ્ટયુમ - ફિલ્મ ધબકારને તેમજ (૫) બેસ્ટ ટીમનું એવોર્ડ કિંગ્સ ઓફ કચ્છ - રિશિ મહેતા ફિલ્મને મળેલ. આ કાર્યક્રમને સફળ બનાવવાનો સંપૂર્ણ શ્રેય મૂળ કચ્છના ગુજરાતી સિનેમા પ્રિમિયર લીગના આયોજક વિપુલ જાંબુચા અને તેમના પત્ની તૃપ્તિબેન જાંબુચાને જાય છે.

ગુજરાતના સુપર સ્ટાર હિતેન કુમારે એવોર્ડ આપતા જણાવ્યું હતું કે કચ્છમાં અનેક પ્રકારની ફિલ્મોના શુટિંગ થઈ ગયા છે અને બહારના મેકર્સ કચ્છમાં આવી પોતાની ફિલ્મો બનાવતા હોય છે પણ તે કચ્છના જ લોકો આવી રીતે પોતાની ફિલ્મોને ગુજરાતભરમાં પહોંચાડી એ બહુ જ આનંદની વાત છે અને એક મેન્ટોર તરીકે હંમેશા માર્ગદર્શન અને મદદરૂપ થવા જણાવ્યું હતું.

કિંગ્સ ઓફ કચ્છના રિશિ મહેતા અને કલ્પના મહેતાએ જણાવ્યું હતું કે માતા-પિતા અને પરિવારના આશીર્વાદ તેમજ સહયોગના લીધે સીઝન-૧ સફળતાપૂર્વક પૂર્ણ કરી અને હવે આવનારી સીઝન-૨માં પણ બમણાં જોશ અને ઉમંગ સાથે આવશું તેમજ રિશિ મહેતા ફિલ્મસના તમામ કલાકારો અને કચ્છના લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો જેમના થકી જ આ શક્ય બન્યું છે, તેમજ ખાસ કરીને વિપુલભાઈ જાંબુચા અને તૃપ્તિબેન જાંબુચાનો આભાર વ્યક્ત કર્યો હતો કે જેમણે આ સફર દરમ્યાન હરહંમેશ માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

## છસરા ગામે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

તા.૨-૪-૨૩ રવિવારના મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજુબાજુના ગામ મોખા, વોવાર, બગડા, વડાલા, કુંદરોડી, ચાંદરોડા અને ભુજપુર, ટુંડા વગેરે ગામના લોકોએ લાભ લીધો હતો.

તા.૯-૩-૨૦૨૩થી ડૉક્ટર કલ્પેશભાઈએ દવાખાનાનો ચાર્જ સંભાળ્યો. તા.૮-૪-૨૦૨૩ સુધી છેલ્લા ૨૭ દિવસમાં ૩૨૪ દર્દીઓએ દવા લીધી. ૨૨ દર્દીને બોટલ ચડાવવામાં આવી, ૩ ઈસીજી કાઢવામાં આવ્યા. મોડી રાતના ૨૬ દર્દીને સારવાર આપવામાં આવી, ૭ વીઝીટ કરવામાં આવી, ૧ દર્દીને ટાંકા આપવામાં આવ્યા, ૭ દર્દીને TENS મશીનથી સારવાર કરવામાં આવી, ૧ દર્દીને ૧ દિવસ માટે એડમીટ કરવામાં આવેલ, ૩૫ દર્દીઓનું ડાયાબીટીસ ચેકીંગ કરવામાં આવ્યું અને ૪૦ દર્દી એવા હતા જેમના પ્રેશર ચેક કર્યા, જેમની પાસે પોતાના ઈન્જેક્શન હતા તેમને તે આપવામાં આવ્યા, જે પહેલા કોઈ દવાઓ ખાતા હતા તેમને તે બદલ સલાહ આપવામાં આવી હતી. આ ૪૦ દર્દીની ગણતરી ઉપરના ૩૨૪માં કરવામાં નથી આવી.

જયવંતીબેન-પ્રવિણભાઈ ગાલા ચેરીટેબલ ટ્રસ્ટ સાર્વજનિક ચિકિત્સા મંદિરના નિભાવ ફંડમાં દાન આપનાર વિશાળ હૃદય દાતાઓનો ખૂબ ખૂબ આભાર, ધન્યવાદ.

❁

since 1975

**MANSI textiles**

*Specialise in :*
Fabric for girl's dresses, infant wear, women's night wear and men's shirting

101, Humar Fun'n'shop, 1st Floor, Old Hindmata Theatre, Dr Ambedkar Rd , Dadar East , Mumbai 400014

TEL : 02224114329 / 02224136151
Harakhchand Gangar : 9820032030
Kirti (Ravi) Gangar : 9967768833

**MILAN textiles**

*Specialise in :*
Exclusive Fancy shirting Fabric

21, Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224112352 , 02224113032
Nemchand Gangar : 9821097336

**APNA textiles**

*Specialise in :*
Fancy shirting Fabric

22 , Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224120734
Vinod Gangar : 9321162013
Hasmukh Gada : 9320031226

**Sankalp SYNTHETICS**

*Specialise in :*
Exclusive shirting Fabric

37, Hesharbaug , Dr. B. J Devrukhkar Marg, Opposite Progressive Co-op Bank, Hindmata, Dadar East, Mumbai 400014

TEL: 02224131661
Shivji Shah : 9820001312 | Sailesh Shah : 9821016559
Mayur Shah : 9820790587

**MAYKA Lifestyle**

*Specialise in :*
Casual wear Fabrics for men and women

37/38 , Hewal Industrial Estate, Ground Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai 400013

TEL : 02249556666
Amit Gangar : 9819901234 | Hardik Gangar : 9819577677
Mayank Gangar : 9820550015

**MAYKA SYNTEX**

*Specialise in :*
100% Cotton shirting garment fabric supplier, smart formals and clubwear shirting fabric

52, Hewal Industrial Estate, Ground Flr, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013

TEL : 02262495555
Jayanti Gangar : 9224500000 | Samay Gangar : 9819032325
Nirav Gangar : 9773296976 | Nilesh Shah : 9820790572

*With best compliments*

માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પરિવાર - ચુનડી

*With Best Compliments*

Summer Line


MEN'S COTTON CASUAL SHIRTS

U&Y

BOY'S COTTON CASUAL SHIRTS.

# Rachit Creations

304, Pragati Industrial Estate, N. M. Joshi Marg,
Mumbai-400 011. [INDIA]
**Phone : 022-40786200 Fax : 23011113**
**E-mail : summerline@vsnl.net**


Anchor
Toothpaste
The Economic Times
BEST BRANDS 2019
2ND EDITION
INDIA'S BEST BRAND
Awarded and accepted by The Economic Times
(The Times Group) for 2019
100% Vegetarian
Vegetarian Society
LONDON, UK
Approved
4 અઠવાડિયામાં કૅવિટીઝ રોકવામાં સહાય કરે છે*!!
NEW!
Anchor
TOOTHPASTE WITH
HAP^
અન્ય ટૂથપેસ્ટથી તદ્દન અલગ
NEW
Anchor
ADVANCED
CAVITY PROTECTION
WITH HAP
હેપ^ એટલે શું?
હેપ, અથવા હાયડ્રોક્સીએપાટાઇટ વધુ જાણીતું કેલ્શિયમ છે અને કુદરતી રીતે ઉદ્ભવતા કિંમતી ખનિજનું સ્વરૂપ છે.
પોલાણ (કેવિટીઝ) કઈ રીતે તૈયાર થાય છે?
આપણી ખાવાની આદતોથી કે વટીઝ તૈયાર થાય છે. એમની માઇક્રોસ્કોપિક રીતે એટલે કે તમારા દાંતના એનામલ પર અતિશય નાનાં છિદ્રોના રૂપમાં શરૂઆત થાય છે. અને જો સારવાર કરવામાં ન આવે તો, એ છિદ્રો મોટાં થાય છે અને આખા દાંતમાં સડો થાય છે.
હેપના ફાયદા કયા છે?
હેપ ધરાવતી ટૂથપેસ્ટનો ઉપયોગ કરવાથી કેવિટીના સમયપૂર્વેના સ્વરૂપોને ઘટાડવામાં સહાય થાય છે જેનાથી સમગ્ર મોઢાની (ઓરલ) બહેતર સ્વાસ્થ્યપ્રદતા રહે છે. આ દાંતના એનામલની ઉપલી સપાટી તથા નીચલી સપાટીમાંની માઇક્રોસ્કોપિક ખામીઓને ઠીક (રિપૅર) કરે છે, એનામલની એની મૂળ ખનિજ ઘનતામાં જાળવણી કરે છે અને દાંતોના સડાની શરૂઆત, પ્રારંભિક સડાને ઠીક કરે છે. આ જાળવણીથી એનામલ એના મૂળ ગુણધર્મો ફરીથી પ્રાપ્ત કરે છે. એચએપી આધારિત ટૂથપેસ્ટમાં રહેલી ભરવાની અસર (ફિલિંગ એક્શન) એ સંવેદનશીલતાની સામે તમારું શ્રેષ્ઠ દીર્ઘકાલીન સંરક્ષણ છે. કુદરતી રીતે પ્લાક દૂર કરવામાં અને દાંતને કુદરતી રીતે સફેદ કરવામાં આ ફાયદાકારક છે. તમે હેપ વિશે www.anchorglobal.net પર વાંચી શકો છો.
ટોક્યો મેડિકલ ઍન્ડ ડેન્ટલ યુનિવર્સિટી અને જિફુ ડેન્ટલ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ સંયુક્ત અભ્યાસ બતાવે છે, જે બાળકો નૉન- હાયડ્રોક્સીએપાટાઇટ નિયંત્રણની સરખામણીમાં હાયડ્રોક્સીએપાટાઇટ આધારિત ટૂથપેસ્ટથી એમના દાંત દરરોજ બ્રશ કરે છે એવાં બાળકોમાં નવા સડામાં મહત્ત્વપૂર્ણ ઘટાડો દર્શાવે છે.
આ ટૂથપેસ્ટ માત્ર કેવિટીને નથી અટકાવતી પરંતુ સમગ્ર દાંતની સ્વાસ્થ્યપ્રદતા માટેની શ્રેષ્ઠ ટૂથપેસ્ટમાંથી એક છે
Clinically tested at Universta' Degli Studi Di Pavia, Italy
and at Dr. D. Y. Patil Dental College & Hospital, Pune.
* 4 અઠવાડિયાં સુધી દિવસમાં બે વાર બ્રશ કરવા પર, યુનિવર્સિટા ડેગલી સ્ટડી ડી પાવિઆ, ઈટાલી અને ડૉ. ડી.વાય. પાટીલ ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલ, પૂણે દ્વારા આયોજિત ક્લિનિકલ પરીક્ષણના આધાર પર. ** એન્કર દ્વારા કરવામાં આવેલા ક્લિનિકલ ટેસ્ટ મુજબ, Anchor Advanced Cavity Protection with HAP નો સેન્સિટિવિટી ઓછી કરવા પર નિર્ણયાત્મક પ્રભાવ હતો જે રિમિનરલાઈઝેશન પ્રક્રિયાના સીધેસીધા પરિણમ હતો. ^ HAP કેલ્શિયમ હાયડ્રોક્સીએપેટાઇટના સંદર્ભમાં છે.
વધુ જાણવા, મુલાકાત લો www.anchorhap.com
RECOMMENDED BY DENTISTS
Hydroxyapatite Calcium
HAP
ટૂથપેસ્ટ આ રીતે કામ કરે છે
HAP ટૂથપેસ્ટનો ઉપયોગ ન કરતા પહેલાં
ખાવા–પીવાની આદતને લીધે સૂક્ષ્મ છીદ્રો તૈયાર થાય છે.
આ છીદ્રોની સારવાર કરવામાં ન આવે તો કૅવિટીઝ થઈ શકે છે.
HAP ટૂથપેસ્ટનો ઉપયોગ કર્યા પછી
HAP સૂક્ષ્મ માઇક્રોસ્કોપિક છીદ્રોને પૂરી દે છે.
સંરક્ષાત્મક આવરણ તૈયાર કરી કૅવિટીઝ રોકવામાં મદદ કરે છે.
Anchor
કરોડો લોકોનો અતૂટ વિશ્વાસ
ORAL HEALTH FOUNDATION
APPROVED UK
Internationally recognised Oral Health Foundation, London UK has approved & accepted Anchor Toothpaste as a useful aid for good dental health care

Kutch Rachana : Registered under Postel Regd No. AHD-C/104/ 2020 - 2023 Valid upto 31st December - 2023
Published on 5th Every Month Posting at Ahmedabad P.S.O. 5th of Every Month Dt. 5-5-2023 R.N.I. No. GUJGUJ / 2019 / 78536




માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક : ભવાનજી રામજી ગાલા, મુદ્રણ પ્રકાશન સ્થળ : રચના પ્રિન્ટર્સ
૩૩૨, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન :૨૫૫૦૪૪૮૧